અને જાણી લો કે જે કંઈ ગનીમત તમે મેળવો[1] તો તેનો પાંચમો ભાગ ખાસ અલ્લાહ અને રસૂલ અને સગાઓ અને યતીમો અને મોહતાજો અને મુસાફરોનો છે,[2] જો તમે ઈમાન લાવ્યા હોય અલ્લાહ પર અને તેના પર જે અમે અમારા બન્દા પર ફેંસલાના દિવસે ઉતાર્યું. જે દિવસે બન્ને સૈન્યો અથડાયાં હતાં.[3] અને અલ્લાહ સર્વ કાંઇ કરી શકે છે (૪૧) જ્યારે તમે નાળાના આ છેડે હતા[4] અને કાફિરો પેલા છેડે, અને કાફલો[5] તમારામાંથી નીચાણમાં.[6] અને (આવા સમયે) જો તમે અંદર અંદર કોઈ વચન આપ્યું હોત તો અવશ્ય સમયસર પહોંચત નહિ.[7] પરંતુ આ એટલા માટે કે અલ્લાહ જે કામ થવાનું છે તેને પૂર્ણ કરે ,[8] કે જે નાશ પામે તે દલીલથી નાશ પામે અને જે જીવે તે દલીલથી જીવે[9] અને બેશક! અલ્લાહ અવશ્ય સાંભળે જાણે છે (૪૨) જ્યારે કે અય મહબૂબ! સ્વપ્નમાં અલ્લાહ તમને કાફિરો થોડા દેખાડતો હતો.[10] અને અય મુસલમાનો! જો તે તમને વધારે દેખાડત તો



الجزء ١٠
وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَيْءٍ فَاَنَّ لِلّٰهِ
خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى
وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ اِنْ كُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ
وَمَآ اَنْزَلْنَا عَلٰى عَبْدِنَا يَوْمَ الْفُرْقَانِ يَوْمَ الْتَقَى
الْجَمْعٰنِ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٤١﴾ اِذْ اَنْتُمْ
منزل ٢
بِالْعُدْوَةِ الدُّنْيَا وَهُمْ بِالْعُدْوَةِ الْقُصْوٰى
وَالرَّكْبُ اَسْفَلَ مِنْكُمْ وَلَوْ تَوَاعَدْتُّمْ لَاخْتَلَفْتُمْ فِي
الْمِيْعٰدِ وَلٰكِنْ لِّيَقْضِيَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا
لِّيَهْلِكَ مَنْ هَلَكَ عَنْۢ بَيِّنَةٍ وَّيَحْيٰى مَنْ حَيَّ عَنْۢ
بَيِّنَةٍ وَاِنَّ اللّٰهَ لَسَمِيْعٌ عَلِيْمٌ ﴿٤٢﴾ اِذْ يُرِيْكَهُمُ اللّٰهُ
فِيْ مَنَامِكَ قَلِيْلًا وَلَوْ اَرٰىكَهُمْ كَثِيْرًا لَّفَشِلْتُمْ

૧. થોડી હોય કે વધારે. "ગનીમત" તે માલ (અથવા દોલત) ને કહેવાય છે જે કાફિરો સાથેના યુદ્ધમાં વિજયી થતાં મુસલમાનોને મળે.

**મસઅલો** :- ગનીમતના પાંચ ભાગ થશે, તેમાંથી ચાર ભાગ ગનીમત મેળવનારાઓનાં.

૨. ગનીમતનો પાંચમો ભાગ ફરી પાછો પાંચ ભાગે વહેંચાશે, તેમાંનો પાંચમો ભાગ જે કુલ માલનો પચીસમો ભાગ થયો, તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે છે, અને એક ભાગ આપના સગાં સંબંધીઓ માટે. અને ત્રણ ભાગ યતીમો મિસ્કીનો અને મુસાફિરો માટે.

**મસઅલો** :- હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પછી આપનો અને આપના સગાં સંબંધીઓનો ભાગ પણ યતીમો, મિસ્કીનો અને મુસાફિરોના ફાળે જશે. અને એ પાંચમો ભાગ એ ત્રણ જાતના લોકોમાં જ વહેંચાઈ જશે. ઈમામ આઝમ અબૂહનીફા રદીયલ્લાહુ અન્હૂએ એવું જ ફરમાવ્યું છે.

૩. તે દિવસ એટલે બદ્રનો દિવસ. અને બન્ને સૈન્યો એટલે મુસલમાનો અને કાફિરોનાં સૈન્ય. આ સત્તરમીએ કે ઓગણીસમી રમઝાને બન્યો. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના અસ્હાબની સંખ્યા ત્રણસો દશથી થોડી વધારે હતી, અને મુશ્રિકો હજાર લગભગ હતા, છતાં અલ્લાહે તેમને પરાજય આપ્યો, અને તેમનામાંથી સિત્તેરથી વધારે માર્યા ગયા ને એટલા જ કેદ પકડાયા.

૪. જે મદીના શરીફ તરફ છે.

૫. કુરેશનો, જેમાં અબૂસુફિયાન વિગેરે હતા.

૬. ત્રણ માઈલના અંતરે દરિયા કાંઠા તરફ.

જરૂર તમે નામર્દાઈ કરત અને વિષયમાં ઝગડો ઉત્પન્ન કરત.[૧૧] પરંતુ અલ્લાહે બચાવી લીધા.[૧૨] બેશક! તે હદ-યોની વાત જાણે છે (૪૩) અને જ્યારે લડતી વખતે[૧૩] તમને કાફિરો થોડા દેખાયા,[૧૪] અને તમને તેમની દ્રષ્ટિમાં થોડા કર્યા,[૧૫] જેથી જે કામ થવાનું છે તે અલ્લાહ પુરૂં કરે.[૧૬] અને બધા કામોનું કેન્દ્ર અલ્લાહ તરફ છે (૪૪) અય ઈમાનવાળાઓ! જ્યારે કોઈ સૈન્ય સાથે તમારો સામનો થાય ત્યારે અડગ રહો અને અલ્લાહની યાદ ખૂબ કરો,[૧૭] જેથી તમે ધારેલા સ્થાને પહોંચો (૪૫) અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને અંદર અંદર ઝગડો નહિ, નહિ તો ફરી બાયલાપણું કરશો અને તમારી બંધા-એલી હવા જતી રહેશે.[૧૮] અને સબર કરો બેશક! અલ્લાહ સબરવાળાઓની સાથે છે[૧૯] (૪૬) અને તેમની જેવા ન થશો જેઓ ઘેરથી ઈતરાઈને નીકળ્યા અને લોકોને દેખાડવા માટે અને અલ્લાહના માર્ગથી રોકતા.[૨૦] અને તેમના સર્વ કામ અલ્લાહના કાબૂમાં છે (૪૭)

الانفال ٨ واعلموآ ١٠

وَلَتَنَازَعْتُمْ فِي الْأَمْرِ وَلَٰكِنَّ اللّٰهَ سَلَّمَ ۗ إِنَّهُ
عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٤٣﴾ وَإِذْ يُرِيكُمُوهُمْ إِذِ
الْتَقَيْتُمْ فِي أَعْيُنِكُمْ قَلِيلًا وَيُقَلِّلُكُمْ فِي أَعْيُنِهِمْ
لِيَقْضِيَ اللّٰهُ أَمْرًا كَانَ مَفْعُولًا ۗ وَإِلَى اللّٰهِ تُرْجَعُ
الْأُمُورُ ﴿٤٤﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا لَقِيتُمْ فِئَةً ع
فَاثْبُتُوا وَاذْكُرُوا اللّٰهَ كَثِيرًا لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٤٥﴾ منزل ٢
وَأَطِيعُوا اللّٰهَ وَرَسُولَهُ وَلَا تَنَازَعُوا فَتَفْشَلُوا
وَتَذْهَبَ رِيحُكُمْ ۖ وَاصْبِرُوا ۚ إِنَّ اللّٰهَ مَعَ
الصَّابِرِينَ ﴿٤٦﴾ وَلَا تَكُونُوا كَالَّذِينَ خَرَجُوا مِنْ
دِيَارِهِمْ بَطَرًا وَرِئَاءَ النَّاسِ وَيَصُدُّونَ
عَنْ سَبِيلِ اللّٰهِ ۚ وَاللّٰهُ بِمَا يَعْمَلُونَ مُحِيطٌ ﴿٤٧﴾

૭. અર્થાત તમે અને તેઓ અંદર અંદર જો લડાઈનો સમય નક્કી કરત, પછી તમને તમારી અલ્પ સંખ્યા અને નિશસ્ત્ર તથા તેમની બહુસંખ્યા અને વિપુલ શસ્ત્ર ભંડારની જાણ થાત તો અવશ્ય તમે બીક અને ચિંતાના કારણે ઠરાવેલા સમયમાં મતભેદ કરત.

૮. અર્થાત ઈસ્લામ અને મુસ્લિમોની મદદ અને દીનનું બહુમાન તેમજ દીનના દુશ્મનોનો નાશ, એટલા માટે તેણે તમને ચોક્કસ સમય વગર જ ભેગા કરી દીધા.

૯. અર્થાત સ્પષ્ટ સાબિતી અને બોધ નજરે જોઈ લીધા પછી. મોહમ્મદ બિન ઈસ્હાકનું કથન છે કે નાશ એટલે કુફ્ર અને જીવન એટલે ઈમાન અર્થ એ છે કે કોઈ કાફિર થાય તેણે પ્રથમ સાબિતી આપવી જોઈએ એવી જ રીતે જે ઈમાન લાવે તેણે વિશ્વાસ સાથે ઈમાન લાવવું જોઈએ, અને દલીલ તેમજ સાબિતીથી એ જાણી લે કે આ સત્ય ધર્મ છે. અને બદ્રનો મામલો તો સ્પષ્ટ નિશાનીઓમાંનો છે. એ પછી પણ જે કુફ્ર કરે તે મક્કરબાજ છે, પોતાના જીવ સાથે છેતરપીંડી કરે છે.

૧૦. આ અલ્લાહ તઆલાની મહેરબાની હતી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કાફિરોની સંખ્યા થોડી દેખાડવામાં આવી, અને આપે એ પોતાનું સ્વપ્ન અસ્હાબને કહ્યું, એથી તેમની હિમ્મત વધી અને પોતાની કમશક્તિ અને નિર્બળતાની બીક ન રહી, અને તેમને દુશ્મનો પર (ત્રાટકવાની) હિમ્મત જન્મી, અને હૃદયો મજબૂત બન્યાં.

અમ્બિયાના સ્વપ્ન સાચા હોય છે. આપને (સ્વપ્નમાં) કાફિરો દેખાડવામાં આવ્યા હતા. અને એવા કાફિરો જે દુનિયામાંથી ઈમાન વગર વિદાય લેવાના હતા અને તેમનો ખાતમો કુફ્ર પર જ થવાનો હતો તે

وَاِذْ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ وَقَالَ لَا
غَالِبَ لَكُمُ الْيَوْمَ مِنَ النَّاسِ وَاِنِّيْ جَارٌ لَّكُمْ ۚ
فَلَمَّا تَرَآءَتِ الْفِئَتٰنِ نَكَصَ عَلٰى عَقِبَيْهِ وَقَالَ
اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكُمْ اِنِّيْٓ اَرٰى مَا لَا تَرَوْنَ اِنِّيْٓ
اَخَافُ اللّٰهَ ۭ وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ﴿٤٨﴾ اِذْ يَقُوْلُ
الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ غَرَّ هٰٓؤُلَآءِ
دِيْنُهُمْ ۭ وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَاِنَّ اللّٰهَ عَزِيْزٌ
حَكِيْمٌ ﴿٤٩﴾ وَلَوْ تَرٰٓى اِذْ يَتَوَفَّى الَّذِيْنَ كَفَرُوا ۙ
الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ۚ
وَذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿٥٠﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتْ
اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿٥١﴾

منزل ٢

અને જ્યારે કે શયતાને તેમનાં કામ તેમની દ્રષ્ટિમાં રૂપાળાં કરી દેખાડયાં.[૨૧] અને બોલ્યો; આજ તમારા પર કોઈ વિજયી થનાર નથી, અને તમે મારી શરણગતીમાં છો. તો જ્યારે બન્ને સૈન્યો સામસામાં થયાં (ત્યારે તે) અવળા પગે ભાગ્યો, અને બોલ્યો; 'હું તમારાથી જુદો છું,[૨૨] હું તે જોઉં છું જે તમને દેખાતું નથી.[૨૩] હું અલ્લાહથી ડરૂં છું.[૨૪] અને અલ્લાહનો અઝાબ સખ્ત છે (૪૮) જ્યારે મુનાફિક કહેતા હતા[૨૫] અને તેઓ (પણ) કે જેમના દિલોમાં મેલ છે;[૨૬] 'કે આ મુસલમાનો પોતાના ધર્મ પર ગર્વિષ્ઠ છે,[૨૭] અને જે અલ્લાહ પર વિશ્વાસ રાખે[૨૮] તો બેશક! અલ્લાહ[૨૯] ચઢિયાતો હિકમતવાળો છે (૪૯) અને કદી તુ જુએ, જ્યારે ફરિશ્તા કાફિરોના પ્રાણ હરી રહયા છે, અને તેમના મોઢાંઓ પર પ્રહાર કરી રહયા છે અને તેમની પીઠ પર.[૩૦] અને (હવે) આગનો અઝાબ ચાખો (૫૦) આ[૩૧] તેનો બદલો છે જે તમારા હાથોએ આગળ મોકલ્યું[૩૨] અને અલ્લાહ જુલ્મ નથી કરતો[૩૩] બન્દાઓ પર (૫૧)

(ખરેખર જ) થોડા હતા. કારણ કે જે લશ્કર સામે આવ્યું હતું તેમાં મોટી સંખ્યામાં તે લોકો હતા જેમને પોતાના જીવન દરમ્યાન ઈમાન નસીબ થયું. અને સ્વપ્નની અલ્પ સંખ્યાની તાબીર (તેમની) નિર્બળતા છે. જેમકે અલ્લાહ તઆલાએ મુસલમાનોને વિજયી બનાવીને કાફિરોની નિર્બળતા છતી કરી દીધી.

૧૧. જામી જવું કે ભાગી જવું એ નક્કી કરી શકત નહીં.

૧૨. તમને, નામર્દાઈ અનિર્ણયતા અને અંદર અંદરના કુસંપથી.

૧૩. અય મુસલમાનો

૧૪. હઝરત ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ કહ્યું; તેઓ અમારી દ્રષ્ટિમાં એટલા થોડા દેખાયા કે મેં મારા સાથીદારને કહ્યું કે શું તમારા ધારવા મુજબ કાફિરો સિત્તેર હશે. તેણે કહ્યું; હું એક સો ધારૂં છું અને હતા એક હજાર.

૧૫. એટલે સુધી કે અબૂ જહલ બોલ્યો; એમને દોરડાંઓ વડે બાંધી લો જાણે કે તે મુસલમાનોની ટોળીને એટલી નાની ધારતો હતો કે મૂકાબલો કરવા અને યુદ્ધ પાંસા અજમાવવા લાયક પણ ગણતો ન હતો. અને મુશ્રિકોને મુસલમાનોની સંખ્યા થોડી દેખાડવામાં રહસ્ય એ હતું કે તેઓ સામના માટે જામી જાય ભાગી ન છુટે. અને આ વાત યુદ્ધની શરૂઆતમાં હતી. મૂકાબલો શરૂ થયા પછી તો તેમને મુસલમાનો વિપુલ પ્રમાણમાં દેખાવા લાગ્યા.

૧૬. અર્થાત ઈસ્લામનો વિજય અને મુસલમાનોની સહાય અને શિર્કનું ખંડન અને મુશ્રિકોનું અપમાન અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના મો'જિઝાનું વિજ્ઞાપન કે જે ફરમાવ્યું હતું તે થયું. એટલે

કે જુજ માણસો બ્હોળા સૈન્ય પર વિજયી થયા.

૧૭. તેની મદદ માંગો અને કાફિરો પર જીત મેળવવાની દુઆ માંગો.

**મસઅલો** :- આથી સાબિત થયું કે પોતાના હૃદય અને જીભને દરેક પરિસ્થિતિમાં અલ્લાહની યાદમાં મગ્ન રાખવાં જોઈએ, અને ગમે તેવી સખ્તાઈ અને પરેશાની વખતે પણ તેનાથી ગાફિલ રહેવું જોઈએ નહિ.

૧૮. આ આયતથી જણાયું કે અંદર અંદરના ઝગડાઓ નિર્બળતા અશક્તિ અને હલકાઈના કારણ બને છે. અને એ પણ જણાયું કે અંદર અંદરના ઝગડાઓથી બચવાની યુકિત કરવી તે અલ્લાહ અને રસૂલની ફરમાંબરદારી અને દીનના પંથે ચાલવા સમાન છે.

૧૯. તેમનો મદદગાર અને સહાયક છે.

૨૦. **શાને નુઝૂલ** :- આ આયત કુરેશના કાફિરો વિષે ઉતરી જેઓ ખૂબ અક્કડ બનીને ઘમંડ કરતા કરતા બદ્રમાં આવ્યા હતાં. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે દુઆ કરી; 'અય પરવરદિગાર! આ કુરેશ આવી ગયા. ઘમંડ અને ગર્વમાં મસ્ત અને લડાઈ માટે તૈયાર. તારા રસૂલને જૂઠાડે છે. અય પરવરદિગાર! હવે તે સહાય અને મદદ મળવી જોઈએ જેનું તેં વચન આપ્યું હતું'

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે; જ્યારે અબૂ સુફિયાને નિહાળ્યું કે હવે કાફલાને કોઈ ભય નથી, ત્યારે તેમણે કુરૈશને સંદેશ પાઠવ્યો કે તમે કાફલાની વહારે આવ્યા હતા પણ હવે તેને કોઈ ભય નથી, માટે પરત થઈ જાઓ. ત્યારે અબૂ જહલે કહ્યું, ખુદાની કસમ ! અમે પરત થઈશું નહીં, ત્યાં સુધી કે આપણે બદ્રમાં ઉતરીશું, ત્રણ દિવસ પડાવ નાખીશું, ઊંટો કાપીશું, ઘણા પકવાન રાંધીશું, દારૂ પીશું, દાસીઓનું ગાયન વાજિંત્ર સાંભળીશું, (જેથી) અરબમાં આપણી ખ્યાતિ થાય અને આપણી ધાક હમેશાં બાકી રહે.

પણ ખુદાને કંઈક બીજું જ મંજૂર હતું જ્યારે તેઓ બદ્રમાં ગયા ત્યારે તેમને શરાબના જામના બદલે મૃત્યુનો પ્યાલો પીવો પડયો, અને દાસીઓના ગાન તાનના બદલે રૂદન કરનારીઓએ તેમના માટે રૂદન કર્યું. અલ્લાહ તઆલા મો'મિનોને ઉદ્દેશે છે કે આ બનાવથી બોધ ગ્રહણ કરો. અને સમજી લો કે ગર્વ ઘમંડ અને રિયાનું પરિણામ ખરાબ હોય છે. બન્દાએ નિખાલસથી અલ્લાહ અને રસૂલનું આજ્ઞાંકિત બનવું જોઈએ.

૨૧. અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની દુશ્મની અને મુસલમાનોના વિરોધમાં તેમણે જે કંઈ કર્યું તે બાબત તેમનાં વખાણ કર્યાં. અને તેમને દુષ્કૃત્યો કર્યે જવાનો શોખ આપ્યો. અને જ્યારે કુરેશીઓએ બદ્રમાં જવા માટે એકમતી સાધી ત્યારે તેમને યાદ આવ્યું કે તેમના અને બની બક્રના કબીલાની વચ્ચે શત્રુતા છે. શક્ય હતું કે તેઓ એનું વિચાર કરીને પરત જવાનો ખ્યાલ કરતા. પણ શયતાનને એ સ્વીકાર્ય ન હતું. માટે તેણે એવી જાળ રચી કે પોતે સુરાકા બિન મલિક બિન જહશમ એટલે કે બની કનાનાના આગેવાનના રૂપમાં જાહેર થયો, અને એક સૈન્ય તથા એક ઝંડો લઈને મુશ્રિકોમાં આવી ભળ્યો. અને તેમને કહેવા માંડયો કે આજે હું તમારો જવાબદાર છું. તમને કોઈ જીતી શકશે નહિ. જ્યારે મુસલમાનોનું અને કાફિરોનું એમ બન્ને સૈન્યો સામસામાં થયા, અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે એક મુઠ્ઠી માટી મુશ્રિકોના મોઢા તરફ ફેંકી, ત્યારે તેઓ પુઠ ફેરવીને નાસ્યા. અને હઝરત જિબ્રઈલ ઈબ્લીસ લઈન તરફ આગળ વધ્યા, જે સુરાકાના રૂપમાં હારિસ બિન હિશામનો હાથ પકડીને ઉભો હતો. તે હાથ છોડીને પોતાના ટોળા સાથે ત્યાંથી ભાગ્યો. હારિસ બુમો પાડતો રહ્યો; સુરાકા! સુરાકા! તમે તો અમારા જવાબદાર બન્યા હતા, હવે કયાં ભાગો છો? બોલ્યો; મને તે દેખાય છે જે તમને દેખાતું નથી.

كدأب آل فرعون والذين من قبلهم كفروا
بآيات الله فأخذهم الله بذنوبهم إن الله
قوي شديد العقاب ۝ ذلك بأن الله لم يك
مغيرا نعمة أنعمها على قوم حتى يغيروا ما
بأنفسهم وأن الله سميع عليم ۝ كدأب آل
فرعون والذين من قبلهم كذبوا بآيات
ربهم فأهلكناهم بذنوبهم وأغرقنا آل
فرعون وكل كانوا ظالمين ۝ إن شر
الدواب عند الله الذين كفروا فهم لا
يؤمنون ۝ الذين عاهدت منهم ثم
ينقضون عهدهم في كل مرة وهم لا يتقون ۝

منزل ٢

જેમકે ફિરઔનવાળાઓ અને તેમના આગલાઓની રીત.[૩૪] તેઓ અલ્લાહની આયતોને નકારનાર બન્યા તો અલ્લાહે તેમને તેમના ગુનાહો બદલ પકડયા. બેશક! અલ્લાહ શક્તિશાળી સખ્ત અઝાબવાળો છે (૫૨) આ એટલા માટે કે અલ્લાહે કોઈ કોમને જે ન્યામત આપી હોય તેને બદલતો નથી, જ્યાં સુધી તેઓ પોતે બદલાઈ જાય નહિ.[૩૫] અને બેશક! અલ્લાહ સાંભળે જાણે છે (૫૩) જેમકે ફિરઔનવાળાઓ અને તેમના આગલાઓની રીત. તેમણે પોતાના પરવરદિગારની આયતોને જૂઠાડી. તો અમે તેમનો તેમના ગુનાહોના કારણે નાશ કર્યા. અને અમે ફિરઔ-નવાળાઓને ડૂબાડી દીધા.[૩૬] અને તેઓ બધા જ જુલ્મી હતા (૫૪) બેશક! બધા પ્રાણીઓમાં અલ્લાહ પાસે અતિ ખરાબ તે છે જેમણે કુફ્ર કર્યું અને ઈમાન લાવતા નથી (૫૫) તેઓ જેમની સાથે તમે કરાર કર્યો હતો. પછી દરેક વખતે પોતાનો કરાર ભંગ કરે છે,[૩૭] અને બીતા નથી,[૩૮] (૫૬)

આ આયતમાં એ બનાવનું જ વર્ણન છે.

૨૨. અને જીતની જે જવાબદારી હતી તેનાથી છુટો થાઉં છું. ત્યારે હારિસ બિન હાશીમે કહ્યું કે, અમે તારા ભરોસા પર આવ્યા હતા, તું આવી પરિસ્થિતિમાં અમને વગોવીશ? ત્યારે બોલ્યો;

૨૩. અર્થાત ફરિશ્તાઓનું સૈન્ય.

૨૪. કે તે ક્યાંક મારો નાશ ન કરે. પછી જ્યારે કાફિરોનો પરાજય થયો અને તેઓ મક્કા મૂકર્રમામાં પાછા ફર્યા, ત્યારે તેમણે વાત વહેતી મૂકી કે અમારા પરાજયનું કારણ સુરાકા છે. સુરાકાને આ સમાચાર મળ્યા ત્યારે તેને આશ્ચર્ય થયું, અને બોલ્યો; આ લોકો કેવી વાત કરે છે? મને ન એમના જવાની ખબર ન એમના આવવાની. પરાજય મળ્યા પછી મેં તો જાણ્યું. ત્યારે કુરેશીઓએ પૂછ્યું; તુ ફલાણાં દિવસે અમારી પાસે નથી આવ્યો? ત્યારે તેણે કસમ ખાધી કે એ ખોટું છે. પછી તેમને જાણ થઈ કે તે શયતાન હતો.

૨૫. મદીના શરીફના.

૨૬. આ અમુક લોક મક્કા શરીફના હતા, જેમણે કલ્મો તો ઈસ્લામનો પઢી લીધો હતો, પણ તેમના હૃદયોમાં શંકાકુશંકા હજુ બાકી હતી. જ્યારે કુરેશના કાફિરો સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે યુદ્ધ કરવા નીકળ્યા ત્યારે એ લોકો પણ તેમની સાથે બદ્રમાં આવ્યા ત્યાં જઈને મુસલમાનોને અલ્પ સંખ્યામાં જોયા ત્યારે તેમનો શક ઓર વધ્યો અને મુરતદ બની ગયા, અને બોલ્યા;

૨૭. કે પોતાની આટલી અલ્પ સંખ્યા છતાં આટલા મોટા સૈન્ય સામે થયા. તો અલ્લાહ (તેમના જવાબમાં) ફરમાવે છે;

فَإِمَّا تَثْقَفَنَّهُمْ فِى الْحَرْبِ فَشَرِّدْ بِهِم مَّنْ خَلْفَهُمْ
لَعَلَّهُمْ يَذَّكَّرُونَ ٥٧ وَإِمَّا تَخَافَنَّ مِن قَوْمٍ
خِيَانَةً فَانۢبِذْ إِلَيْهِمْ عَلَىٰ سَوَآءٍ إِنَّ اللَّهَ لَا
يُحِبُّ الْخَآئِنِينَ ٥٨ وَلَا يَحْسَبَنَّ الَّذِينَ كَفَرُوا۟
سَبَقُوٓا۟ إِنَّهُمْ لَا يُعْجِزُونَ ٥٩ وَأَعِدُّوا۟ لَهُم مَّا
اسْتَطَعْتُم مِّن قُوَّةٍ وَمِن رِّبَاطِ الْخَيْلِ تُرْهِبُونَ
بِهِۦ عَدُوَّ اللَّهِ وَعَدُوَّكُمْ وَءَاخَرِينَ مِن دُونِهِمْ
لَا تَعْلَمُونَهُمُ اللَّهُ يَعْلَمُهُمْ وَمَا تُنفِقُوا۟ مِن
شَىْءٍ فِى سَبِيلِ اللَّهِ يُوَفَّ إِلَيْكُمْ وَأَنتُمْ لَا
تُظْلَمُونَ ٦٠ وَإِن جَنَحُوا۟ لِلسَّلْمِ فَاجْنَحْ لَهَا
وَتَوَكَّلْ عَلَى اللَّهِ إِنَّهُۥ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ٦١

ع

منزل ٢

તો જો તમે તેમને ગમે ત્યાં લડાઈમાં પામો તો તેમને એવા કતલ કરો કે આ દ્વારા તેમના પાછલાઓને ભગાડો[39] (૫૭) એ આશાએ કે કદાચ તેઓ બોધ ગ્રહણ કરે.[40] અને જો તમને કોઈ કોમ તરફથી દગાનો ભય હોય[41] તો તેમનો કરાર તેમની તરફ ફેંકી આપો, સમકક્ષ રીતે.[42] બેશક! દગાવાળા અલ્લાહને પસંદ નથી (૫૮) અને કાફિરો કદાપિ એવા ઘમંડમાં રહે નહિ કે તેઓ[43] હાથમાંથી છટકી ગયા. બેશક! તેઓ લાચાર કરી શકતા નથી[44] (૫૯) અને જે તાકાત તમારાથી બની શકે તે તેમના માટે તૈયાર રાખો.[45] અને જેટલા ઘોડાઓ બાંધી શકો (તેટલા બાંધો) કે એનાથી તેમના હૃદયોમાં ધાક બેસાડો જેઓ અલ્લાહના દુશ્મન અને તમારા દુશ્મન છે.[46] અને તેમના સિવાય અમુક બીજાઓના હૃદયોમાં, જેમને તમે જાણતા નથી.[47] અલ્લાહ તેમને જાણે છે. અને અલ્લાહના માર્ગમાં જે કંઈ વાપરશો (તે) તમને પુરેપુરૂં પરત કરવામાં આવશે,[48] અને કોઈ રીતે ખોટમાં રહેશો નહિ (૬૦) અને તેઓ સુલેહ તરફ નમે તો તમે પણ નમો.[49] અને અલ્લાહ પર ભરોસો રાખો. બેશક! તે જ છે સાંભળતો જાણતો (૬૧)

૨૮. અને પોતાનું કાર્ય તેને સુપ્રત કરી દે અને તેની કૃપા તેમજ ઉપકાર પર શ્રદ્ધા રાખે.

૨૯. તેનો રક્ષક અને સહાયક છે.

૩૦. લોખંડની ગદાઓ જે અગ્નિમાં લાલચોળ કરેલી છે. અને તેનાથી જે જખમ થાય છે તેમાં આગ પડે છે અને બળતરા થાય છે. તેના વડે મારીને ફરિશ્તાઓ કહે છે;

૩૧. મુસીબતો અને અઝાબ.

૩૨. અર્થાત તમારી કુફ્ર અને નાફરમાની.

૩૩. કોઈના પર ગુનાહ વગર અઝાબ કરતો નથી. અને કાફિરોને અઝાબ આપવો (એ) ન્યાય (ની રીતે) છે.

૩૪. અર્થાત એ કાફિરોની આદત કુફ્ર અને નાફરમાનીમાં ફિરઔની લોકો અને તેમના આગલાઓ જેવી છે. તો જે રીતે તેઓનો નાશ કરવામાં આવ્યો તે રીતે આ લોકો પણ બદ્રના દિવસે કતલ અને કેદ કરવામાં આવ્યા. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે; જે રીતે ફિરઔનીઓએ હઝરત મૂસા અલયહિસ્સલામની નબુવ્વતને ખાત્રીપૂર્વક પારખી લીધા છતાં તેમને જૂઠાડયા, તે જ હાલત આ લોકોની છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની રિસાલતને ઓળખ્યા જાણ્યા છતા ઈન્કાર કરે છે.

૩૫. અને વધારે ખરાબ હાલતમાં લબદાય ન જાય. જેમકે અલ્લાહ તઆલાએ મક્કાના કાફિરોને રોજી આપીને ભૂખનું દુઃખ દૂર કર્યું. શાંતિ આપીને બીકથી છુટકારો આપ્યો અને તેમની તરફ પોતાના હબીબ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને નબી બનાવીને મોકલ્યા. તો તેમણે આ ન્યામતો બદલ

وَإِنْ يُرِيدُوا أَنْ يَخْدَعُوكَ فَإِنَّ حَسْبَكَ اللَّهُ
هُوَ الَّذِي أَيَّدَكَ بِنَصْرِهِ وَبِالْمُؤْمِنِينَ ﴿٦٢﴾
وَأَلَّفَ بَيْنَ قُلُوبِهِمْ لَوْ أَنْفَقْتَ مَا فِي الْأَرْضِ
جَمِيعًا مَا أَلَّفْتَ بَيْنَ قُلُوبِهِمْ وَلَٰكِنَّ اللَّهَ أَلَّفَ
بَيْنَهُمْ إِنَّهُ عَزِيزٌ حَكِيمٌ ﴿٦٣﴾ يَا أَيُّهَا النَّبِيُّ
حَسْبُكَ اللَّهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِينَ ﴿٦٤﴾
يَا أَيُّهَا النَّبِيُّ حَرِّضِ الْمُؤْمِنِينَ عَلَى الْقِتَالِ
إِنْ يَكُنْ مِنْكُمْ عِشْرُونَ صَابِرُونَ يَغْلِبُوا
مِائَتَيْنِ وَإِنْ يَكُنْ مِنْكُمْ مِائَةٌ يَغْلِبُوا
أَلْفًا مِنَ الَّذِينَ كَفَرُوا بِأَنَّهُمْ قَوْمٌ لَا
يَفْقَهُونَ ﴿٦٥﴾ الْآنَ خَفَّفَ اللَّهُ عَنْكُمْ وَ

منزل ٢

અને જો તેઓ તમને છેતરવા ઈચ્છે.[૫૦] તો બેશક! અલ્લાહ તમને પુરતો છે. તે જ છે જેણે તમને પોતાની મદદ અને મુસલમાનો (ની સંખ્યા વધારીને તેના) વડે જોર આપ્યું (૬૨) અને તેમંના (મુસલમાનોના) દિલોમાં હેત ઉત્પન્ન કર્યાં.[૫૧] તમે ધરતીમાં જે કંઈ છે તે બધુ વાપરી નાખત (તો પણ) તેમના દિલો મેળવી શકત નહિ.[૫૨] પરંતુ અલ્લાહે તેમના દિલ મેળવી દીધા. બેશક! તે જ ચઢિયાતો હિકમતવાળો છે (૬૩) અય ગૈબની ખબરો આપનાર (નબી)! અલ્લાહ તમને પુરતો છે. અને આ જેટલા મુસલમાન તમારા અનુયાયી થયા[૫૩] (૬૪) અય ગૈબની ખબરો કહેનાર! મુસલમાનોને જિહાદનો શોખ અપાવો. જો તમારામાંના વીસ સબરવાળા હશે (તો તેઓ) બસો પર વિજયી નિવડશે, અને જો તમારામાંના એક સો હોય તો કાફિરોના એક હજાર પર વિજયી થશે. એટલા માટે કે તેઓ સમજ ધરાવતા નથી[૫૪] (૬૫) હવે અલ્લાહે તમારા પર

આભાર તો ન માન્યો, ઉલ્ટી નાફરમાની એ કરી કે નબી અલયહિસ્સલામને જૂઠાડયા. તેમનું લોહી રેડવાનો લાગ ઢુંઢવા લાગ્યા. અને લોકોને સત્ય માર્ગેથી રોક્યા. સદીના કહેવાનુસાર (આયતમાં વર્ણવેલ) અલ્લાહની ન્યામત તે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ છે.

૩૬. આ કુરેશના કાફિરો પણ તેવાં જ છે. જેમનો બદ્રમાં નાશ કરવામાં આવ્યો.

૩૭. **શાને નુઝૂલ** :- ઈન્ન શર્રદ દવાબ્બિ અને એની પાછળની આયતો બની કુરેઝાના યહૂદીઓ વિષે ઉતરી. જેમણે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે કરાર કર્યો હતો કે તેઓ આપની સાથે લડશે નહિ અને આપના દુશ્મનોને મદદ પણ નહિ કરે તેમણે પોતાના કરારનો ભંગ કર્યો, અને મક્કાના મુશ્રિકોએ જયારે હુઝૂર ﷺ સાથે યુદ્ધ કર્યું ત્યારે એ લોકોએ તેમને શસ્ત્રો પૂરાં પાડીને તેમની સહાય કરી અને પછી હુઝૂર ﷺ પાસે દિલગીરી વ્યકત કરી અને કહ્યું; અમારાથી ભૂલ થઈ, અમને યાદ ન રહ્યું. ફરી પાછો કરાર કર્યો, અને તેનો પણ ભંગ કર્યો. અલ્લાહ તઆલાએ તેમને તમામ પ્રાણીઓમાં અતિ ખરાબ કહ્યા. કારણ કે કાફિરો બધા પ્રાણીઓમાં સહુથી ખરાબ છે. અને કુફ્રની સાથે જો વચનભંગ કરનાર પણ હોય તો ઔર પણ ખરાબ.

૩૮. ખુદાથી, અને ન તો કરારભંગના ખરાબ પરિણામથી. અને ન એનાથી શરમાય છે. કરારભંગ દરેક બુદ્ધિમાનની દ્રષ્ટિએ લાંછનરૂપ ગુન્હો હોવા છતાં. અને કરાર ભંગ કરનાર સર્વની નજરે બિન વિશ્વાસુ બની જતો હોવા છતાં. જ્યારે તેમની બેહયાઈ એટલી માત્રાએ પહોંચી ગઈ છે તો પછી સાચે જ તેઓ જાનવરો કરતાં પણ ખરાબ થયા.

૩૯. અને તેમની હિમ્મત તોડી નાખો અને તેમના ટોળાંઓ વેરવિખેર કરી મૂકો.

علم ان فيكم ضعفا فان يكن منكم مائة
صابرة يغلبوا مائتين وان يكن منكم الف
يغلبوا الفين باذن الله والله مع الصبرين ﴿٦٦﴾
ما كان لنبي ان يكون له اسرى حتى
يثخن في الارض تريدون عرض الدنيا
والله يريد الاخرة والله عزيز حكيم ﴿٦٧﴾ لولا
كتب من الله سبق لمسكم فيما اخذتم
عذاب عظيم ﴿٦٨﴾ فكلوا مما غنمتم حللا طيبا
واتقوا الله ان الله غفور رحيم ﴿٦٩﴾ يايها
النبي قل لمن في ايديكم من الاسرى
ان يعلم الله في قلوبكم خيرا يؤتكم خيرا

**થી હલ્કું કર્યું, અને તેને ખબર છે કે તમે અશક્ત છો તો જો તમારામાં એક સો સબરવાળા હોય (તો તેઓ) બસો પર વિજયી નિવડશે. ને જો તમારામાંના એક હજાર હોય તો બે હજાર પર ફતેહયાબ થશે. અલ્લાહના હુકમથી. અને અલ્લાહ સબરવાળાઓ સાથે છે (૬૬) કોઈ નબીને છાજતું નથી કે કાફિરોને જીવતા કેદ પકડે, જ્યાં સુધી ધરતીમાં તેમનું લોહી પુષ્કળ પ્રમાણમાં નહિ વહાવે.[૫૫] તમે લોકો દુનિયાનો માલ ઈચ્છો છો,[૫૬] અને અલ્લાહ આખિરત ઈચ્છે છે.[૫૭] અને અલ્લાહ ચઢિયાતો હિકમત-વાળો છે (૬૭) જો અલ્લાહ પહેલાં એક વાત લખી ચૂક્યો ન હોત[૫૮] તો અય મુસલમાનો! તમે કાફિરો પાસેથી વળતરનો જે માલ લીધો, તે બાબત તમારા પર મોટો અઝાબ આવત (૬૮) તો જે ગનીમત તમને મળી તે ખાઓ, (તે) હલાલ અને પવિત્ર (છે).[૫૯] અને અલ્લા-હથી ડરતા રહો. બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૬૯) અય ગૈબની ખબરો આપનાર! જે કેદીઓ તમારા હાથમાં છે તેમને ફરમાવો;[૬૦] 'જો અલ્લાહે તમારા દિલોમાં ભલાઈ ભાળી[૬૧] તો જે તમારી પાસેથી લેવામાં**

૪૦. અને તેઓ શિખામણ સ્વીકારે.

૪૧. અને એવી નિશાનીઓ તથા ચિન્હો દેખાય જેનાથી એવું સાબિત થતું હોય કે તેઓ ગદ્દારી કરશે અને કરારના બંધનમાં નહિ રહે.

૪૨. અર્થાત તેમને કરારભંગ કરતાં પહેલાં ચેતવી આપો કે તમારી ગદ્દારીના ચિન્હો માલમ પડયાં છે જેથી તે કરાર વિશ્વાસ પાત્ર રહ્યો નહિ. તેનું બંધન હવે સ્વીકારાશે નહિ.

૪૩. બદ્રની લડાઈમાંથી નાસી છુટીને કતલ થવાથી અને કેદ પકડવાથી બચી ગયા, અને મુસલમાનોના હાથમાંથી;

૪૪. પોતાના પકડનારને. ત્યાર પછી મુસલમાનોને સંબોધન થાય છે;

૪૫. હથિયારો હોય કે કિલ્લેબંધી કે નિશાનબાઝી. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે આ આયતમાંના "કુવ્વત" શબ્દનો અર્થ રમી એટલે કે તીરંદાઝી ફરમાવ્યો છે.

૪૬. અર્થાત કાફિરો. મક્કાના હોય કે બીજા.

૪૭. ઈબ્ને ઝૈદનું કથન છે કે અહીં બીજાઓનો અર્થ મુનાફિકો છે. જ્યારે હસન કાફિર જિન્નાત કહે છે.

૪૮. તેનો બદલો પુરેપુરો મળશે.

૪૯. તેમની સુલેહ સ્વીકારો.

૫૦. અને છેતરવા માટે સુલેહનો દેખાવ કરે.

૫૧. જેમકે ઔસ અને ખઝરજના કબીલાઓમાં મહોબ્બત જન્માવી. જો કે તેમની વચ્ચે સો વરસોથી

વધુ મુદ્દતની શત્રુતા હતી, અને બન્ને વચ્ચે મોટી મોટી લડાઈઓ થયા કરતી હતી. આ માત્ર અલ્લાહની મહેરબાની છે.

૫૨. અર્થાત તેમની અંદર અંદરની દુશ્મનાવટ એટલી હદે પહોંચી ગઈ હતી કે તેમનો મેળાપ કરાવવા માટે બધાં સાધનો બિન અસરકારક નિવડી ચૂક્યા હતાં. અને કોઈ તરકીબ રહી ન હતી. નાની નાની વાતોમાં વિફરી બેસતા, અને સૈકાઓ સુધી લડાઈ ચાલ્યા કરતી. કોઈ રીતે બે હૃદયો ભેગા થઈ શકતાં નહિ. જ્યારે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ નબી તરીકે જાહેર થયા અને અરબો આપના પર ઈમાન લાવ્યા અને તેઓ આપના અનુયાયીઓ બન્યા, ત્યારે આ પરિસ્થિતિ પલટાઈ ગઈ. અને દિલોમાંથી જુની અદાવતો અને દ્વેષ દૂર થયાં. અને ઈમાની મોહબ્બત જન્મી. આ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો ઉઘાડો મુઅજિઝો છે.

૫૩. **શાને નુઝૂલ** :- સઈદ બિન જુબૈર, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાના હવાલાથી કહે છે કે; આ આયત હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હુના ઈમાન અંગિકાર અંગે ઉતરી. ત્યાર સુધી ઈમાનથી માત્ર તેત્રીસ પુરૂષો અને છ સ્ત્રીઓ જ પાવન થયા હતાં, ત્યારે હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ એ ઈમાન સ્વીકાર્યું. આ વાતના આધારે આ આયત મક્કી કહેવાય, પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હુકમથી મદની સૂરતમાં લખવામાં આવી, એક કથન એવું છે કે આ આયત બદ્રમાં લડાઈ શરૂ થતાં પહેલાં ઉતરી. એના આધારે આ આયત મદની કહેવાય. અને (આયતમાંના) મુઅમિનનું અર્થઘટન એક કથાનુસાર 'અન્સાર' છે. જ્યારે બીજા કથનમાં મુહાજિરીન અને અન્સાર બધા કહેવાયા છે.

૫૪. આ અલ્લાહ તરફથી વાયદો અને ખુશખબર છે, કે મુસલમાનોનું જુથ જો સબરવાળુ રહ્યું તો અલ્લાહની સહાય વડે દશ ઘણાં કાફિરો પર વિજયી નિવડશે. કારણ કે કાફિરો (ધર્મ યુદ્ધના વિચારથી) અજ્ઞાન છે. અને યુદ્ધ કરવામાં તેમનો હેતુ ન તો સવાબ મેળવવાનો છે, ન તો અઝાબના ડરથી તેઓ લડે છે. જાનવરોની જેમ બાખડે છે. તો એવા લોકો માત્ર ખુદા ખાતર લડનારાઓ સામે કેમ ઉભા રહી શકે?

બુખારી શરીફમાં હદીષ છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે મુસલમાનો પર ફરજીયાત કરી દેવાયું કે તેમનો એક દશના સામેથી નાસે નહિ. પછી ''અલ-આન ખફફ ફલ્લાહ''.... (હવે અલ્લાહે હલ્કુ કર્યું) વાળી આયત ઉતારી ત્યારે કહેવામાં આવ્યું કે એકસો બસોની સામે ઉભા રહે. અર્થાત દશ ગણાનો સામનો કરવાનું ફરજીયાતપણું પાછું ખેંચવામાં આવ્યું. અને ડબલના સામેથી નાસી છુટવાની મનાઈ કરવામાં આવી.

૫૫. અને કાફિરોને ખૂબ ખૂબ કતલ કરીને ઈસ્લામની ભવ્યતા અને કુફ્રની બેઈજ્જતી સારી રીતે જાહેર ન કરી લે.

**શાને નુઝૂલ** :- મુસ્લિમ શરીફ વિગેરેમાં હદીષ છે કે, બદ્રની લડાઈમાં સિત્તેર કાફિરો કેદ કરાઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે લાવવામાં આવ્યા. હુઝૂરે તેમની વિષે સહાબાના અભિપ્રાયો માંગ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લલ્લાહુ અન્હૂએ કહ્યું કે; આ તો તમારા કુટુંબ કબીલાના માણસો છે, મારો અભિપ્રાય એવો છે કે એમને ફિદયો (દંડ અથવા વાળતર) લઈને છોડી મૂકવામાં આવે. આથી મુસલમાનોની પ્રશંસા પણ વધશે. અને શું અજબ છે કે અલ્લાહ એમને ઈસ્લામ નસીબ કરે.

હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હુએ કહ્યું; એ લોકોએ આપને જૂઠાડયા, મક્કામાં રહેવા ન દીધા, એ બધા કુફ્રના સરદારો અને સહાયકો છે. એમનાં ડોકાં ઉડાદી દો. અલ્લાહે આપને ફિદયાથી બેપરવાહ કર્યા છે. અલીને અકીલ પર, હમઝાને અબ્બાસ પર, અને મને પણ મારા સગાઓ પર નક્કી કરો કે અમે તેમનાં

ડોકાં વાઢી નાખીએ.

પરંતુ અંતે ફિદયો લેવાનો નક્કી થયું. અને જ્યારે ફિદયો લેવામાં આવ્યો ત્યારે આયત ઉતરી.

૫૬. આ સંબોધન મો'મિનોને છે. અને 'માલ' એટલે ફિદયો.

૫૭. અર્થાત તમારા માટે આખિરતનો સવાબ (ઈચ્છે છે), જે કાફિરોની કતલ અને ઈસ્લામની આન બઢાવવા પર આધારિત છે. **હઝરત ઈબ્ને અબ્બાસ** رضي الله عنهما **કહે છે કે; આ હુકમ બદ્રમાં હતો, જ્યારે** મુસલમાન થોડા હતા. પછી જ્યારે મુસલમાનોની સંખ્યા વધી અને તેઓ શક્તિશાળી બન્યા ત્યારે કેદીઓ વિષે "ફઈમ્માં મન્ન-બઅદુ વ ઈમ્મ ફિદાઅન" વાળી આયત ઉતરી, અને અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને મુઅમિનોને અખત્યાર આપ્યો કે તેઓ ઈચ્છે તો કાફિરોને કતલ કરે. ઈચ્છે તો તેમને ગુલામ બનાવે, અથવા ફિદયો લઈને છોડી આપે, ચાહે મુક્તિ બખ્શે. બદ્રના કેદીઓનું ફિદયો માણસ દિઠ ચાલીસ ઓકીયા (વજનનું નામ) સોનું હતું. જેના સોળસો દિરહમ (તે સમયના ચલણી નાણું) થયા.

૫૮. અને તે એ કે 'ઈજતિહાદ' (અલ્લાહનો કે રસૂલનો જે બાબત સ્પષ્ટ આદેશ ન હોય તેવી બાબત પોતાની આત્મ સ્ફુરણા વડે કોઈ માર્ગ કાઢવો) મુજબ અમલ કરનારની પકડ નહિ કરે અને એ વેળા સહાબાએ "ઈજતિહાદ" જ કર્યો હતો અને તેમને એવો ખ્યાલ સ્ફુર્યો હતો કે કાફિરોને જીવતા છોડી મૂકવાથી તેમના ઈસ્લામ અંગિકારની આશા છે. અને ફિદયો લેવામાં દીનને (આર્થિક) મજબૂતી પ્રાપ્ત થાય છે. અને એ તરફ દ્રષ્ટિ ન થઈ કે કતલ કરવામાં ઈસ્લામનો દબદબો અને કાફિરો પર ધાક જામે છે.

**મસઅલો** :- નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું આ ધાર્મિક બાબતમાં સહાબાએ કિરામના અભિપ્રાય માંગવું એ 'ઈજતિહાદ' જાઈઝ હોવાની દલીલ છે.

અથવા "કિતાબુ-મ મિનલ્લાહિ સબક" (જો અલ્લાહ પહેલાં એક વાત લખી ચૂક્યો ન હોત) નો અર્થ તે વસ્તુ છે જે તેણે લવહે મહફૂઝમાં લખ્યું કે, બદ્રવાળાઓને અઝાબ કરવામાં નહિ આવે.

૫૯. જ્યારે ઉપરની આયત ઉતરી ત્યારે અસ્હાબે જે ફિદયા લીધા હતા તેનાથી પોતાના હાથોને રોકી લીધા. ત્યારે આ આયત ઉતરી અને બયાન કરવામાં આવ્યું કે; તમારી ગનીમતો હલાલ કરવામાં આવી તેને ખાઓ. બુખારી ને મુસ્લિમમાં હદીષ શરીફ છે કે; અલ્લાહે આપણા માટે ગનીમતો હલાલ કરી; આપણાંથી પહેલાં કોઈના માટે હલાલ કરાઈ ન હતી.

૬૦. **શાને નુઝૂલ** :- આ આયત હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ વિષે ઉતરી, જેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના કાકા થાય છે. તેઓ કુરેશી કાફિરોના તે દશ આગેવાનોમાંના એક હતા જેમણે કાફિરોના સૈન્યને ખાધા ખોરાકી પુરી પાડવાની જવાબદારી સ્વીકારી હતી અને તેઓ એટલા ખાતર વીસ ઓકિયા સોનું પોતાના ઘેરથી લઈને નીકળ્યા હતા. પરંતુ જે દિવસે ખવડાવવાનું તેમના ભાગે આવ્યું તે જ દિવસે લડાઈ શરૂ થઈ, અને લડાઈ દરમ્યાન ખાવાની કે ખવડાવવાની નવરાશ ન મળી. તે વીસ ઓકીયા સોનું પોતાની પાસે વધ્યું. જ્યારે તેઓ પકડાયા અને તે સોનું તેમની પાસેથી લઈ લેવાયું, ત્યારે તેમણે વિનંતી કરી કે તે સોનું તેમના ફિદયાના હિસાબમાં ગણી લેવામાં આવે. પરંતુ હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમએ નામંજૂર કર્યું. અને ફરમાવ્યું કે; જે વસ્તુ અમારી વિરુદ્ધ વાપરવા લાવ્યા હતા તેને બાકી રહેવા દેવામાં નહિ આવે. અને હઝરત અબ્બાસ પર તેમના બન્ને ભત્રીજાઓ અકીલ બિન અબી તાલિબ અને નવફલ બિન હારિસના ફિદયાનો ભાર પર નંખાયો. ત્યારે હઝરત અબ્બાસે કહ્યું; 'અય મોહમ્મદ! (સલ્લ-

واعلموا ١٠ — الانفال ٨

مما أخذ منكم ويغفر لكم والله غفور رحيم ٧٠
وإن يريدوا خيانتك فقد خانوا الله من قبل
فأمكن منهم والله عليم حكيم ٧١ إن الذين آمنوا
وهاجروا وجاهدوا بأموالهم وأنفسهم في سبيل
الله والذين آووا ونصروا أولئك بعضهم أولياء
بعض والذين آمنوا ولم يهاجروا ما لكم من
ولايتهم من شيء حتى يهاجروا وإن استنصروكم
في الدين فعليكم النصر إلا على قوم بينكم
وبينهم ميثاق والله بما تعملون بصير ٧٢
والذين كفروا بعضهم أولياء بعض إلا
تفعلوه تكن فتنة في الأرض وفساد كبير ٧٣

આવ્યું[૬૨] તેનાથી સારૂં તમને આપશે અને તમને માફ કરી દેશે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૬૩] (૭૦) અને અય મહબૂબ! જો તેઓ[૬૪] તમારી સાથે દગો કરવા ઈચ્છે,[૬૫] તો એ પહેલાં (તેઓ) અલ્લાહની જ ખયાનત કરી ચૂક્યા છે. જેથી તેણે આટલા તમારા કબ્જામાં આપી દીધા.[૬૬] અને અલ્લાહ જાણકાર હિકમતવાળો છે (૭૧) બેશક! જેઓ ઈમાન લાવ્યા અને અલ્લાહ ખાતર[૬૭] ઘરબાર છોડયાં, અને અલ્લાહના માર્ગમાં પોતાના પ્રાણ અને માલ વડે લડયા,[૬૮] અને તેઓ જેમણે જગ્યા આપી અને સહાય કરી[૬૯] અને તેઓ એક બીજાના વારસદાર છે.[૭૦] અને તેઓ જે ઈમાન લાવ્યા[૭૧] અને હિજરત ન કરી, તેમને તેમનો કઈ વારસો મળતો નથી જ્યાં સુધી (તેઓ) હિજરત કરે નહિ. અને જો તેઓ દીન(ની બાબત) માં તમારી મદદ માંગે તો તમારા પર મદદ આપવી વાજિબ છે. પરંતુ એવી કોમ પર કે તમારામાં અને તેમનામાં કરાર છે, અને અલ્લાહ તમારા કામો જોઈ રહયો છે (૭૨) અને કાફિરો અંદર અંદર એક બીજાના વારસદાર છે.[૭૨] આવું નહિ કરો તો ધરતીમાં ફિત્નો અને મોટું રમખાણ મચી જશે[૭૩] (૭૩)

લ્લાહો અલયહિ વસલ્લમ) શું તમે મને એવી પરિસ્થિતિમાં લાવી મૂકશો કે શેષ જીવન મારે કુરેશ પાસે માંગી માંગીને વિતાવવું પડે?' ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; 'તો પછી પેલું સોનું શા ખપનું જે તમારા મક્કાથી નીકળવાના સમયે તમારા પત્ની ઉમ્મુલ ફઝલે દાટી દીધું છે, અને તમે તેમને કહીને આવ્યા છો કે; ખબર નહિ, મને કેવો અકસ્માત નડે. જો હું લડાઈમાં ખપી જઉં તો આ તારૂં છે, તથા અબ્દુલ્લાહ અને ઉબેદુલ્લાહનું છે, તથા ફઝલ ને કુસમનું છે' (બધા એમના પુત્રો હતા.)

હઝરત અબ્બાસે પૂછ્યું કે; 'તમને શું ખબર?' હુઝૂરે ફરમાવ્યું; 'મને મારા પરવરદિગારે ખબર આપી છે' ત્યારે હઝરત અબ્બાસે કહ્યું; 'બેશક! હું ગવાહી આપું છું કે બેશક! તમે સાચા છો, અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અને બેશક! તમે તેના બંદા અને રસૂલ છો. મારા આ ભેદને અલ્લાહ સિવાય કોઈ જાણતું ન હતું' પછી હઝરત અબ્બાસે પોતાના ભત્રીજાઓ અકીલ અને નવફલને આદેશ આપ્યો કે તે પણ ઈસ્લામ સ્વીકારે.

૬૧. નિખાલસ ઈમાન અને સાચી નિય્યતથી.

૬૨. અર્થાત ફિદયો.

૬૩. જ્યારે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે બહરીનની દોલત આવી જેની ગણત્રી એંસી હજાર હતી, ત્યારે હુઝૂરે ઝોહરની નમાઝ માટે વુઝૂ કર્યું, અને નમાઝ પહેલાં જ બધું વહેંચી નાખ્યું. અને હઝરત અબ્બાસને કહ્યું કે, આમાંથી લઈ લો તો જેટલું તેમનાથી ઊંચકી શકાયું તેટલું તેમણે લીધું. તેઓ કહેતા હતા કે જે અલ્લાહે મારા પાસેથી લીધું તેના કરતાં આ સારૂં છે. અને હું તેની માફીની (પણ) આશા

અને તેઓ જે ઈમાન લાવ્યા અને હિજરત કરી અને અલ્લાહના માર્ગમાં લડયા, અને જેમણે જગ્યા આપી અને મદદ કરી, તેઓ જ સાચા ઈમાનવાળા છે. તેમના માટે માફી છે અને ઈજ્જતની રોજી[૭૪] (૭૪) અને જેઓ પાછળથી ઈમાન લાવ્યા અને હિજરત કરી અને તમારી સાથે રહી જિહાદ કર્યું, તેઓ પણ તમારામાંથી જ છે.[૭૫] અને સગાઈવાળા એક કરતાં બીજા વધારે નજીક છે અલ્લાહની કિતાબમાં.[૭૬] બેશક! અલ્લાહ સર્વ કઈ જાણે છે. (૭૫)

(આ દ્વારા) અલ્લાહ અને તેના રસૂલ તરફથી બેઝારીની જાહેરાત સંભળાવવી છે તે મુશ્રિકોને જેમની સાથે તમારો કરાર હતો પણ તેઓ પાલનકર્તા રહ્યા નહિ[૭૭] (૧) તો ચાર મહીના ધરતી પર હરો ફરો, અને જાણી લો કે તમે અલ્લાહને થકવી શકતા નથી.[૭૮] અને એ કે અલ્લાહ કાફિરોને અપમાનિત કરનાર છે[૭૯] (૨) અને અલ્લાહ તેમજ તેના રસૂલ તરફથી સમગ્ર લોકો સમક્ષ મોટી હજ[૮૦]



રાખુ છું. પછી તેમની માલદારી એટલી વધી કે તેમના વીસ ગુલામો હતા અને બધા જ વહેપારી, અને તેમનામાં બધાંથી ઓછી મિલ્કત જેના પાસે હતી તેની વીસ હજારની હતી.

૬૪. કેદીઓ.

૬૫. તમારી બયઅતથી ફરી જઈને અને કુફ્ર ધારણ કરીને.

૬૬. જેમકે તેઓ બદ્રમાં અનુભવી ચૂક્યા છે કે કતલ થયા અને પકડાયા. જો ભવિષ્યમાં પણ એમના ચાળા એવા જ રહ્યા તો તેમણે એવા (પરિણામ)ની જ આશા રાખવી જોઈએ.

૬૭. અને તેના રસૂલની મોહબ્બતમાં તેમણે પોતાના;

૬૮. આ પ્રથમ હિજરત કરનારાઓ છે.

૬૯. મુસલમાનોની. અને તેમને પોતાના ઘરોમાં રાખ્યા, તેઓ અન્સાર છે હવે મુહાજિરીન અને અન્સાર બન્ને માટે ફરમાવાઇ છે;

૭૦. મુહાજિર અન્સારના અને અન્સાર મુહાજિરના. પછી આ વારસાઈ 'વઉલુલ અરહામિ બઅદુહુમ અવલા બિબઅદિન''વાળી આયતથી મન્સૂખ થઈ.

૭૧. અને મક્કા શરીફમાં જ રહ્યા.

૭૨. તેમની અને મો'મિનોની વચમાં વારસાગતી નથી. આ આયતથી સાબિત થયું કે મુસલમાનોને કાફિરોના વારસા અને વાલીપણાથી મના કરવામાં આવ્યું. અને તેમનાથી અલગ રહેવાનો હુકમ કરવામા આવ્યો. અને મુસલમાનોને અંદર અંદર મેળ મિલાપ રાખવાનું જરૂરી ઠેરવવામાં આવ્યું.

ના દિવસે જાહેરાત પોકારી દેવાની છે કે અલ્લાહ અને તેનો રસૂલ મુશ્રિકોથી બેઝાર છે તો જો તમે તવબહ (પશ્ચાતાપ) કરો[૬૧] તો તમારૂં ભલું છે. અને જો મોઢું ફેરવો.[૬૨] તો જાણી લો કે તમે અલ્લાહને થકવી શકતા નથી.[૬૩] અને કાફિરોને કષ્ટદાયક શિક્ષાના શુભ સમાચાર સંભળાવો (૩) પરંતુ મુશ્રિકો કે જેમની સાથે તમારો કરાર હતો, પછી તેમણે તમારા કરારમાંથી કશી ઉણપ ન આણી,[૬૪] અને તમારી વિરૂદ્ધ કોઈને મદદ ન કરી, તો તેમનો કરાર નક્કી થએલી મુદ્દત સુધી પુરો કરો. બેશક! અલ્લાહ પરહેઝગારોને દોસ્ત રાખે છે (૪) પછી જ્યારે હુરમત (મર્યાદા) વાળા મહિનાઓ પસાર થઈ જાય ત્યારે મુશ્રિકોને જ્યાં પામો[૬૫] ત્યાં મારો[૬૬] અને તેમને પકડો અને કેદ કરો. અને દરેક સ્થળે તેમની તાકમાં બેસો. પછી જો તેઓ તવબહ (પશ્ચાતાપ) કરે,[૬૭] અને નમાઝ કાયમ રાખે, અને ઝકાત આપે તો તેમનો માર્ગ મૂકી દો.[૬૮] બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૫) અને અય મહબૂબ! જો કોઈ મુશ્રિક તમારી પાસે

واعلموا ١٠ — التوبة ٩

إِلَى النَّاسِ يَوْمَ الْحَجِّ الْأَكْبَرِ أَنَّ اللَّهَ بَرِيءٌ مِنَ
الْمُشْرِكِينَ ۙ وَرَسُولُهُ ۚ فَإِنْ تُبْتُمْ فَهُوَ خَيْرٌ لَكُمْ ۖ وَإِنْ
تَوَلَّيْتُمْ فَاعْلَمُوا أَنَّكُمْ غَيْرُ مُعْجِزِي اللَّهِ ۗ وَبَشِّرِ
الَّذِينَ كَفَرُوا بِعَذَابٍ أَلِيمٍ ۝ إِلَّا الَّذِينَ عَاهَدْتُمْ
مِنَ الْمُشْرِكِينَ ثُمَّ لَمْ يَنْقُصُوكُمْ شَيْئًا وَلَمْ يُظَاهِرُوا
عَلَيْكُمْ أَحَدًا فَأَتِمُّوا إِلَيْهِمْ عَهْدَهُمْ إِلَىٰ مُدَّتِهِمْ ۚ
إِنَّ اللَّهَ يُحِبُّ الْمُتَّقِينَ ۝ فَإِذَا انْسَلَخَ الْأَشْهُرُ
الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِينَ حَيْثُ وَجَدْتُمُوهُمْ
وَخُذُوهُمْ وَاحْصُرُوهُمْ وَاقْعُدُوا لَهُمْ كُلَّ مَرْصَدٍ ۚ
فَإِنْ تَابُوا وَأَقَامُوا الصَّلَاةَ وَآتَوُا الزَّكَاةَ فَخَلُّوا
سَبِيلَهُمْ ۚ إِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ۝ وَإِنْ أَحَدٌ

૭૩. અર્થાત જો મુસલમાનોમાં આપસની સહાયતા ન હોય અને તેઓ એક બીજાના સહાયક બનીને એક જ શક્તિ ન બની જાય, તો કાફિરો તાકાતવાન થશે અને મુસલમાનો અશક્ત. જેથી મોટાં રમખાણો અને ફિતના ફિસાદ થશે.

૭૪. પહેલી આયતમાં મુહાજિરીન અને અન્સારના પારસ્પરિક સંબંધો અને તેમનામાં પ્રત્યેક અન્યનો સહાયક હોવાનું વર્ણન હતું. આ આયતમાં ઉભયના ઈમાનની સત્યતા જાહેર કરાઈ છે, તેમજ તેઓ અલ્લાહની રહમતના સંકરણ કેન્દ્ર સમા હોવાનું બયાન છે.

૭૫. અને અય મુહાજિરીન અને અન્સાર! તેઓ પણ તમારી કક્ષામાં જ છે. મુહાજિરીનના અનેક વર્ગો છે, એક તેઓ જેમણે પ્રથમ મદીના શરીફ હિજરત કરી. તેમને 'મુહાજિરીન અવ્વલીન' કહે છે. અમુક તે લોકો છે, જેમણે પ્રથમ હબશા હિજરત કરી, પછી મદીના શરીફ હિજરત કરી, તેમને 'અસ્હાબુલ હિજરતૈન' કહેવામાં આવે છે. અમુક લોકો એવા છે, જેમણે હુદૈબિયહની સંધી પછી મક્કાના વિજય પહેલાં હિજરત કરી તેઓ 'અસ્હાબે હિજરતે ષાનિયહ' કહેવાય છે. પહેલી આયતમાં 'મુહાજિરીન અવ્વલીન'નો ઉલ્લેખ છે. અને આ આયતમાં 'અસ્હાબે હિજરતે ષાનિયહ' નો.

૭૬. આ આયતથી હિજરત દ્વારા વારસા પ્રાપ્તિ મન્સૂખ કરવામાં આવી, અને સગા સંબંધીઓનો વારસો સ્થાપિત થયો.

૭૭. સૂરએ તવબહ મદની છે. પણ એની છેલ્લી આયતો લકદ જાઅકુમ રસૂલથી અંત સુધી, એમને અમુક ઉલમા મક્કી કહે છે. આ સૂરતમાં સોળ રૂકૂઅ, એકસો ઓગણત્રીસ આયતો, ચાર હજાર ઇક્કોતેર

વાક્યો, અને ૧૦,૪૮૮ હુરૂફ છે. આ સૂરતનાં દશ નામો છે જેમાંથી 'તવબહ' અને 'બરાઅત' પ્રખ્યાત નામો છે. આ સુરતની શરુઆતમાં બિસ્મિલ્લાહ....... લખવામાં આવી નથી, એનું ખરૂ કારણ એ છે કે આ સૂરત સાથે હઝરત જિબ્રલ બિસ્મિલ્લાહ લઈને નથી આવ્યા, અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે બિસ્મિલ્લાહ લખવાનો હુકમ (પણ) નથી આપ્યો. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે; બિસ્મિલ્લાહ.... શરણાગતી છે. અને આ સૂરત તલવાર વડે શરણાગતી બરખ્વાસ્ત કરવા માટે ઉતરી. (તેથી એની શરૂઆતમાં બિસ્મિલ્લાહ નથી) બુખારીએ બરાઅના હવાલાથી કહ્યું કે; કુરઆનની સૂરતો પૈકી સહુથી છેલ્લે આજ સુરત ઉતરી.

૭૮. અરબના મુશ્રિકો અને મુસલમાનો વચ્ચે કરાર હતો. તેમનામાંથી અમુક સિવાય બધાંએ તેનો ભંગ કર્યો. જેથી એવા કરારભંગ કરનારાઓનો કરાર તોડી નાખવામાં આવ્યો, અને હુકમ કરવામાં આવ્યો કે ચાર મહિના તેઓ શાંતિથી જ્યાં ઈચ્છે ત્યાં પસાર કરે, એમને છેડછાડ કરાશે નહિ. એ સમય દરમ્યાન તેમને તક છે કે ખૂબ વિચારી લે કે તેમના માટે શું ઉચિત છે. અને પોતાની સાવચેતીઓ વાપરી લે. અને જાણી લે કે આ મુદ્દત પછી તેમને યા તો ઈસ્લામ સ્વીકારવું પડશે યા તો કતલ.

આ સૂરત ૯ હિ.સ. માં મક્કાના વિજય પછી એક વરસે ઉતરી. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તે વરસે હઝરત અબૂબક્ર રદીયલ્લાહુ અન્હૂને 'અમીરે હજ' બનાવ્યા હતા. ત્યાર પછી હઝરત અલીને હાજીઓની સભા સમક્ષ આ સૂરત સંભળાવવા મોકલ્યા હતા. જેમકે હઝરત અલીએ ૧૦મી ઝીલહજના દિવસે 'જમરએ અકબા' પાસે ઉભા રહીને મોટે સાદે કહ્યું; 'અય લોકો મને તમારી પાસે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મોકલ્યો છે' લોકોએ પૂછ્યું; 'તમે શું સંદેશ લાવ્યા છો?' ત્યારે તેમણે આ સુરતની ત્રીસ કે ચાલીસ આયતો પઢી સંભળાવી પછી કહ્યું; 'હું ચાર હુકમો લાવ્યો છું; (૧) આ વરસ પછી કોઈ મુશ્રિક કા'બા શરીફ પાસે આવે નહિ. (૨) કોઈ માણસ નગ્નાવસ્થામાં કા'બાનો તવાફ કરે નહિ. (૩) જન્નતમાં મો'મિન સિવાય કોઈ પ્રવેશશે નહિ. (૪) નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે જો કોઈના કરાર હશે તે પોતાની મુદ્દત સુધી રહેશે. અને જેની કોઈ મુદ્દત નક્કી થઈ નથી તેવા કરાર ચાર મહિના પછી સમાપ્ત થએલા ગણાશે.'

મુશ્રિકોએ આ સાંભળીને કહ્યું કે; 'અય અલી! તમારા પિત્રાઈ (હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ને જઈને કહો કે; અમે કરારો પીઠ પાછળ નાખી દીધા. અમારી તેમની વચમાં કોઈ કરાર નથી સિવાય કે ભાલા અને તલવારબાજી.

આ બનાવમાં હઝરત સિદ્દીકે અકબરની ખિલાફત બાબત એક સુંદર નિર્દેશ છે, કે હુઝૂરે હઝરત અબૂબક્રને તો અમીરે હજ બનાવ્યા, અને હઝરત અલીને તેમની પાછળ સૂરએ બરાઅત સંભળાવવા મોકલ્યા. તો હઝરત અબૂ બક્ર ઈમામ થયા અને હઝરત અલી મૂકતદી. આથી હઝરત અબૂબક્રની હઝરત અલી પર પ્રાથમિકતા સાબિત થઈ.

૭૯. દુનિયામાં કતલ કરાવીને અને આખિરતમાં અઝાબ કરીને.

૮૦. હજને 'મોટી હજ' એટલા માટે કહેવાયું કે તે સમય ઉમરાને નાની હજ કહેતા હતા. અને એક કથન એવું છે કે હજને મોટી હજ એટલા માટે કહેવામાં આવી કે તે વરસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે હજ કરી હતી અને એ હજ જુમ્આના દિવસે હતી તેથી મુસલમાનો જે હજ જુમ્આના દિવસે આવે તે હજને હજ્જતુલ વિદાઅ (હુઝૂરની છેલ્લી હજ) ની નિર્દેશક સમજીને 'હજ્જે અકબર' (મોટી હજ) કહે

وَاعْلَمُوْٓا ١٠ التوبة ٩

مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلٰمَ
اللّٰهِ ثُمَّ اَبْلِغْهُ مَاْمَنَهٗ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا
يَعْلَمُوْنَ ٦ كَيْفَ يَكُوْنُ لِلْمُشْرِكِيْنَ عَهْدٌ عِنْدَ
اللّٰهِ وَعِنْدَ رَسُوْلِهٖٓ اِلَّا الَّذِيْنَ عٰهَدْتُّمْ عِنْدَ
الْمَسْجِدِ الْحَرَامِ فَمَا اسْتَقَامُوْا لَكُمْ فَاسْتَقِيْمُوْا
لَهُمْ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ٧ كَيْفَ وَاِنْ
يَّظْهَرُوْا عَلَيْكُمْ لَا يَرْقُبُوْا فِيْكُمْ اِلًّا وَّلَا ذِمَّةً
يُرْضُوْنَكُمْ بِاَفْوَاهِهِمْ وَتَاْبٰى قُلُوْبُهُمْ وَ
اَكْثَرُهُمْ فٰسِقُوْنَ ٨ اِشْتَرَوْا بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا
قَلِيْلًا فَصَدُّوْا عَنْ سَبِيْلِهٖ اِنَّهُمْ سَآءَ مَا كَانُوْا
يَعْمَلُوْنَ ٩ لَا يَرْقُبُوْنَ فِيْ مُؤْمِنٍ اِلًّا وَّلَا

શરણાગતી ઈચ્છે,[૮૯] તો તેને શરણગતી આપો, જેથી તે અલ્લાહનું કલામ સાંભળે. પછી તેને તેની શાંતિની જગ્યાએ મોકલી આપો.[૯૦] આ એટલા માટે કે તેઓ નાદાન લોક છે[૯૧] (૬) મુશ્રિકો માટે અલ્લાહ અને તેના રસૂલ પાસે કોઈ વાયદો કેમ કરીને હોય?[૯૨] પરંતુ તેઓ જેમની સાથે તમારો કરાર મસ્જિદે હરામ પાસે થયો,[૯૩] તો જ્યાં સુધી તેઓ તમારા માટે કરારબધ્ધ રહે ત્યાં સુધી તમે તેમના માટે રહો. બેશક! અલ્લાહને પરહેઝગારો પસંદ પડે છે (૭) અરે! કેવી રીતે,[૯૪] તેમની હાલત તો એવી છે કે (જો) તમારા પર કબ્જો મેળવે તો ન સગાઈનો વિચાર કરે ન કરારનો. પોતાના મોઢાંઓથી તમને રાજી કરે છે.[૯૫] અને તેમનાં હૃદયોમાં નકાર છે. અને તેમનામાં વધું અનાજ્ઞાંકિત છે[૯૬] (૮) અલ્લાહની આયતોને બદલે થોડું મૂલ્ય ખરીદયું.[૯૭] તો (એ રીતે લોકોને) અલ્લાહના માર્ગથી રોક્યા.[૯૮] બેશક! તેઓ ઘણાં જ ખરાબ કૃત્યો આચરે છે (૯) કોઈ પણ મુસલમાન બાબત ન તો

છે.

૮૧. કુફ્ર અને ગદ્દારીથી.

૮૨. ઈમાન લાવવાથી અને તવબહ કરવાથી.

૮૩. આ સખ્ત ધમકી છે, અને એમાં એ વાતની જાહેરાત છે કે અલ્લાહ અઝાબ ઉતારવા શક્તિમાન છે.

૮૪. અને તેને તેની શરતો સહિત પાળ્યો. આ લોકો બની દમરા કબીલાના હતા, જે કનાનાનો કબીલો કહેવાય છે. અને તેમના (કરાર) ની મુદ્દતના નવ મહિના બાકી રહયા હતા.

૮૫. હરમમાં હોય કે હરમની બહાર, ગમે તે સમયે, સમય કે સ્થળની કોઈ પાબંદી નથી.

૮૬. જેમણે કરારભંગ કર્યો.

૮૭. શિર્ક અને કુફ્રથી, અને ઈમાન સ્વીકારે.

૮૮. અને કેદમાંથી મુક્ત કરો અને તેમને છેડો નહિ.

૮૯. મહેલતના મહિનાઓ પસાર થઇ ગયા પછી. કે જેથી તમારી પાસેથી તવહીદના મસાઈલ અને કુરઆને પાક સાંભળે, જેનું તમે નિમંત્રણ આપો છો.

૯૦. જો ઈમાન ન લાવે તો.

**મસઅલો** :- આથી સાબિત થયું કે શરણે આવેલાને તકલીફ અપાય નહિ. અને સમય મર્યાદા પછી તેને ઈસ્લામી દેશમાં રહેવાનો અધિકાર નથી.

૯૧. ઈસ્લામ અને તેની વાસ્તવિકતાને જાણતા નથી. તો તેમણે શરણાગતી આપવી તે ખાસ રહસ્ય

سગાઈનો ખ્યાલ કરે ન કરારનો.[૯૯] અને તેઓ જ બંડ-ખોર છે (૧૦) પછી જો તેઓ[૧૦૦] પ્રાયશ્ચિત કરે, અને નમાઝ સ્થાપિત કરે, અને ઝકાત આપે, તો તેઓ તમારા ધર્મના ભાઈ છે.[૧૦૧] અને જાણકારો માટે અમે આયતો વિગતવાર વર્ણવીએ છીએ[૧૦૨] (૧૧) અને જો (તેઓ) કરાર કર્યા પછી પોતાના સોગંદ તોડે, અને તમારા ધર્મ (બાબત) મોઢે ચઢે, તો કુફ્રના શિરોમણીઓ સાથે લડો.[૧૦૩] તેમના સોગંદ કશું જ નથી. એવી આશાએ કે કદાચ તેઓ વાજ આવે[૧૦૪] (૧૨) શું (તમે) તે કોમ સાથે નહિ લડો જેમણે પોતાના સોગંદ તોડયા?[૧૦૫] અને રસૂલને કાઢી મૂકવાનો ઈરાદો કર્યો?[૧૦૬] જો કે પહેલ તો તેમના તરફથી જ થઈ છે. શું તેમનાથી ડરો છો? તો અલ્લાહ વધારે હકદાર છે કે તેનાથી ડરો, જો ઈમાન ધરાવતા હોવ (૧૩) તો તેમની સાથે લડો. અલ્લાહ તેમને તમારા હાથે શિક્ષા આપશે અને તેમને અપમાનિત કરશે,[૧૦૭] અને તેમની સામે તમારી મદદ કરશે,[૧૦૮] અને ઠંડા કરશે ઈમાનવાળાઓના જીવ (૧૪)

واعلموا ١٠  التوبة ٩

ذِمَّةً وَأُولَٰئِكَ هُمُ الْمُعْتَدُونَ ⑩ فَإِن تَابُوا
وَأَقَامُوا الصَّلَوٰةَ وَآتَوُا الزَّكَوٰةَ فَإِخْوَانُكُمْ فِي
الدِّينِ وَنُفَصِّلُ الْآيَاتِ لِقَوْمٍ يَعْلَمُونَ ⑪
وَإِن نَّكَثُوا أَيْمَانَهُم مِّن بَعْدِ عَهْدِهِمْ وَطَعَنُوا
فِي دِينِكُمْ فَقَاتِلُوا أَئِمَّةَ الْكُفْرِ إِنَّهُمْ لَا
أَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنتَهُونَ ⑫ أَلَا تُقَاتِلُونَ
قَوْمًا نَّكَثُوا أَيْمَانَهُمْ وَهَمُّوا بِإِخْرَاجِ الرَّسُولِ
وَهُم بَدَءُوكُمْ أَوَّلَ مَرَّةٍ أَتَخْشَوْنَهُمْ فَاللَّهُ
أَحَقُّ أَن تَخْشَوْهُ إِن كُنتُم مُّؤْمِنِينَ ⑬
قَاتِلُوهُمْ يُعَذِّبْهُمُ اللَّهُ بِأَيْدِيكُمْ وَيُخْزِهِمْ
وَيَنصُرْكُمْ عَلَيْهِمْ وَيَشْفِ صُدُورَ قَوْمٍ مُّؤْمِنِينَ ⑭

મુજબ છે કે તેઓ અલ્લાહનું કલામ સાંભળે અને સમજે.

૯૨. કે તેઓ ગદ્દારી અને વચનભંગ કરતા જ રહે છે.

૯૩. અને તેમનાથી કોઈ કરારભંગ જાહેર થયો નથી. જેમકે બનૂ કનાના અને બનૂ દમરા.

૯૪. તેઓ કરારબદ્ધ અને વચન પર કાયમ રહેશે?

૯૫. ઈમાન લાવવાના અને વચનપાલનના વાયદા આપીને.

૯૬. કરારભંગ કરનાર, કુફ્રમાં બંડખોર બનેલા, બિન શિષ્ટાચારી, જૂઠ બોલતા નહિ શરમાનાર, તેમણે,

૯૭. અને જુજ ભૌતિક લાભ પાછળ ઈમાન અને કુરઆનને ત્યજી બેઠા. અને જે કરાર રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે કર્યો હતો તે અબૂ સુફિયાન દ્વારા થોડી લાલચ આપવાથી તોડી નાખ્યો.

૯૮. અને ખુદાઈ ધર્મમાં પ્રવેશવા બાબત તેમની આડે આવ્યા.

૯૯. જ્યારે તક મળે ત્યારે કતલ કરી નાખે. માટે મુસ્લિમોએ પણ મુશ્રિકોને દાવમાં આવે ત્યારે છોડવા જોઈએ નહિ.

૧૦૦. કુફ્ર અને કરાર ભંગ કરવાનું છોડી દે અને ઈમાન સ્વીકારે અને,

૧૦૧. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યુ છે કે; આ આયતથી સાબિત થાય છે કે 'અહલે કિબલહ્નું લોહી (વહેવડાવવું) હરામ છે.

૧૦૨. આથી સાબિત થયું કે આયતોની વિગતો પર જેની દ્રષ્ટિ હોય તે 'આલિમ' (જાણકાર) છે.

અને તેમના હૃદયોની ગભરામણ મટાડશે.[૧૦૯] અને અલ્લાહ જેની ઈચ્છે તેની તવબહ સ્વીકારે.[૧૧૦] અને અલ્લાહ ઈલ્મ તેમજ હિકમતવાળો છે (૧૫) શું એવું ધારો છો કે (તમે) આમ જ મૂકી દેવાશો? અને હજુ તો અલ્લાહે તમારામાં જે જિહાદ કરશે[૧૧૧] તેમની ઓળખ કરાવી નથી. અને (તેઓ) અલ્લાહ અને તેના રસૂલ અને મુસ-લમાનો સિવાય કોઈને પોતાના જાણભેદુ નહિ બનાવે.[૧૧૨] અને અલ્લાહ તમારા કાર્યોનો જાણકાર છે (૧૬) મુશ્રિકોને છાજતું નથી કે (તેઓ) અલ્લાહની મસ્જિદો આબાદ કરે,[૧૧૩] પોતે પોતાના કુફ્રની સાક્ષી આપીને.[૧૧૪] તેમનું તો સર્વ કર્યું કરાવ્યું વ્યર્થ છે. અને તેઓ હમેશાં આગમાં રહેશે.[૧૧૫] (૧૭) અલ્લાહની મસ્જિદો તે જ આબાદ કરે છે જેઓ અલ્લાહ અને કયામત પર ઈમાન લાવે છે તેમજ નમાઝ સ્થાપિત કરે છે અને ઝકાત આપે છે,[૧૧૬] અને અલ્લાહ સિવાય કોઈથી ડરતા નથી.[૧૧૭] તો નજીક છે કે એ લોકો સત્ય માર્ગીઓમાં થાય (૧૮) તો શું તમે હાજીઓની પરબ અને મસ્જિદે હરામની સેવાને તેની



وَيُذْهِبْ غَيْظَ قُلُوبِهِمْ ۗ وَيَتُوبُ اللَّهُ عَلَىٰ مَنْ
يَشَاءُ ۗ وَاللَّهُ عَلِيمٌ حَكِيمٌ ﴿١٥﴾ أَمْ حَسِبْتُمْ أَنْ تُتْرَكُوا
وَلَمَّا يَعْلَمِ اللَّهُ الَّذِينَ جَاهَدُوا مِنْكُمْ وَلَمْ يَتَّخِذُوا
مِنْ دُونِ اللَّهِ وَلَا رَسُولِهِ وَلَا الْمُؤْمِنِينَ وَلِيجَةً ۚ
وَاللَّهُ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ ﴿١٦﴾ مَا كَانَ لِلْمُشْرِكِينَ
أَنْ يَعْمُرُوا مَسَاجِدَ اللَّهِ شَاهِدِينَ عَلَىٰ أَنْفُسِهِمْ
بِالْكُفْرِ ۚ أُولَٰئِكَ حَبِطَتْ أَعْمَالُهُمْ وَفِي النَّارِ هُمْ
خَالِدُونَ ﴿١٧﴾ إِنَّمَا يَعْمُرُ مَسَاجِدَ اللَّهِ مَنْ آمَنَ بِاللَّهِ
وَالْيَوْمِ الْآخِرِ وَأَقَامَ الصَّلَاةَ وَآتَى الزَّكَاةَ وَلَمْ
يَخْشَ إِلَّا اللَّهَ ۖ فَعَسَىٰ أُولَٰئِكَ أَنْ يَكُونُوا مِنَ
الْمُهْتَدِينَ ﴿١٨﴾ أَجَعَلْتُمْ سِقَايَةَ الْحَاجِّ وَعِمَارَةَ الْمَسْجِدِ

૧૦૩. આ આયતથી સાબિત થયું કે જિઝયો ભરીને ઈસ્લામી દેશમાં રહેતા કાફિર ખુલ્લી રીતે ઈસ્લામ ધર્મનું બુરૂ બોલે તેનો કરાર બાકી રહેતો નથી, અને તે શરણાગતીમાંથી નીકળી જાય છે, તેને કતલ કરવો જાઈઝ છે.

૧૦૪. આ આયતથી સાબિત થયું કે કાફિરો સાથે લડાઈ કરવામાં મુસલમાનોનો હેતુ એ છે કે તેમને કુફ્ર અને કુકર્મોથી રોકે.

૧૦૫. અને હુદેહબિયહની સંધી વખતના કરારનો ભંગ કર્યો, અને મુસલમાનો સાથે કરારથી જોડા-એલા ખઝાઆ કબીલા વિરુદ્ધ બની બક્ર કબીલાની મદદ કરી.

૧૦૬. મક્કા મૂકર્રમામાંથી. 'દારૂન્નદવહ'માં મશ્વરો કરીને.

૧૦૭. કતલ અને કેદ દ્વારા.

૧૦૮. તેમના પર વિજય આપશે.

૧૦૯. આ બધા વાયદાઓ પુરા થયા અને નબી સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની આગાહીઓ સાચી પડી, અને નબુવ્વતની સાબિતી અતિ સ્પષ્ટ થઇ ગઇ.

૧૧૦. આમાં નિર્દેશ છે કે અમુક મક્કાવાસીઓ કુફ્ર છોડીને તવબહ કરશે. અને આ આગાહી પણ સાચી ઠરી. જેમકે અબૂ સુફયાન, અકરમા બિન અબી જહલ, અને સહલ બિન અમ્ર ઇમાનથી પાવન થયા.

૧૧૧. અલ્લાહના માર્ગમાં નિખાલસતા પૂર્વક.

૧૧૨. આથી જણાયું કે નિખાલસ અને બિન નિખાલસમાં તફાવત પાડી દેવામાં આવશે અને આ

التوبة ٩ واعلموا ١٠

الْحَرَامِ كَمَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَجٰهَدَ
فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَوٗنَ عِنْدَ اللّٰهِ وَاللّٰهُ لَا
يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٩﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَ
هَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ
وَاَنْفُسِهِمْ اَعْظَمُ دَرَجَةً عِنْدَ اللّٰهِ وَاُولٰٓئِكَ
هُمُ الْفَآئِزُوْنَ ﴿٢٠﴾ يُبَشِّرُهُمْ رَبُّهُمْ بِرَحْمَةٍ مِّنْهُ
وَرِضْوَانٍ وَّجَنّٰتٍ لَّهُمْ فِيْهَا نَعِيْمٌ مُّقِيْمٌ ﴿٢١﴾
خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا اِنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ﴿٢٢﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ
اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ
وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٣﴾

**સમકક્ષ ઠેરવી લીધી જે અલ્લાહ અને કયામત પંર ઈમાન લાવ્યો? અને અલ્લાહના માર્ગમાં જિહાદ કર્યું? તે અલ્લાહ પાસે સરખું નથી. અને અલ્લાહ જુલ્મીઓને માર્ગ આપતો નથી[૧૧૮] (૧૯) તેઓ જે ઈમાન લાવ્યા અને હિજરત કરી અને પોતાની દૌલત અને જીવ વડે અલ્લાહના માર્ગમાં લડયા, અલ્લાહને ત્યાં તેમની પદવી મોટી છે.[૧૧૯] અને તેઓ જ નિર્ધારીત સ્થાને પહોંચ્યા[૧૨૦] (૨૦) તેમનો રબ તેમને પોતાની ખુશી અને રહમતની ખુશખબરી સંભળાવે છે,[૧૨૧] અને તે બગીચાઓની, જેમાં તેમને અનંત ન્યામત છે (૨૧) હમેશાં હમેશાં તેમાં રહેશે. બેશક! અલ્લાહ પાસે મહાન સવાબ છે (૨૨) અય ઈમાનાવાળાઓ! પોતાના બાપ અને પોતાના ભાઈઓને મિત્ર ન સમજો; જો તેઓ ઈમાન કરતાં કુફ્ર પસંદ કરતા હોય. અને તમારામાં જો કોઈ તેમની સાથે મિત્રતા કરશે તો તે જ જાલિમ છે.[૧૨૨] (૨૩)**

વાતનો હેતુ એ છે કે મુસલમાનોને મુશ્રિકો સાથે સંબંધ રાખવાથી અને પોતાના ભેદો તેમને પહોંચાડવાથી મનાઇ કરવામાં આવે.

૧૧૩. અહીં મસ્જિદોનું અર્થઘટન મસ્જિદે હરામ એટલે કે કા'બા શરીફ છે. એના માટે બહુવચનનું રૂપ એટલા માટે વપરાયું કે એ તમામ મસ્જિદોનો કિબ્લો અને ઇમામ છે. એને આબાદ કરનાર બધી મસ્જિદોને આબાદ કરનાર સમાન છે. અને બહુવચનનું રૂપ વાપરવાનું એક કારણ એ પણ હોઇ શકે કે મસ્જિદે હરામનો દરેક ભાગ મસ્જિદ છે. અને એ પણ બની શકે કે મસ્જિદો એટલે બધી જ મસ્જિદો હોય, અને કા'બા શરીફનો સમાવેશ પણ એમાં હોય. કારણ કે તે બધી મસ્જિદોનું પ્રમુખ છે.

**શાને નુઝૂલ** : કુરેશી કાફિરોના આગેવાનોનું એક જુથ જે બદ્રની લડાઇમાંથી પકડાયું હતું, અને તેમનામાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના કાકા હઝરત અબ્બાસ પણ હતા. સહાબાએ તેમને શિર્ક બદલ શરમ અપાવી. અને હઝરત અલીએ તો ખાસ હઝરત અબ્બાસને હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની સામે લડવા આવવા બદલ વત્તું ઓછું કહ્યું, હઝરત અબ્બાસે કહ્યું, તમે અમારા અવગુણો તો ગણી બતાવો છો પણ ગુણો સંતાડો છો. તેમને પૂછવામાં આવ્યું કે, શું તમે ગુણો પણ ધરાવો છો? ત્યારે તેમણે કહ્યું કે, હા! અમે તમારાથી શ્રેષ્ઠ છીએ. અમે મસ્જિદે હરામને આબાદ કરીએ છીએ, કા'બાની સેવા કરીએ છીએ, હાજીઓને પાણી પીવડાવીએ છીએ, કેદીઓને છોડાવીએ છીએ. ત્યારે આ આયત ઉતરી કે મસ્જિદોને આબાદ કરવું કાફિરોને છાજતું નથી. કારણ કે મસ્જિદ અલ્લાહની ઇબાદત કરવા આબાદ કરાય છે તો જે ખુદાનો જ ઇન્કાર કરતો હોય, તેની સાથે જ કુફ્ર કરે, તે શું મસ્જિદ આબાદ કરવાનો હતો?

واعلموا ١٠ — التوبة ٩

قُلْ إِنْ كَانَ آبَاؤُكُمْ وَأَبْنَاؤُكُمْ وَإِخْوَانُكُمْ
وَأَزْوَاجُكُمْ وَعَشِيرَتُكُمْ وَأَمْوَالٌ اقْتَرَفْتُمُوهَا
وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَمَسَاكِنُ تَرْضَوْنَهَا
أَحَبَّ إِلَيْكُمْ مِنَ اللَّهِ وَرَسُولِهِ وَجِهَادٍ فِي
سَبِيلِهِ فَتَرَبَّصُوا حَتَّىٰ يَأْتِيَ اللَّهُ بِأَمْرِهِ وَاللَّهُ
لَا يَهْدِي الْقَوْمَ الْفَاسِقِينَ ﴿٢٤﴾ لَقَدْ نَصَرَكُمُ اللَّهُ
فِي مَوَاطِنَ كَثِيرَةٍ وَيَوْمَ حُنَيْنٍ إِذْ أَعْجَبَتْكُمْ
كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنْكُمْ شَيْئًا وَضَاقَتْ عَلَيْكُمُ
الْأَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ وَلَّيْتُمْ مُدْبِرِينَ ﴿٢٥﴾
ثُمَّ أَنْزَلَ اللَّهُ سَكِينَتَهُ عَلَىٰ رَسُولِهِ وَعَلَى
الْمُؤْمِنِينَ وَأَنْزَلَ جُنُودًا لَمْ تَرَوْهَا

તમે ફરમાવો; જો તમારા બાપ અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી સ્ત્રીઓ અને તમારૂં કુટુંબ અને તમારી કમાણીના માલ અને તે સોદો જેમાં ખોટ જવાથી તમે ડરો છો અને તમારી પસંદગીના ઘરો, આ વસ્તુઓ અલ્લાહ અને તેના રસૂલ અને તેના માર્ગમાં લડવા કરતાં વધારે વહાલી હોય તો રાહ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે.[123] અને અલ્લાહ બિન આજ્ઞાંકિતોને માર્ગ આપતો નથી (૨૪) બેશક! તમારી મદદ કરી અલ્લાહે ઘણી જગ્યાઓમાં,[124] અને હુનેનના દિવસે, જ્યારે તમે તમારી બહુસંખ્યા પર ઈતરાઈ ગયા હતા ત્યારે તે તમારા કંઈ જ કામ ન લાગી.[125] અને ધરતી આટલી વિશાળ હોવા છતાં તમારા માટે સાંકડી બની ગઈ.[126] પછી તમે પીઠ ફેરવીને પરત થયા (૨૫) પછી અલ્લાહે પોતાની શાંતિ ઉતારી પોતાના રસૂલ પર,[127] અને મુસલમાનો પર,[128] અને એવા સૈન્યો ઉતાર્યા જે તમે જોયાં નહિ,[129] અને કાફિરોને અઝાબ કર્યો.[130] અને

અને "આબાદ કરવા" ના અર્થઘટન વિષે પણ અમુક મંતવ્યો છે. એક એ કે આબાદ કરવું એટલે મસ્જિદ બનાવવી, ઊંચી કરવી, મરામત કરવી વિગેરે. કાફિરને આવું કરવા દેવાની મનાઇ કરવામાં આવશે. બીજું એ કે મસ્જિદ આબાદ કરવી એટલે તેમાં પ્રવેશવું, બેસવું વિગેરે.

૧૧૪. અને મૂર્તિપૂજાનો સ્વીકાર કરીને. અર્થાત બન્ને બાબતો કેવી રીતે ભેગી થઇ શકે? કે માણસ કાફિર પણ હોય અને ખાસ ઇસ્લામી અને તવહીદના ઇબાદતખાનાને આબાદ પણ કરે!

૧૧૫. કારણ કે કુફ્રના સમય દરમ્યાન કરાએલા અમલ સ્વીકાર્ય નથી, ન મહેમાનદારી ન હાજીઓની સેવા અને ન તો કેદીઓને છોડાવવા. એટલા માટે કે કાફિરનું કોઇ પણ કામ અલ્લાહ ખાતર તો હોતુ નથી. તેથી તેના બધાં કાર્યો વ્યર્થ છે. અને જો તે એ કુફ્રમાં જ મરણ પામે તો તેમના માટે જહન્નમમાં હમેશાંનો અઝાબ છે.

૧૧૬. આ આયતમાં વર્ણવાયું કે મસ્જિદોને આબાદ કરવા માટે હકદાર મો'મિનો છે. મસ્જિદોને આબાદ કરવામાં આ કામોનો પણ સમાવેશ થાય છે, ઝાડુ આપવી, સાફ સફાઇ કરવી, રોશની કરવી, અને મસ્જિદોને દુનિયાદારીની વાતો અને એવી બાબતોથી જાળવવી જેના માટે તે બનાવાઇ નથી. મસ્જિદો ઇબાદત અને અલ્લાહની યાદ કરવા માટે બનાવવામાં આવી છે. અને ઇલ્મ શીખવવા સબક આપવો એ પણ તેની યાદમાં સમાવિષ્ટ છે.

૧૧૭. અર્થાત કોઇના રાજીપણા કોઇ પણ ભય કે ચિંતાના કારણે અલ્લાહની ખુશી પર પ્રાથમિકતા આપતા નથી. અલ્લાહથી ડરવાનો અને અન્યથી નહીં ડરવાનો અર્થ એ જ છે.

૧૧૮. મતલબ કે કાફિરોને મો'મિનો સાથે કશી લેવાદેવા નથી, અને ન તેમના કર્મો આમના કર્મો સાથે સરખાવી શકાય, કારણ કે કાફિરના કર્મો તો વ્યર્થ છે, ભલે પછી તે હાજીઓ માટે પરબ માંડે કે મસ્જિદે હરામની સેવા કરે. તેમના આમાલને મો'મિનોના આમાલ જેવા ઠેરવવા એ જુલ્મ છે.

**શાને નુઝૂલ** : બદ્રના દિવસે જ્યારે હઝરત અબ્બાસ પકડાઇને આવ્યા, ત્યારે તેમણે સહાબાને કહ્યું કે, 'જો તમને ઇસ્લામ, હિજરત અને જિહાદ દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત છે, તો અમને પણ મસ્જિદે હરામની સેવા અને હાજીઓ માટે પરબો માંડવાનું સુભાગ્ય સાંપડેલું છે.' ત્યારે આ આયત ઉતરી, અને સૂચન કરવામાં આવ્યું કે, જે અમલ ઇમાન સાથે ન હોય તે બેકાર છે

૧૧૯. બીજાઓ કરતાં.

૧૨૦. અને દુનિયા તથા આખિરતનુ અહોભાગ્ય તેમના જ ફાળે ગયું.

૧૨૧. અને આ સર્વોત્તમ ખુશખબર છે. કારણ કે માલિકની મહેરબાની અને ખુશી એ બન્દાનો સર્વથી મહાન હેતુ અને વહાલી મનોકામના છે.

૧૨૨. જ્યારે મુસલમાનોને મુશ્રિકો સાથેથી સંબંધો તોડી નાખવાનો આદેશ આપવામાં આવ્યો ત્યારે અમુક લોકોએ કહ્યું કે, એ કેમ કરી શક્ય છે કે માણસ પોતાના બાપ, ભાઇ વિગેરે સંબંધીઓ સાથેથી સંબંધો તોડી નાખે? ત્યારે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે કાફિરો સાથે સંબંધો જાઇઝ નથી, તેમની સાથે ગમે તેવી સગાઇ હોય તો પણ જેમકે આગળ ફરમાવ્યું.

૧૨૩. અને ત્વરીત આવનાર અઝાબમાં સપડાવે અથવા લાંબા ગાળે આવનારા અઝાબમાં પકડે. આ આયતથી સાબિત થયું કે દીનને જાળવવા ખાતર દુનિયાનાં કષ્ટો સહન કરવા મુસલમાન માટે અનિવાર્ય છે. અને અલ્લાહ અને તેના રસૂલના આજ્ઞાપાલન સામે દુનિયાના સંબંધો ધ્યાન આપવા લાયક નથી. અને ખુદા તેમજ રસૂલની મહોબ્બત ઇમાનની દલીલ છે.

૧૨૪. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની લડાઇઓમાં મુસલમાનોને વિજય આપ્યો, જેમકે બદ્ર, કુરેઝા, નુદેર, હુદેબિયહ, ખૈબર અને મક્કાના વિજય વખતે.

૧૨૫. હુનૈન એક તળેટી છે તાઇફની નજીક, મક્કા મૂકર્રમાથી અમુક માઇલના અંતરે. આ સ્થળે મક્કાના વિજય પછી થોડા જ દિવસે હવાઝન અને સકીફ કબીલાઓ સાથે લડાઇ થઇ. આ લડાઇમાં મુસલમાનોની સંખ્યા ઘણી વધારે, બાર હજાર કે તેથી વધારે હતી. અને મુશ્રિકો ચાર હજાર હતા. જ્યારે બન્ને સૈન્યો સામસામાં થયાં ત્યારે મુસલમાનોમાંથી એક માણસે પોતાની વધારે સંખ્યા જોઇને કહ્યું કે, હવે તો આપણે કદાપી પરાજીત થઇશું નહીં. આ વાક્ય હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ઘણું અનુચિત લાગ્યું, કારણ કે હુઝૂર પ્રત્યેક પરિસ્થિતમાં અલ્લાહ પર વિશ્વાસ ધરાવતા હતા. અને સંખ્યાના વધારે કે ઓછા હોવા પર દ્રષ્ટિ રાખતા ન હતા. લડાઇ શરૂ થઇ, અને ખૂબ ઘમાસણ થયું મુશ્રિકો ભાગ્યા, અને મુસલમાન ગનીમતનો સામાન લેવામાં પડયા. ત્યારે નાસી છુટેલા લશ્કરે તક ઝડપી લીધી, અને તીરોની વર્ષા વરસાવી દીધી. તીરંદાઝીમાં તેઓ ખૂબ નિપૂણતા ધરાવતા હતા. પરિણામ એ આવ્યું કે એ અંધાધુંધીમાં મુસલમાનોના પગ ઉખડી ગયા, અને સૈન્ય ભાગ્યું. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે આપના કાકા હઝરત અબ્બાસ અને આપના પિત્રાઇ અબૂ સુફયાન બિનહારિસ સિવાય કોઇ રહ્યું નહી. હુઝૂરે તે સમયે પોતાની સવારીને કાફિરો તરફ આગળ ધપાવી, અને હઝરત અબ્બાસને હુકમ આપ્યો કે તેઓ બુમો પાડીને આપના સહાબાને બોલાવે. તેમનો પોકાર સાંભળી તેઓ લબ્બૈક, લબ્બૈક બોલતા હાજર થયા, અને કાફિરો સાથે

નકાર કરનારાઓની એ જ સજા છે (૨૬) ફરી પછી અલ્લાહ જેને ઈચ્છશે તેને તવબહ આપશે,[૧૩૧] ને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૭) અય ઈમાનવાળાઓ! મુશ્રિકો નર્યા નાપાક છે.[૧૩૨] તો આ વર્ષ પછી તેઓ મસ્જિદે હરામ પાસે આવવા પામે નહિ.[૧૩૩] અને જો તમને મોહતાજીનો ભય[૧૩૪] છે તો નજીકમાં જો અલ્લાહ તમને માલદાર કરી આપશે, પોતાની કૃપાથી જે ઈચ્છે તો.[૧૩૫] બેશક! અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે. (૨૮) જેઓ અલ્લાહ પર અને કયામત પર ઈમાન નથી લાવતા,[૧૩૬] અને જેને અલ્લાહે અને તેના રસૂલે હરામ કર્યું તેને હરામ માનતા નથી,[૧૩૭] અને સત્ય ધર્મ[૧૩૮] ના અનુયાયી બનતા નથી, એટલે કે જેમને કિતાબ આપવામાં આવી તેઓ, તેમની સાથે લડો, ત્યાં સુધી કે (તેઓ) અપમાનિત થઈને પોતાના હાથે જિઝયો આપે નહિ[૧૩૯] (૨૯) અને યહૂદીઓ બોલ્યા; ઉઝૈર અલ્લાહનો પુત્ર છે[૧૪૦] અને ખ્રિસ્તીઓ બોલ્યા, મસીહ અલ્લાહનો દીકરો

واعلموا ١٠ التوبة ٩

وَعَذَّبَ الَّذِينَ كَفَرُوا ۚ وَذَٰلِكَ جَزَاءُ الْكَافِرِينَ ﴿٢٦﴾
ثُمَّ يَتُوبُ اللَّهُ مِنْ بَعْدِ ذَٰلِكَ عَلَىٰ مَنْ يَشَاءُ ۗ
وَاللَّهُ غَفُورٌ رَحِيمٌ ﴿٢٧﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنَّمَا
الْمُشْرِكُونَ نَجَسٌ فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ
بَعْدَ عَامِهِمْ هَٰذَا ۚ وَإِنْ خِفْتُمْ عَيْلَةً فَسَوْفَ
يُغْنِيكُمُ اللَّهُ مِنْ فَضْلِهِ إِنْ شَاءَ ۚ إِنَّ اللَّهَ
عَلِيمٌ حَكِيمٌ ﴿٢٨﴾ قَاتِلُوا الَّذِينَ لَا يُؤْمِنُونَ بِاللَّهِ
وَلَا بِالْيَوْمِ الْآخِرِ وَلَا يُحَرِّمُونَ مَا حَرَّمَ
اللَّهُ وَرَسُولُهُ وَلَا يَدِينُونَ دِينَ الْحَقِّ
مِنَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ حَتَّىٰ يُعْطُوا الْجِزْيَةَ
عَنْ يَدٍ وَهُمْ صَاغِرُونَ ﴿٢٩﴾ وَقَالَتِ الْيَهُودُ

(ફરી) લડાઇ શરૂ થઇ. જ્યારે લડાઇ ખૂબ ચગી ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના શુભ હાથોમાં કાંકરીઓ લઇને કાફીરોના મોઢાંઓ પર મારી, અને ફરમાવ્યું, "મોહમ્મદના રબની કસમ! ભાગી છુટયા" કાંકરાઓ માર્યા કે તુરત જ કાફિરો નાસી છુટયા. અને હુઝૂરે તેમની ગનીમતો મુસલમાનોને વહેંચી આપી. આ આયતોમાં તે બનાવનો ઉલ્લેખ છે.

૧૨૬. અને તમે ત્યાં ઉભા રહી શક્યા નહીં.

૧૨૭. કે (આપ) શાંતિથી પોતાના સ્થાને અટલ રહ્યા.

૧૨૮. કે હઝરત અબ્બાસના પોકારથી નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે પાછા ફર્યા.

૧૨૯. અર્થાત ફરિશ્તાઓ, જેમને કાફિરોએ કાબરા ઘોડાઓ પર સફેદ પોશાકમાં પાઘડી બાંધેલા જોયા. આ ફરિશ્તાઓ મુસલમાનોનો દબદબો વધારવા આવ્યા હતા. આ લડાઇમાં તેમણે યુદ્ધ કર્યું નથી યુદ્ધ માત્ર બદ્રમાં કર્યું હતું.

૧૩૦. કે પકડાયા અને માર્યા ગયા. તેમનાં બાલબચ્ચાં અને માલ મુસલમાનોના હાથ લાગ્યા.

૧૩૧. અને ઇસ્લામની તવફીક આપશે. જેમકે હવાઝનના બાકીના લોકોને તવફીક આપી, કે તેઓ મુસલમાન થઇને હુઝૂરની સેવામાં હાજર થયા. અને હુઝૂરે તેમના કેદીઓને મુક્તિ આપી.

૧૩૨. તેમનું અંતર નાપાક છે. તેઓ નાપાકી ધારણ કરે છે, ન નાપાકીઓથી બચે છે.

૧૩૩. ન હજ માટે, ન ઉમરા માટે. અને 'આ વર્ષ' એટલે ૯ હિ.સ. અને મુશ્રિકોને મનાઇ કરવાનો અર્થ એ કે મુસલમાનો તેમને રોકે.

عُزَيْرُ ابْنُ اللّٰهِ وَقَالَتِ النَّصٰرَى الْمَسِيْحُ ابْنُ
اللّٰهِ ذٰلِكَ قَوْلُهُمْ بِاَفْوَاهِهِمْ يُضَاهِـُٔوْنَ قَوْلَ
الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَبْلُ قَاتَلَهُمُ اللّٰهُ اَنّٰى
يُؤْفَكُوْنَ ﴿٣٠﴾ اِتَّخَذُوْا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا
مِّنْ دُوْنِ اللّٰهِ وَالْمَسِيْحَ ابْنَ مَرْيَمَ وَمَا اُمِرُوْا اِلَّا
لِيَعْبُدُوْا اِلٰهًا وَّاحِدًا لَا اِلٰهَ اِلَّا هُوَ سُبْحٰنَهٗ عَمَّا
يُشْرِكُوْنَ ﴿٣١﴾ يُرِيْدُوْنَ اَنْ يُّطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ
وَيَاْبَى اللّٰهُ اِلَّا اَنْ يُّتِمَّ نُوْرَهٗ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ﴿٣٢﴾
هُوَ الَّذِيْ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ
لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ﴿٣٣﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ كَثِيْرًا مِّنَ الْاَحْبَارِ وَالرُّهْبَانِ

છે. આ વાતો તેઓ પોતાના મોઢેથી ઠોકે છે.[૧૪૧] આગલા કાફિરો જેવી વાત બનાવે છે. અલ્લાહ તેમનો નાશ કરે! ક્યાં ઊંધા મરે છે[૧૪૨] (૩૦) તેમણે પોતાના પાદરીઓ અને જોગીઓને અલ્લાહ સિવાય (ના) ખુદા બનાવી લીધા.[૧૪૩] અને મરયમના પુત્ર મસીહને (પણ).[૧૪૪] અને તેમને એક અલ્લાહને પૂજવા સિવાય અન્ય હુકમ ન હતો.[૧૪૫] તેના સિવાય કોઈની બંદગી નથી. તેને તેમના શિર્કથી પવિત્રતા છે (૩૧) અલ્લાહનું નૂર[૧૪૬] પોતાના મોઢા વડે હોલવી નાખવા માંગે છે. અને અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કર્યા વગર માનશે નહિ[૧૪૭] ભલે કાફિરો ખોટું લગાડીને પડયા રહે (૩૨) (અલ્લાહ) તે જ છે જેણે પોતાના રસૂલ[૧૪૮] ને સત્ય માર્ગ અને સાચા ધર્મ સાથે મોકલ્યો, કે તેને બધા ધર્મો પર વિજયી બનાવે.[૧૪૯] ભલે મુશ્રિકો માઠુ લગાડીને પડયા રહે (૩૩) અય ઈમાનવાળાઓ! નિશંક ઘણા પાદરી અને જોગી, લોકોના માલ નાહક ખાઈ જાય છે.[૧૫૦] અને અલ્લાહના માર્ગ[૧૫૧]થી

૧૩૪. કે મુશ્રિકોને હજમાં આવવાથી રોકી દેવામાં વેપારોનું નુકસાન થશે અને મક્કાવાસીઓને તંગી વેઠવી પડે.

૧૩૫. અકરમાએ કહ્યું કે, અલ્લાહે તેમને એવી રીતે જ માલદાર કરી દીધા. વરસાદ ખૂબ થયો. ઉત્પન્ન પુષ્કળ થયું. મકાતિલે કહ્યું કે, યમનના પ્રદેશોના લોકો મુસલમાન થયા, અને તેમણે પોતાની દૌલત મક્કાવાસીઓ માટે પુષ્કળ પ્રમાણમાં વાપરી.

'જો ઇચ્છે તો' એવું કહેવામાં બન્દા માટે એ તાલીમ છે કે તે ભલાઇ માંગવા માટે અને મુસીબતો હટાવવા ખાતર હમેશાં અલ્લાહ તરફ ધ્યાન રાખે. અને દરેક બાબતને તેની મરજી સાથે સંબંધિત સમજે.

૧૩૬. અલ્લાહ પર ઇમાન લાવવાનો અર્થ એ છે કે, તેની ઝાત અને બધા જ ગુણો અને પવિત્રતાને માને. અને જે વાત તેને અણછાજતી હોય તેવી બાબત સાથે તેને સંબંધિત કરે નહિ. અને અમુક તફસીરકારોએ રસૂલો પર ઈમાન લાવવાને પણ અલ્લાહ પર ઇમાન લાવવામાં સમાવિષ્ટ કર્યું છે, તો યહૂદીઓ અને ખ્રિસ્તીઓ જો કે અલ્લાહ પર ઈમાન હોવાનો દાવો કરે છે, પણ તેમનો એ દાવો ખરો નથી. કારણ કે યહૂદીઓ અલ્લાહનું શરીર હોવાની અને અમુક આકૃતિનો હોવાની માન્યતા ધરાવે છે. જ્યારે ખ્રિસ્તીઓ હુલૂલ (શરીર પ્રવેશ) ને માને છે. તો તેઓને અલ્લાહ પર ઈમાન લાવનાર કેવી રીતે માની શકાય? એવી જ રીતે યહૂદીઓમાંથી અમુક હઝરત ઉઝૈરને અલ્લાહનો પુત્ર, અને ખ્રિસ્તીઓ હઝરત મસીહને અલ્લાહનો પુત્ર માને છે. તો એમાંથી કોઈ પણ અલ્લાહ પર ઈમાન લાવનાર થયું નહિ. એવી જ રીતે જે એક પણ રસૂલને જૂઠાડે તે અલ્લાહ પર ઈમાન લાવનાર કહેવાય નહિ. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ ઘણાં નબીઓને

જૂઠાડે છે, માટે તેઓ અલ્લાહને માનનાર કહેવાય નહિ.

**શાને નુઝૂલ** :- મુજાહિદનું કહેવું છે કે; આ આયત તે સમયે ઉતરી જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહો એલયહિ વસલ્લમને રોમ સાથે લડાઈ કરવાનો હુકમ આપવામાં આવ્યો. અને એના ઉતર્યા પછી જ તબુકની લડાઈ થઈ. કલ્બીનું કહેવું છે કે; આ આયત યહૂદીઓના કબીલાઓ બનુ કુરેઝા અને નુદેર બાબત ઉતરી. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લામ તેમની સાથે સુલહ કરાવાનું સ્વીકાર્યું અને એ જ પ્રથમ જિઝયો છે જે ઈસ્લામીઓને મળ્યો. અને એ જ પ્રથમ અપમાન છે જે મુસલમાનોના હાથે કાફિરોને મળ્યું.

૧૩૭. એટલે કે કુરઆન અને હદીષમાં જે હલાલ અને હરામનું વર્ણન કરાયું છે તેને માનતા નથી. અમુક મુફસ્સિરો એવો અર્થ બતાવે છે કે; તવરાત અને ઈન્જીલ મુજબ અમલ કરતા નથી. તેમાં ફેરફાર કરે છે, અને હુકમો પોતાના મનથી ઉપજાવી કાઢે છે.

૧૩૮. ઈસ્લામ, ખુદાઈ ધર્મ.

૧૩૯. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ જેઓ ઈસ્લામી રાજ્ય સાથે કરારથી બંધાયા હોય તેમની પાસેથી જે ખેરાજ (કર) લેવામાં આવે છે તેનું નામ જિઝયો છે.

મસાઈલ :- જિઝયો રોકડા લેવામાં આવશે, એમાં ઉધાર નથી.

(અ) જિઝયો આપનારે પોતે હાજર થઈને આપવો જોઈએ.

(બ) પગે ચાલીને લાવે અને ઉભો રહીને આપે.

(ક) અરબના મુશ્રિકો પાસેથી જિઝયો સ્વીકારશે નહિ તે સિવાયના બીજા કાફિરો જિઝયાની બાબતમાં યહૂદીઓ અને ખ્રિસ્તીઓ સાથે ગણાશે.

(ખ) ઈસ્લામનો સ્વીકાર કરવાથી જિઝયો માફ થઈ જશે.

જિઝયો નક્કી કરવાનું રહસ્ય એ છે કે કાફિરોને ઈસ્લામની ખૂબીઓ અને દલીલો જોવાની અને સમજવાની મહેતલ આપવામાં આવે, અને પહેલાની કિતાબોમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની ખબર, આપના વખાણ અને વર્ણન જોઈને ઈસ્લામથી પાવન થવાની તક આપવામાં આવે.

૧૪૦. એહલે કિતાબની અધાર્મિકતાનું જે વર્ણન ઉપર કરવામાં આવ્યું, આ તેની વિગત છે; કે તેઓ અલ્લાહ બાબત એવી અશિષ્ટ માન્યતાઓ ધરાવે છે. અને મખ્લૂકને અલ્લાહનો પુત્ર બનાવીને પૂજે છે.

**શાને નુઝૂલ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં યહૂદીઓનું એક ટોળું હાજર થયું. તેઓ કહેવા લાગ્યા કે; અમે તમારા અનુયાયી કેવી રીતે બનીએ? તમે તો અમારો કિબ્લો પણ છોડી દીધો, અને તમે હઝરત ઉઝૅરને ખુદાનો પુત્ર પણ નથી માનતા. ત્યારે આ આયત ઉતરી.

૧૪૧. જેના વિષે કોઈ દલીલ કે પુરાવો નથી. અને પાછા પોતાની અજ્ઞાનતાના કારણે એ સ્પષ્ટ અસત્યને માને પણ છે.

૧૪૨. અને અલ્લાહ એક હોવા બાબત દલીલો અને પુરાવા સ્પષ્ટ થઈ ગયા છતાં પણ આવા કુફ્રમાં સંડાવાએલા રહે છે.

૧૪૩. અલ્લાહનો હુકમ ત્યજીને તેમના આદેશને અનુસર્યા.

૧૪૪. તેમને પણ ખુદા બનાવ્યા અને તેમની બાબત એવી ખોટી માન્યતા ઉભી કરી કે તેઓ ખુદા અથવા ખુદાના દીકરા છે, અથવા ખુદા તેમના શરીરમાં પ્રવેશ્યો છે.

૧૪૫. તેમની કિતાબોમાં; ન તેમના નબીઓ તરફથી.

રોકે છે. અને જેઓ સોનું અને ચાંદી સાચવી સાચવીને રાખે છે, અને તેને અલ્લાહના રસ્તામાં વાપરતા નથી,[૧૫૨] તેમને કષ્ટદાયક અઝાબની ખુશખબર સંભળાવો (૩૪) જે દિવસે તે જહન્નમની આગ[૧૫૩]માં તપાવવામાં આવશે, પછી તેનાથી તેમની પેશાનીઓ પર ડામ દેવામાં આવશે, અને સોડમાં અને પીઠમાં.[૧૫૪] આ છે (તે) જે તમે પોતાના માટે સાચવીને રાખ્યું હતું. હવે એ સાચવવાનો સ્વાદ ચાખો (૩૫) બેશક! મહીનાઓની ગણત્રી અલ્લાહ પાસે બાર મહિના છે.[૧૫૫] અલ્લાહની કિતાબમાં.[૧૫૬] જ્યારથી તેને આકાશ અને ધરતી બનાવ્યાં. તેમાંથી ચાર મર્યાદા-વાળા છે.[૧૫૭] આ સીધો ધર્મ છે. તો એ મહીનાઓમાં[૧૫૮] પોતાના પ્રાણો પર જુલ્મ ન કરો, અને મુશ્રિકો સાથે પ્રત્યેક સમયે લડો, જેવી રીતે તેઓ તમારી સાથે દરેક સમયમાં લડે છે. અને જાણી લો કે અલ્લાહ પરહેઝગારોની સાથે છે[૧૫૯] (૩૬) તેમનું મહીનાઓને પાછા ઠેલવું કુફ્રમાં

واعلموآ ١٠ التوبة ٩

لَيَأْكُلُونَ أَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَيَصُدُّونَ
عَنْ سَبِيلِ اللَّهِ ۗ وَالَّذِينَ يَكْنِزُونَ الذَّهَبَ وَ
الْفِضَّةَ وَلَا يُنْفِقُونَهَا فِي سَبِيلِ اللَّهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ
أَلِيمٍ ﴿٣٤﴾ يَوْمَ يُحْمَىٰ عَلَيْهَا فِي نَارِ جَهَنَّمَ فَتُكْوَىٰ بِهَا
جِبَاهُهُمْ وَجُنُوبُهُمْ وَظُهُورُهُمْ ۖ هَٰذَا مَا كَنَزْتُمْ لِأَنْفُسِكُمْ
فَذُوقُوا مَا كُنْتُمْ تَكْنِزُونَ ﴿٣٥﴾ إِنَّ عِدَّةَ الشُّهُورِ
عِنْدَ اللَّهِ اثْنَا عَشَرَ شَهْرًا فِي كِتَابِ اللَّهِ يَوْمَ
خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ مِنْهَا أَرْبَعَةٌ حُرُمٌ
ذَٰلِكَ الدِّينُ الْقَيِّمُ ۚ فَلَا تَظْلِمُوا فِيهِنَّ أَنْفُسَكُمْ
وَقَاتِلُوا الْمُشْرِكِينَ كَافَّةً كَمَا يُقَاتِلُونَكُمْ كَافَّةً
وَاعْلَمُوا أَنَّ اللَّهَ مَعَ الْمُتَّقِينَ ﴿٣٦﴾ إِنَّمَا النَّسِيءُ

منزل ٢

૧૪૬. અર્થાત ઈસ્લામ ધર્મ, અથવા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વતની સાબિતીઓ.

૧૪૭. પોતાના ધર્મને વિજય આપશે.

૧૪૮. મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

૧૪૯. અને તેની સાબિતી મજબૂત કરે, અને તેના દ્વારા બીજા ધર્મોને રદબાતલ કરે. જેમ કે અલ્હમ્દુલિલ્લોહ એવું જ થયું. ઝહાકનું કહેવું છે કે; આ પરિસ્થિતિ હઝરત ઈસાના ઉતરાણ વેળા સર્જાશે, જયારે કોઈ પણ ધર્મને માનનાર એવો નહિ હોય જે ઈસ્લામમાં દાખલ નહિ થાય. હઝરત અબૂ હુરેરાએ હદીષ બયાન કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; હઝરત ઈસા અલયહિસ્સલામના સમયમાં ઈસ્લામ સિવાય પ્રત્યેક ધાર્મિક જુથ નાશ પામશે.

૧૫૦. એવી રીતે કે લોકો પાસે લાંચ લઈને ધર્મના આદેશો બદલી નાખે છે. અને પોતાની કિતાબોમાં ધનની લાલચથી ફેરફાર કરી નાખે છે. અને પહેલાંની કિતાબોમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણો અને વખાણનું જે વર્ણન છે ધન પ્રાપ્તિ માટે તેમાં અયોગ્ય અર્થઘટનો અને ફેરફાર કરે છે.

૧૫૧. ઈસ્લામથી, અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવવાથી.

૧૫૨. કંજૂસાઈ કરે છે અને માલ દોલતના હક પુરા કરતા નથી, ઝકાત આપતા નથી.

**શાને નુઝૂલ** :- સદીનું કહેવું છે કે આ આયત ઝકાતનું ઈન્કાર કરનારાઓ બાબત ઉતરી. જ્યારે અલ્લાહ તઆલાએ પાદરીઓ અને જોગીઓની ધન લાલસાનું વર્ણન કર્યું, ત્યારે (મોકાસર) મુસલમાનોને

واعلموا ١٠ التوبة ٩

زيادة في الكفر يضل به الذين كفروا يحلونه
عاما ويحرمونه عاما ليواطئوا عدة ما حرم
الله فيحلوا ما حرم الله زين لهم سوء أعمالهم
والله لا يهدي القوم الكافرين (٣٧) يا أيها الذين
آمنوا ما لكم إذا قيل لكم انفروا في سبيل الله
اثاقلتم إلى الأرض أرضيتم بالحياة الدنيا
من الآخرة فما متاع الحياة الدنيا في الآخرة
إلا قليل (٣٨) إلا تنفروا يعذبكم عذابا أليما
ويستبدل قوما غيركم ولا تضروه شيئا والله
على كل شيء قدير (٣٩) إلا تنصروه فقد نصره
الله إذ أخرجه الذين كفروا ثاني اثنين

**ઓર વધારે આગળ ધપવા[૧૬૦] સિવાય બીજું કશું નથી. એનાથી કાફિરોને ભટકાવવામાં આવે છે. એક વરસ તેને[૧૬૧] હલાલ ઠેરવે છે, અને બીજા વરસ તેને હરામ ગણે છે જેથી તે ગણત્રી મુજબ થઈ જાય જે અલ્લાહે હરામ ફરમાવી.[૧૬૨] અને અલ્લાહના હરામ કરેલાં હલાલ ઠેરવે. તેમના કુકૃત્યો તેમની આંખોમાં સારાં લાગે છે. અને અલ્લાહ કાફિરોને માર્ગ આપતો નથી (૩૭) અય ઈમાનવાળાઓ! તમને શું થયું? જ્યારે તમને કહેવામાં આવે છે કે અલ્લાહના માર્ગમાં કૂચ કરો, ત્યારે (તમે) ભારના માર્યા ધરતી પર બેસી જાવ છો?[૧૬૩] શું તમે આખિરતને બદલે દુનિયાનું જીવન પસંદ કરી લીધું? અને (આ) જીવતી (જાગતી) દુનિયાનો સરસામાન તો આખિરત સામે માત્ર જુજ છે[૧૬૪] (૩૮) જો કુચ નહિ કરો તો[૧૬૫] તમને સખ્ત સજા કરશે, અને તમારા સ્થાને બીજા લોક લઈ આવશે.[૧૬૬] અને તમે તેનું કંઈ બગાડી શકશો નહિ. અને અલ્લાહ સર્વ કંઈ કરી શકે છે (૩૯) જો તમે મહબૂબ (પૈગમ્બર) ની મદદ નહિ કરો, તો બેશક! અલ્લાહે તેમની મદદ કરેલી છે જ્યારે કાફિરોના તોફાનના લીધે**

ધન ભેગું કરવાથી અને તેના હક પુરા ન કરવાથી ડરાવ્યા.

હઝરત ઈબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હૂમાના હવાલાથી બયાન કરાયું છે કે; જે માલ દૌલતની ઝકાત આપવામાં આવી હોય તે 'કન્ઝ' એટલે કે સાચવી સાચવીને રાખેલી ગણાય નહિ. ભલે તે દાટેલો ખઝાનો હોય. અને જેની ઝકાત આપવામાં આવી નથી તે 'કન્ઝ' એટલે કે સાચવી સાચવીને રાખેલી કહેવાશે. જેના વિષે કુરઆનમાં કહેવાયું છે કે તેને તપાવીને તેનાથી તેના માલિકને ડામ દેવાશે.

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સહાબાએ પૂછ્યું કે; સોના ચાંદીની તો આવી હકીકત માલમ પડી. તો પછી કયો માલ ભેગો કરવા માટે ઉત્તમ છે? જવાબ આપ્યો કે; અલ્લાહની યાદ કરનાર જીભ, અને શુકર કરનારૂં હૃદય, અને નેક પત્ની જે ઈમાનદાર માણસને તેના ઈમાનમાં સહાય કરે. અર્થાત પરહેઝગાર હોય કે જેની સાથે રહેવાથી ઈબાદત અને ફરમાંબરદારીનો શોખ વધે. (તિરમિઝી)

**મસઅલો** :- ધન દોલત ભેગી કરવી મુબાહ છે, ખરાબ નથી. જ્યારે કે તેના હક્કો ભરપાઈ કરવામાં આવે. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ અને હઝરત તલ્હા વિગેરે સહાબા માલદાર હતા. અને જે સહાબા ધન ભેગું કરવાથી ઘૃણા ધરાવતા હતા, તેમણે એમની સામે કદી વાંધો ઉઠાવ્યો નથી.

૧૫૩. અને અધિક ગરમીના કારણે સફેદ થઈ જશે.

૧૫૪. શરીરની આજુબાજુના બધા ભાગો. અને કહેવામાં આવશે;

૧૫૫. અહીં બયાન કરવામાં આવ્યું કે શરીઅતના હુકમોની ગણત્રી ચંદ્રના મહિનાઓથી થાય છે. જેનો હિસાબ ચંદ્રદર્શનથી થાય છે.

૧૫૬. 'અલ્લાહની કિતાબ' નો અર્થ અહીં યા લવહે મહફૂઝ થાય છે યા કુરઆન શરીફ, અથવા તે હુકમ જે તેણે પોતાના બન્દાઓ પર લાઝિમ કર્યો.

૧૫૭. ત્રણ લગાતાર ઝિલકદહ, ઝિલહજ્જ, મોહર્રમ. અને એક છુટો તે રજબ, અરબો અજ્ઞાનયુગમાં પણ આ મહીનાઓની મર્યાદા જાળવતા હતા, અને એમાં લડાઈને હરામ સમજતા હતા. ઈસ્લામમાં એ મહિનાઓની મર્યાદા અને ઈજ્જત ઓર વધારવામાં આવી.

૧૫૮. ગુનોહ અને આજ્ઞાનું ઉલ્લંઘન કરીને.

૧૫૯. તેમની મદદ અને સહાય કરશે.

૧૬૦. "અન્નસી" નો અર્થ શબ્દ કોષમાં સમયને પાછો ઠેલવો થાય છે. અને અહીં હરામ મહીનાની મર્યાદાને બીજા મહીના પર નાખી દેવાનો અર્થ થાય છે. અજ્ઞાનયુગમાં અરબો હરામ મહીના (ઝિલઅકદ, ઝિલહજ, મોહર્રમ, રજબ)ની મર્યાદા અને ઈજ્જતને માનતા હતા. તો જો કદી લડાઈના સમયમાં આ મર્યાદા વાળા મહિના આવી જતા ત્યારે તેમને ઘણું અઘરૂં લાગતું હતું. જેથી તેમણે એવું કર્યું કે, એક મહીનાની મર્યાદા બીજા પર નાખવા માંડયા, મોહર્રમની મર્યાદા સફર પર નાખીને મોહર્રમમાં લડાઈ ચાલુ રાખતા, અને એના બદલે સફરને હરામ મહીનો ઠેરવી લેતા. અને જ્યારે એમાંથી પણ મર્યાદા હટાવવાનું આવશ્યક જાણતા ત્યારે તેમાં પણ લડાઈ હલાલ કરી લઈને રબીઉલ અવ્વલને હરામ મહીનો બનાવી કાઢતા. આમ મર્યાદા વરસના બધા મહીનાઓમાં ફરતી રહેતી. અને તેમના એવા આચરણથી હરામ મહિનાઓની વિશેષતા જ બાકી રહી નહિ. એવી જ રીતે હજને પણ જુદા જુદા મહીનામાં ઘુમાવ્યા કરતા હતા. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે હજ્જતુલ વિદાઅમાં એલાન ફરમાવ્યું કે; મહીનાઓની મર્યાદા ઠેલવાનું ગયું ગુજર્યું થયું. હવે મહીનાના સમયોની અલ્લાહની બનાવેલી પદ્ધતિ મુજબ જાળવણી કરવામાં આવે. અને કોઈ મહિનો તેના સ્થાનેથી હટાવવામાં આવે નહિ. અને આ આયતમાં "નસી" ને પ્રબંધિત ઠરાવવામાં આવ્યું. અને (એમ કરવાને) કુફ્રમાં કુફ્રને વધારો કહેવામાં આવ્યું. કારણ કે એથી હરામ મહિનાઓમાં લડાઈ જે હરામ છે તેને હલાલ જાણવાનું અને અલ્લાહના હરામ કરેલાને હલાલ ગણવાનું સમજાય છે.

૧૬૧. અર્થાત હરામ મહીનાને અથવા એને ઠેલવાને;

૧૬૨. અર્થાત હરામ મહીના ચાર જ હોય એવું બંધન તો સ્વીકારે છે, પણ તેની વિશેષતાનો ભંગ કરે છે. જે મહીનો હરામ હતો એને હલાલ ઠેરવી લીધો અને તેના સ્થાને બીજાને હરામ બનાવી લીધો.

૧૬૩. અને બહાર નીકળવાથી ગભરાઓ છો?

**શાને નુઝૂલ** :- આ આયત તબૂકની લડાઈ માટે શોખ આપાવવા ખાતર ઉતરી. તબૂક સિરીયા પાસે મદીના મુનવ્વરાથી ચૌદ મંઝિલના અંતરે એક જગ્યા છે. ૯ હિ.સ. માં તાઈફથી પાછા આવ્યા પછી સય્યદિ આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સમાચાર મળ્યા કે અરબના ખ્રિસ્તીઓની ચળવળથી રોમન બાદ-શાહ હિરકલે રોમનો અને સીરયનોનું મહામોટું સૈન્ય ભેગું કર્યું છે. અને તે મુસલમાનો પર ચઢાઈ કરવાનો ઈરાદો ધરાવે છે. ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મુસલમાનોને જિહાદનો આદેશ આપ્યો. એ સમય ખૂબ જ તંગી, દુકાળ, અને ગરમીનો હતો. એટલે સુધી કે બે બે માણસો માત્ર એક ખજૂર પર ગુજરાન કરતા હતા. સફર પણ દૂરની હતી, અને દુશ્મન પણ મોટા સૈન્યવાળો અને મજબૂત હતો. તેથી અમુક કબીલાઓ બેસી રહયા, અને તેમને એવા સમયે લડાઈમાં જવાનું અઘરૂં લાગ્યું. અને આ લડાઈમાં ઘણાં

તેમને બહાર જવાનું થયું.[૧૬૭] માત્ર બે જીવ. જ્યારે તે બન્ને[૧૬૮] ગુફામાં હતા. જ્યારે પોતાના મિત્રને કહેતા હતા.[૧૬૯] ચિંતા કરો નહિ; બેશક! અલ્લાહ આપણી સાથે છે. તો અલ્લાહે તેના પર પોતાનું શાંત્વન ઉતાર્યું,[૧૭૦] અને એવા સૈન્યો વડે તેની મદદ કરી જે તમે જોયા નહિ.[૧૭૧] અને કાફિરોની વાત નીચી કરી.[૧૭૨] અલ્લાહની જ બોલબાલા છે. અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૪૦) હળવા મને કૂચ કરો કે ભારે હૃદયે.[૧૭૩] અને અલ્લાહના માર્ગમાં લડો પોતાના પ્રાણ અને દોલતથી. જો તમે જાણતા હોય તો એ તમારા માટે ઉત્તમ છે[૧૭૪] (૪૧) જો કોઈ માલસામાન નજીક હોત અથવા મધ્યકક્ષાની સફર હોત,[૧૭૫] તો અવશ્ય તમારી સાથે જાત.[૧૭૬] પણ તેમને તો કષ્ટનો માર્ગ દૂર લાગ્યો. અને હવે અલ્લાહના સોગંધ લેશે[૧૭૭] કે; જો અમારાથી બની શકે એમ હોત તો જરૂર તમારી સાથે આવત.[૧૭૮] પોતાના પ્રાણોનો વિનાશ કરે છે.[૧૭૯] અને અલ્લાહ જાણે છે કે તેઓ અવશ્ય જરૂર જૂઠા છે (૪૨) અલ્લાહ તેમને માફ કરે.[૧૮૦] તમે તેમને શા માટે રજા આપી દીધી? જ્યાં સુધી તમારી સમક્ષ સાચા પ્રગટ



إِذْ هُمَا فِى الْغَارِ إِذْ يَقُولُ لِصَاحِبِهِ لَا تَحْزَنْ
إِنَّ اللَّهَ مَعَنَا فَأَنْزَلَ اللَّهُ سَكِينَتَهُ عَلَيْهِ وَ
أَيَّدَهُ بِجُنُودٍ لَّمْ تَرَوْهَا وَجَعَلَ كَلِمَةَ الَّذِينَ كَفَرُوا
السُّفْلَىٰ وَكَلِمَةُ اللَّهِ هِىَ الْعُلْيَا وَاللَّهُ عَزِيزٌ
حَكِيمٌ ﴿٤٠﴾ انْفِرُوا خِفَافًا وَثِقَالًا وَجَاهِدُوا بِأَمْوَالِكُمْ
وَأَنْفُسِكُمْ فِى سَبِيلِ اللَّهِ ذَٰلِكُمْ خَيْرٌ لَّكُمْ إِنْ كُنْتُمْ منزل ٢
تَعْلَمُونَ ﴿٤١﴾ لَوْ كَانَ عَرَضًا قَرِيبًا وَسَفَرًا قَاصِدًا
لَّاتَّبَعُوكَ وَلَٰكِنْ بَعُدَتْ عَلَيْهِمُ الشُّقَّةُ
وَسَيَحْلِفُونَ بِاللَّهِ لَوِ اسْتَطَعْنَا لَخَرَجْنَا مَعَكُمْ
يُهْلِكُونَ أَنْفُسَهُمْ وَاللَّهُ يَعْلَمُ إِنَّهُمْ لَكَاذِبُونَ ﴿٤٢﴾ ع
عَفَا اللَّهُ عَنْكَ لِمَ أَذِنْتَ لَهُمْ حَتَّىٰ يَتَبَيَّنَ

મુનાફિકોનું પોલ ખુલી ગયું, અને હકીકત જાહેર થઈ ગઈ. હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ અન્હૂએ ખૂબ જ હિમ્મત ભેર ખરચ ઉપાડયો. દશ હજાર મુજાહિદોને સરસામાન આપ્યો, અને દશ હજાર દિનાર આ લડાઈ પાછળ ખર્ચ કર્યો. અને નવ સો ઊંટ અને એકસો ઘોડા એ ઉપરાંત છે. બીજા સહાબીઓએ પણ ખૂબ ખર્ચ ઉપાડયો. જેમાં સહુપ્રથમ હઝરત અબૂ બક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ છે, જેમણે પોતાનો બધો જ સરસામાન હાજર કરી દીધો જેની કિંમત ચાર હજાર દિરહમ હતી. અને હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ પોતાનો અડધો સરસામાન હાજર કર્યો, અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ત્રીસ હજારનું લશ્કર લઈને ઉપડયા. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂને મદીના શરીફમાં (દેખરેખ રાખવા) મૂક્યા. અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય અને તેના મુનાફિક સાથીદારો સનિય્યતુલ વિદાઅ (જગાનું નામ) સુધી સાથે જઈને પછી રોકાઈ ગયા. અને આગળ ગયા નહિ.

જ્યારે ઈસ્લામી સૈન્ય તબૂકમાં ઉતર્યું ત્યારે તેમણે જોયું કે ઝરણામાં પાણી બહું થોડું છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેના પાણીથી તેમાં કોગળો કર્યો, જેની બરકતથી પાણી ઉભરાવા માંડયું. સૈન્ય અને તેના બધા જાનવરોએ ધરાઈને પાણી પીધું. હુઝૂરે સારો એવો સમય અહીં પડાવ નાખ્યો. હિરકલ પોતાના મનમાં આપને સત્ય નબી સમજતો હતો. તેથી તેને બ્હીક લાગી, અને આપની સાથે ટક્કર લીધી નહિ. હુઝૂરે આજુ બાજુ સૈન્યની ટુકડીઓ રવાના કરી. હઝરત ખાલિદ બિન વલીદને ચારસોથી પણ વધારે સ્વારો લઈને દવમતુલ જુન્દલના હાકેમ અકીદરના સામના માટે મોકલ્યા. અને ફરમાવ્યું કે; "તમે તેમને કળીયારના શિકારમાં પકડી પાડો." અને થયું પણ એવું જ કે જ્યારે તે કળીયારના શિકાર માટે પોતાના

કિલ્લા પરથી ઉતર્યો, અને હઝરત ખાલિદ બિન વલીદ તેને પકડીને આપની સેવામાં લાવ્યા, ત્યારે હુઝૂરે જિઝયો નક્કી કરીને તેને છોડયો.

એવી જ રીતે ઈલાના હાકેમને ઈસ્લામ સ્વીકારવા કહ્યું. અને જિઝયો લેવાનું નક્કી કરીને સંધી કરી. પાછા આવતાં જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મદીના શરીફની નજીક આવી લાગ્યા, ત્યારે જે લોકો જિહાદમાં સાથે આવ્યા હતા નહિ તે બધા હાજર થયા. હુઝૂરે સહાબાને ફરમાવ્યું કે; આમાંથી કોઈની સાથે બોલશો નહિ, અને પોતાની પાસે બેસાડશો પણ નહિ, જ્યાં સુધી હું રજા આપુ નહિ. ત્યારે મુસલમાનોએ તેમના તરફથી મોઢાં ફેરવી લીધાં, એટલે સુધી કે બાપ અને ભાઈ તરફ પણ જોયું નહિ. તે વિષે જ આ આયતો ઉતરી.

૧૬૪. કારણ કે જગત અને તેની સર્વ માયા વિનાશી છે, અને આખિરત અને તેની બધી નેઅમતો અનન્ત છે.

૧૬૫. અય મુસલમાનો! નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હુકમ મુજબ (તો) અલ્લાહ તઆલા;

૧૬૬. જે તમારામાંથી ઉત્તમ અને આજ્ઞાંકિત હશે. મતલબ એ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની મદદ કરવાની અને આપના દીનને ઈજ્જત આપવાની જવાબદારી અલ્લાહે પોતે સ્વીકારેલી છે તો જો તમે રસૂલના હુકમ પાલનમાં ઉતાવળ કરશો તો એ અહોભાગ્ય તમને પ્રાપ્ત થશે. અને જો તમે આળસ કર્યું તો અલ્લાહ તઆલા બીજાઓને પોતાના નબીની સેવા કરવાની તક આપીને તેમને પાવન કરશે.

૧૬૭. અર્થાત હિજરત સમયે મક્કા મૂકર્રમાંથી જવાનું થયું. જ્યારે કે કાફિરોએ "દારૂન્નદવહ" માં હુઝૂર માટે કતલ અને કેદ વિગેરેના અશુભ કાર્યકમો નક્કી કર્યા હતા.

૧૬૮. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને હઝરત અબૂબક્ર રદીયલ્લાહુ અન્હૂ.

**મસઅલો** :- હઝરત અબૂ બક્ર રદીયલ્લાહુ અન્હૂનું સહાબી હોવું આ આયતથી સાબિત થાય છે. હસન બિન ફઝલે કહ્યું છે કે; જે માણસ હઝરત અબૂબક્રના સહાબી હોવાનું ઈન્કાર કરે તો કુરઆનની સ્પષ્ટ આયતનો ઈન્કાર કરવાના કારણે કાફિર છે.

૧૬૯. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ હઝરત અબૂબક્ર રદીયલ્લાહુ અન્હૂને.

૧૭૦. અને હૃદયને ઈત્મેનાન આપ્યું.

૧૭૧. એટલે કે ફરિશ્તાઓના સૈન્યો. જેમણે કાફિરોને અવળા માર્ગે દોર્યા. અને તેઓ તેમને જોઈ શક્યા નહિ. અને બદ્ર અહઝાબ તથા હુનૈનની લડાઈમાં પણ એ જ ગેબી સૈન્યો વડે મદદ કરી.

૧૭૨. કુફ્ર અને શિર્ક તરફ તેમની દોરવણીને હેઠી પાડી.

૧૭૩. અર્થાત ખુશ થઈને કે નામરજીથી. અને એક કથન એવું છે કે શક્તિશાળી બનીને અથવા નિર્બળતાથી. અથવા શસ્ત્ર સામગ્રી સિવાય યા તો લઈને.

૧૭૪. કારણ કે જિહાદનો સવાબ બેસી રહેવા કરતાં ઉત્તમ છે. માટે હર્ષભેર તૈયાર થાઓ અને આળસ ન કરો.

૧૭૫. અને જગતના પાર્થિવ ફાયદાની આશા હોત તેમજ સખ્ત મહેનત અને કષ્ટનો ભય ન હોત;

૧૭૬. **શાને નુઝૂલ** :- આ આયત તે મુનાફિકો બાબત ઉતરી જેઓ તબૂકની લડાઈમાં જોડાયા ન હતા.

واعلموا ١٠ — التوبة ٩

لَكَ الَّذِينَ صَدَقُوا وَتَعْلَمَ الْكٰذِبِينَ ﴿٤٣﴾ لَا
يَسْتَأْذِنُكَ الَّذِينَ يُؤْمِنُونَ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ
وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿٤٤﴾ اِنَّمَا يَسْتَأْذِنُكَ الَّذِيْنَ
لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَارْتَابَتْ
قُلُوْبُهُمْ فَهُمْ فِيْ رَيْبِهِمْ يَتَرَدَّدُوْنَ ﴿٤٥﴾ وَلَوْ
اَرَادُوا الْخُرُوْجَ لَاَعَدُّوْا لَهٗ عُدَّةً وَّلٰكِنْ كَرِهَ
اللّٰهُ انْۢبِعَاثَهُمْ فَثَبَّطَهُمْ وَقِيْلَ اقْعُدُوْا مَعَ
الْقٰعِدِيْنَ ﴿٤٦﴾ لَوْ خَرَجُوْا فِيْكُمْ مَّا زَادُوْكُمْ اِلَّا
خَبَالًا وَّلَاَاوْضَعُوْا خِلٰلَكُمْ يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ ۚ
وَفِيْكُمْ سَمّٰعُوْنَ لَهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٤٧﴾

થયા ન હતા અને જૂઠા ખુલ્લા પડયા ન હતા (૪૩) ને જેઓ અલ્લાહ તથા કયામત પર ઈમાન ધરાવે છે (તેઓ) તમારી પાસે પોતાના માલ અને પ્રાણ વડે જિહાદ (માં ન જોડાવવા)ની રજા માંગશે નહિ. અને અલ્લાહ પરહેઝ-ગારોને સારી રીતે જાણે છે (૪૪) તમારી પાસે એ રજા તે લોકો જ માંગે છે જે અલ્લાહ અને કયામત પર ઈમાન ધરાવતા નથી.[૧૮૧] અને તેમના હૃદયો શંકામાં પડયાં છે. તો તેઓ પોતાની શંકામાં ડામાડોળ છે[૧૮૨] (૪૫) તેમને (જો જિહાદમાં) નીકળવાની મરજી હોત[૧૮૩] તો તેની તૈયારી કરત. પરંતુ અલ્લાહને જ તેમનું ઉઠવું ગમ્યું નહિ, તેથી તેમનામાં આળસ ભરી દીધું. અને[૧૮૪] કહેવામાં આવ્યું કે બેસી રહો બેસી રહેનારાઓની સાથે[૧૮૫] (૪૬) જો તેઓ તમારી સાથે નીકળત તો તેમનાથી તમને અન્ય કશું વધત નહિ સિવાય કે નુકસાન, અને તમારામાં ફિત્નો ઉભા કરવા તમારી વચમાં ગપાટાં વહેતાં મૂકત.[૧૮૬] અને તમારામાં તેમના જાસૂસ હાજર છે.[૧૮૭] અને અલ્લાહ જાલિમોને સારી રીતે જાણે છે (૪૭)

૧૭૭. એ મુનાફિકો, અને એવું બહાનું કાઢશે.

૧૭૮. મુનાફિકોએ આ બહાનું કાઢયું ત્યાર પહેલાં તેની ખબર આપવી એ ગૈબની ખબર તેમજ નબુવ્વતની દલીલોમાંથી એક દલીલ છે. જેમકે જેવું કહ્યું હતું તેવું જ થયું અને તેમણે એ જ બહાનું કાઢયું અને જૂઠી કસમો ખાધી.

૧૭૯. જૂઠી કસમો ખાઈને.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે જૂઠી કસમો ખાવી વિનાશના કારણરૂપ છે.

૧૮૦. ''અફલ્લાહ અન્ક'' (અલ્લાહ તમને માફ કરે) કહીને વાતનો આરંભ કરવો અને સંબોધન શરૂ કરવું . જેને સંબોધન કરાતુ હોય તેની તઅઝીમ અને સન્માનમાં વધારો કરવા માટે હોય છે. અને અરબમાં આ રૂઢી પ્રચલિત છે કે જેને સંબોધન કરવું હોય તેની તઅઝીમ માટે આવા વાક્યો વાપરવામાં આવે છે. કાઝી અયાઝ રહમતુલ્લાહ અલયહિએ 'શિફા' માં લખ્યું છે કે; જે કોઈએ આ સંબોધનને નારાઝી લેખી તેણે ભૂલ કરી. કારણ કે તબૂકની લડાઈમાં હાજર નહિ થવા અને ઘેર બેસી રહેવાની પરવાનગી માંગનારાઓને પરવાનગી આપવી કે ન આપવી એ બન્ને વાતો હુઝૂરના અધિકારમાં હતી, અને આપ એ **બાબતમાં સત્તાધારિત હતા, જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું; ''ફઅઝિન લિમન શિઅત મિન્હુમ''** તમે તેમનામાંથી જેને ઈચ્છો તેને પરવાનગી આપો. તો સાબિત થયું કે 'લિમ અઝિન્ત લહુમ' (તમે તેમને શા માટે પરવાનગી આપી) એ નારાજી માટે નથી. બલ્કે એ વાત જાહેર કરવા માટે છે કે જો તેમને તમે પરવાનગી આપત નહિ તો પણ તેઓ જિહાદમાં જોડાવાના હતા નહિ. અને 'અફલ્લાહુ અન્ક'નો અર્થ છે

بیشک! તેમણે (તે) પહેલાં જ ફિત્નો ઈચ્છયો હતો.[૧૮૮] અને અય મહબૂબ! તમારા માટે ઊંધી અવળી યુકતિઓ કરી.[૧૮૯] ત્યાં સુધી કે સત્ય આવ્યું,[૧૯૦] અને અલ્લાહનો હુકમ જાહેર થયો.[૧૯૧] અને તેમને (તો એ) અગમ્ય હતું (૪૮) અને તેમનામાંથી કોઈ આપને એવી વિનંતી કરે છે કે; 'મને ફિત્નામાં ન નાખો'[૧૯૨] સાંભળી લો; તેઓ ફિત્નામાં જ પડયા.[૧૯૩] અને બેશક! જહન્નમે કાફિરોને ઘેરી લીધેલા છે (૪૯) જો તમને ભલાઈ મળે[૧૯૪] તો તેમને માઠુ લાગે, અને જો તમને મુસીબત આવે[૧૯૫] ત્યારે બોલે;[૧૯૬] અમે તો અમારૂં કામ પહેલાંથી જ ઠીક કરી લીધું હતું' અને ખુશી મનાવતા ફરે (૫૦) તમે ફરમાવો; 'અલ્લાહે જે અમારા માટે લખી દીધું તે સિવાય અમને કંઈ (નુકશાન) પહોંચશે નહિ. તે અમારો માલિક છે' અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ (૫૧) તમે ફરમાવો; 'તમે અમારા માટે કઈ વસ્તુની રાહ જુઓ છો? સિવાય કે બે ખૂબીઓમાંથી એકની.[૧૯૭] અને અમે તમારા માટે એની રાહ જોઈએ છીએ કે અલ્લાહ



لَقَدِ ابْتَغَوُا الْفِتْنَةَ مِنْ قَبْلُ وَقَلَّبُوا لَكَ الْأُمُورَ
حَتّٰى جَآءَ الْحَقُّ وَظَهَرَ اَمْرُ اللّٰهِ وَهُمْ كٰرِهُوْنَ ﴿٤٨﴾
وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ ائْذَنْ لِّيْ وَلَا تَفْتِنِّيْ ۚ اَلَا
فِي الْفِتْنَةِ سَقَطُوْا ۗ وَاِنَّ جَهَنَّمَ لَمُحِيْطَةٌۢ
بِالْكٰفِرِيْنَ ﴿٤٩﴾ اِنْ تُصِبْكَ حَسَنَةٌ تَسُؤْهُمْ ۚ وَاِنْ
تُصِبْكَ مُصِيْبَةٌ يَّقُوْلُوْا قَدْ اَخَذْنَآ اَمْرَنَا مِنْ
قَبْلُ وَيَتَوَلَّوْا وَّهُمْ فَرِحُوْنَ ﴿٥٠﴾ قُلْ لَّنْ يُّصِيْبَنَآ
اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰىنَا ۚ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿٥١﴾ قُلْ هَلْ تَرَبَّصُوْنَ بِنَآ اِلَّآ اِحْدَى
الْحُسْنَيَيْنِ ۚ وَنَحْنُ نَتَرَبَّصُ بِكُمْ اَنْ يُّصِيْبَكُمُ اللّٰهُ
بِعَذَابٍ مِّنْ عِنْدِهٖٓ اَوْ بِاَيْدِيْنَا ۚ فَتَرَبَّصُوْٓا اِنَّا مَعَكُمْ

કે અલ્લાહ તમને માફ કરે, ગુનાહ સાથે તો તેમને સંબંધ છે જ નહિ. આમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું ખૂબ સન્માન તેમજ શાંત્વન અને ધરપત સમાએલાં છે, કે જેથી 'લિમ અઝિન્ત લહુમ' નો કોઈ ભાર લાગે નહિ.

૧૮૧. અર્થાત મુનાફિકો.

૧૮૨. ન તે બાજુના થયા કે ન આ બાજુના, ન તો કાફિરોની સાથે રહી શક્યા ન તો મુસલમાનોનો સાથ આપી શક્યા.

૧૮૩. અને જિહાદમાં જોડાવવાનો ઈરાદો હોત.

૧૮૪. તેમણે રજા માંગી ત્યારે;

૧૮૫. બેસી રહેનારા એટલે સ્ત્રીઓ, બાળકો, બીમાર, અને લુલા લંગડા લોકો.

૧૮૬. અને જૂઠી વાતો કરીને ફસાદ ફેલાવત.

૧૮૭. જે તમારી વાતો તેમને પહોંચાડે.

૧૮૮. અને આપના અસ્હાબને દીનથી રોકવાના પ્રયત્નો કર્યા હતા. જેમકે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબૈ ઈબ્ને સલુલ મુનાફિક ઉહદની લડાઈ સમયે મુસલમાનોને ભટકાવવા ખાતર પોતાના ટોળાને લઈને પાછો નાસી ગયો હતો.

૧૮૯. અને તેમણે તમારૂ કામ બગાડવા અને દીનમાં ફિત્નો ઉત્પન્ન કરવા ઘણી યુક્તિ પ્રયાસો કર્યા.

૧૯૦. અર્થાત અલ્લાહ તરફથી ટેકો અને મદદ.

તમારા પર પોતાની પાસેથી અઝાબ નાખે,[૧૯૮] અથવા અમારા હાથોથી[૧૯૯] (અઝાબ કરાવે). તો હવે રાહ જુઓ, અમે પણ તમારી સાથે રાહ જોઈ રહયા છીએ[૨૦૦] (૫૨) તમે ફરમાવો કે, 'હૃદય પૂર્વક ખર્ચો અથવા નામરજીથી, તમારી પાસેથી કદાપિ સ્વીકારાશે નહિ[૨૦૧] બેશક! તમે હુકમ ઉથાપનાર લોકો છો' (૫૩) અને તેઓ જે ખર્ચે છે તેનું કબૂલ થવું બંધ થયું નહિ પણ એટલા જ માટે કે તેઓ અલ્લાહ અને તેના રસૂલના ઈન્કારી બન્યા, અને નમાઝ માટે આવતા નથી સિવાય કે નામરજીથી અને વાપરતા નથી પણ નારાજીથી[૨૦૨] (૫૪) તો તમને તેમની ધન દોલત અને તેમની ઔલાદનું આશ્ચર્ય થવું જોઈએ નહિ. અલ્લાહ એવું જ ઈચ્છે છે કે દુનિયાના જીવનમાં એ વસ્તુઓથી તેમના ઉપર વબાલ નાખે. અને કુફ્ર પર જ તેમનો શ્વાસ નીકળી જાય[૨૦૩] (૫૫) અને અલ્લાહના સોગંદ લે છે,[૨૦૪] કે તેઓ તમારામાંના છે.[૨૦૫] અને (તેઓ) તમારામાંના નથી.[૨૦૬] હાં! તે લોકો ડરે છે[૨૦૭] (૫૬) જો કોઈ આશરો અથવા ગુફા અથવા સમાઈ જવાનું સ્થળ જુએ તો દોરડા, તોડાવતા તે તરફ નાસે[૨૦૮] (૫૭) અને તેમનામાં કોઈ (તો) તે છે જે સદકા વહેંચણીની

واعلموا ١٠ — التوبة ٩

مُّتَرَبِّصُوْنَ ﴿٥٢﴾ قُلْ اَنْفِقُوْا طَوْعًا اَوْ كَرْهًا لَّنْ يُّتَقَبَّلَ
مِنْكُمْ ؕ اِنَّكُمْ كُنْتُمْ قَوْمًا فٰسِقِيْنَ ﴿٥٣﴾ وَمَا مَنَعَهُمْ اَنْ
تُقْبَلَ مِنْهُمْ نَفَقٰتُهُمْ اِلَّاۤ اَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَبِرَسُوْلِهٖ
وَلَا يَاْتُوْنَ الصَّلٰوةَ اِلَّا وَهُمْ كُسَالٰى وَلَا يُنْفِقُوْنَ
اِلَّا وَهُمْ كٰرِهُوْنَ ﴿٥٤﴾ فَلَا تُعْجِبْكَ اَمْوَالُهُمْ وَلَاۤ
اَوْلَادُهُمْ ؕ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُعَذِّبَهُمْ بِهَا فِى الْحَيٰوةِ
الدُّنْيَا وَتَزْهَقَ اَنْفُسُهُمْ وَهُمْ كٰفِرُوْنَ ﴿٥٥﴾ وَيَحْلِفُوْنَ
بِاللّٰهِ اِنَّهُمْ لَمِنْكُمْ ؕ وَمَا هُمْ مِّنْكُمْ وَلٰكِنَّهُمْ قَوْمٌ
يَّفْرَقُوْنَ ﴿٥٦﴾ لَوْ يَجِدُوْنَ مَلْجَاً اَوْ مَغٰرٰتٍ اَوْ مُدَّخَلًا
لَّوَلَّوْا اِلَيْهِ وَهُمْ يَجْمَحُوْنَ ﴿٥٧﴾ وَمِنْهُمْ مَّنْ يَّلْمِزُكَ
فِى الصَّدَقٰتِ ۚ فَاِنْ اُعْطُوْا مِنْهَا رَضُوْا وَاِنْ لَّمْ

منزل ٢

૧૯૧. અને તેનો દીન વિજયી બન્યો.

**શાને નુઝૂલ** :- આ આયત જદ્દ બિન કૈસ મુનાફિક બાબત ઉતરી. જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તબૂકની લડાઈ માટે તૈયારી કરી, ત્યારે જદ બિન કૈસ બોલ્યો; 'યા રસૂલલ્લાહ! મારી કોમ જાણે છે કે હું સ્ત્રીઓનોઆશિક છું. મને ભય છે કે જો હું રોમન સ્ત્રીઓને દેખીશ તો મારાથી સબર નહિ થાય, માટે આપ મને અહીં જ રોકાઈ જવાની રજા આપો, અને મને તે સ્ત્રીઓના ફિત્નામાં નાખો નહિ, હું આપને મારી દોલત વડે મદદ કરીશ.

૧૯૨. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમા ફર્માવે છે કે; આ તેનું બહાનું હતું અને તેમાં નિફાક સિવાય અન્ય કોઈ લત હતી નહિ. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેના તરફથી મોઢું ફેરવી લીધું, અને રજા આપી દીધી. તેના વિષે આ આયત ઉતરી.

૧૯૩. કારણ કે જિહાદમાં ન જોડાવું અને હુઝૂરના હુકમની મુખાલિફત કરવી એ મહાન ફિત્નો છે.

૧૯૪. અને તમે શત્રુ પર વિજય મેળવો અને ગનીમત તમારા હાથ આવે;

૧૯૫. અને કોઈ પ્રકારની સખ્તાઈનો સામનો થાય;

૧૯૬. એ મુનાફિકો કે; ચાલાકી કરી જિહાદમાં ન જઈને;

૧૯૭. યા તો વિજય અને ગનીમત મળશે અથવા શહાદત અને મગફિરત, કારણ કે મુસલમાન જ્યારે જિહાદમાં જાય છે ત્યારે જો જીતે તો વિજય, ગનીમત અને મહાન સવાબ મેળવે છે. અને જો અલ્લાહના માર્ગમાં માર્યો જાય તો તેને શહાદત મળે છે, જે તેની મહાન મનોકામના હોય છે.

બાબતમાં તમારા પર તોહમત મૂકે છે[૨૦૯] તો જો તેમાંથી[૨૧૦] કંઈક મળે તો રાજી થઈ જાય, અને (જો) ન મળે તો તરત જ તેઓ નારાજ થાય (૫૮) અને અલ્લાહ તેમજ રસૂલે તેમને જે આપ્યું તેનાથી જો તેઓ રાજી થઈ જાય તો કેવું સારૂં થાત! અને (આવું) કહેતે કે; અમને અલ્લાહ પુરતો છે. હવે અલ્લાહ અમને પોતાની કૃપાથી આપે છે, અને અલ્લાહના રસૂલ (પણ આપે છે) અમને અલ્લાહ તરફની જ લગની છે[૨૧૧] (૫૯) ઝકાત આ લોકો માટે જ છે,[૨૧૨] મોહતાજ, અને નર્યા નાદાર, અને જેઓ તેને ઉઘરાવી લાવે, અને જેમના દિલોને ઈસ્લામનું આકર્ષણ આપવામાં આવે, અને બોચીઓની મુક્તિમાં, અને કરજદારો માટે, અને અલ્લાહના માર્ગમાં, અને મુસાફિરો માટે. આ અલ્લાહનું નક્કી કરેલું છે. અને અલ્લાહ ઈલ્મ તેમજ હિકમતવાળો છે (૬૦) અને તેમનામાં કોઈ તે છે કે આ ગૈબની ખબરો આપનારને સતાવે છે.[૨૧૩] અને કહે છે; 'એ તો કાન છે' તમે ફરમાવો, 'તમારા ભલા માટે કાન છે' અલ્લાહ પર ઈમાન લાવે છે, મુસલમાનોની વાત પર વિશ્વાસ લાવે છે.[૨૧૪] અને જે તમારામાં મુસલમાન છે તેમના માટે રહમત છે. અને જેઓ રસૂલુલ્લાહ ને દુઃખ આપે છે તેમના માટે દુઃખ દાયક અઝાબ છે (૬૧)

واعلموا ١٠ التوبة ٩

يُعْطَوْا مِنْهَا إِذَا هُمْ يَسْخَطُونَ ﴿٥٨﴾ وَلَوْ أَنَّهُمْ
رَضُوا مَا آتَاهُمُ اللَّهُ وَرَسُولُهُ وَقَالُوا حَسْبُنَا اللَّهُ
سَيُؤْتِينَا اللَّهُ مِنْ فَضْلِهِ وَرَسُولُهُ إِنَّا إِلَى اللَّهِ
رَاغِبُونَ ﴿٥٩﴾ إِنَّمَا الصَّدَقَاتُ لِلْفُقَرَاءِ وَالْمَسَاكِينِ
وَالْعَامِلِينَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوبُهُمْ وَفِي الرِّقَابِ
وَالْغَارِمِينَ وَفِي سَبِيلِ اللَّهِ وَابْنِ السَّبِيلِ فَرِيضَةً
مِنَ اللَّهِ وَاللَّهُ عَلِيمٌ حَكِيمٌ ﴿٦٠﴾ وَمِنْهُمُ الَّذِينَ
يُؤْذُونَ النَّبِيَّ وَيَقُولُونَ هُوَ أُذُنٌ قُلْ
أُذُنُ خَيْرٍ لَكُمْ يُؤْمِنُ بِاللَّهِ وَيُؤْمِنُ
لِلْمُؤْمِنِينَ وَرَحْمَةٌ لِلَّذِينَ آمَنُوا مِنْكُمْ
وَالَّذِينَ يُؤْذُونَ رَسُولَ اللَّهِ لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٦١﴾

૧૯૮. અને આદ, ષમૂદની જેમ તમારો પણ નાશ કરે.

૧૯૯. તમને કતલ અને કેદના અઝાબમાં સપડાવે.

૨૦૦. કે તમારો અંત કેવો આવે છે.

૨૦૧. **શાને નુઝૂલ :** આ આયત જદ બિન કૈસ મુનાફિકના જવાબમાં ઉતરી, જેણે જિહાદમાં નહિ જોડાવાની રજા માંગતી વખતે કહ્યું હતું કે, હું માલ દોલત વડે તમારી મદદ કરીશ. ત્યારે અલ્લાહ તઆલાએ તેના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું કે; તેઓ ખુશીથી આપે કે નારાજીથી તેમની માલ દોલત સ્વીકારાશે નહિ. અર્થાત રસૂલે કરીમ તેને નહિ લે, કારણ કે એ આપવું અલ્લાહ વાસ્તે નથી.

૨૦૨. કારણ કે તેમનો હેતુ અલ્લાહને ખુશ કરવાનો નથી.

૨૦૩. તો તે ધન દોલત તેમના માટે રાહતનું નહિ પણ વબાલનું કારણ બન્યું.

૨૦૪. મુનાફિકો એ વાત પર

૨૦૫. અર્થાત તમારા ધર્મ પર છે. મુસલમાન છે.

૨૦૬. તમને છેતરે છે અને જૂઠ બોલે છે.

૨૦૭. કારણ કે જો તેમનો નિફાક જાહેર થઈ જાય તો મુસલમાનો મુશ્રિકો સાથે જે વર્તાવ કરે તે જ તેમની સાથે કરશે, તેઓ બનાવટથી પોતાને મુસલમાન જાહેર કરે છે.

૨૦૮. કારણ કે તેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ને મુસલમાનો સાથે બેહદ અદેખાઈ છે.

૨૦૯. **શાને નુઝૂલ :-** આ આયત ઝુલ્ખવૈસરા તમીમી વિષે ઉતરી, તેનું નામ હરકુસ બિન ઝુહેર છે.

واعلموا ١٠ التوبة ٩

يَحْلِفُونَ بِاللّٰهِ لَكُمْ لِيُرْضُوكُمْ ۚ وَاللّٰهُ وَرَسُولُهٗٓ اَحَقُّ
اَنْ يُّرْضُوهُ اِنْ كَانُوا مُؤْمِنِينَ ﴿٦٢﴾ اَلَمْ يَعْلَمُوٓا اَنَّهٗ
مَنْ يُّحَادِدِ اللّٰهَ وَرَسُولَهٗ فَاَنَّ لَهٗ نَارَ جَهَنَّمَ خَالِدًا
فِيهَا ۚ ذٰلِكَ الْخِزْيُ الْعَظِيمُ ﴿٦٣﴾ يَحْذَرُ الْمُنٰفِقُونَ
اَنْ تُنَزَّلَ عَلَيْهِمْ سُورَةٌ تُنَبِّئُهُمْ بِمَا فِي قُلُوبِهِمْ ۚ
قُلِ اسْتَهْزِءُوا ۚ اِنَّ اللّٰهَ مُخْرِجٌ مَّا تَحْذَرُونَ ﴿٦٤﴾
وَلَئِنْ سَاَلْتَهُمْ لَيَقُولُنَّ اِنَّمَا كُنَّا نَخُوضُ وَنَلْعَبُ ۚ
قُلْ اَبِاللّٰهِ وَاٰيٰتِهٖ وَرَسُولِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُونَ ﴿٦٥﴾
لَا تَعْتَذِرُوا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيمَانِكُمْ ۚ اِنْ نَّعْفُ
عَنْ طَآئِفَةٍ مِّنْكُمْ نُعَذِّبْ طَآئِفَةً بِاَنَّهُمْ كَانُوا
مُجْرِمِينَ ﴿٦٦﴾ اَلْمُنٰفِقُونَ وَالْمُنٰفِقٰتُ بَعْضُهُمْ مِّنْ

તમારી સમક્ષ અલ્લાહની સોગંદ લે છે[૨૧૫] કે જેથી તમને ખુશ કરી લે.[૨૧૬] અને અલ્લાહ અને રસૂલનો હક વધારે હતો કે તેને ખુશ કરે. જો ઈમાન ધરાવતા હોત (૬૨) શું તેમને ખબર નથી? કે જે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કરે તો તેમના માટે જહન્નમની આગ છે કે હમેશાં તેમાં રહેશે. એ જ મોટું અપમાન છે (૬૩) મુનાફિકો ડરે છે કે એમના[૨૧૭] પર કોઈ સૂરત એવી ઉતરે જે જાહેર કરે એમના[૨૧૮] દિલોની છુપી રાત.[૨૧૯] તમે ફરમાવો; 'હસ્યે જાવ! તમને જેની બ્હીક છે તે અલ્લાહ અવશ્ય જાહેર કરવાનો છે' (૬૪) અને અય મહબૂબ! જો તમે તેમને પૂછો તો કહેશે કે; 'અમે તો અમસ્તા હસતા રમતા હતા'[૨૨૦] તમે ફરમાવો; 'શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલની હાંસી ઉડાવો છો?' (૬૫) બહાના કાઢો નહિ, તમે મુસલમાન થઈને કાફિર બની ચૂકયા.[૨૨૧] જો અમે તમારામાંથી કોઈને માફ કરીએ,[૨૨૨] તો બીજાઓને અઝાબ આપીશું. કારણ કે તેઓ ગુનેહગાર હતા[૨૨૩] (૬૬) મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ બધા એક જ

અને ખારજી લોકોનું મૂળ ને પાયો એ જ (માણસ) છે. બુખારી અને મુસ્લિમમાં હદીષ શરીફ છે કે; રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ગનીમતનો માલ વહેંચી રહયા હતા, ત્યારે ઝુલ્ખવૈસરાએ કહયું;

'યા રસૂલલ્લાહ! ન્યાય કરો' હુઝૂરે ફરમાવ્યું; 'તારી ખરાબી થાય! હું ન્યાય નહિ કરૂં તો કોણ કરશે? હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ કહયું; 'મને રજા આપો કે હું આ મુનાફિકનું ડોકું ઉડાવી દઉ' હુઝરે ફરમાવ્યું કે; 'એને છોડો! એના બીજા પણ સાથીદારો છે, કે તમે તેમની નમાઝો સામે તમારી નમાઝોને અને તેમના રોઝા સામે તમારા રોઝાને તુચ્છ જોશો. તેઓ કુરઆન પઢશે પણ તેમના ગળાની નીચે ઉતરશે નહિ. તેઓ દીનમાંથી એવા નીકળી જશે જેમ તીર શિકારમાંથી નીકળી જાય છે'

૨૧૦. સદકાઓ

૨૧૧. કે અમારા પર પોતાની કૃપા વિસ્તૃત કરે. અને અમને લોકોની ધન દોલતથી નિસ્પૃહી અને બેપરવાહ બનાવે.

૨૧૨. જ્યારે મુનાફિકોએ સદકાઓની વહેંચણી અંગે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર આક્ષેપ કર્યો ત્યારે અલ્લાહ તઆલાએ આ આયતમાં જણાવ્યું કે સદકાઓના હકદાર માત્ર આ આઠ પ્રકારના લોકો છે. સદકાઓ એમની પાછળ જ વપરાશે. એમના સિવાય બીજા કોઈ હકદાર નથી. અને રસૂલે કરીમ સલ્લલ્લહો અલયહિ વસલ્લમને સદકાના માલ સાથે કંઈ લેવાદેવા નથી. આપના માટે તેમજ આપની ઔલાદ માટે સદકાઓ હરામ છે. પછી આક્ષેપ કરનારાઓને વાંધો ઉઠાવવાનો શો અર્થ છે ? આ આયતમાં સદકાનું અર્થઘટન ઝકાત છે.

**મસઅલો** :- આઠ પ્રકારના લોકોને ઝકાતના હકદાર ગણવામાં આવ્યા, એમાં ઈસ્લામનું આકર્ષણ આપવા ખાતર જે લોકોને (મુઅલ્લફતુલ કુલૂબ) ઝકાતમાંથી આપવામાં આવતું હતું તેમને સહાબાની એકમતીથી બાદ કરવામાં આવ્યા. કારણ કે અલ્લાહ તઆલાએ ઈસ્લામનો વિજય ડંકો વગાડી દીધો ત્યારે હવે એની આવશ્યક્તા રહી નહિ. સહાબાની આ એકમતી હઝરત સિદ્દીકે અકબરના સમયમાં સધાઈ.

**મસઅલો** :- ફકીર (મોહતાજ) તેને કહેવાય જેના પાસે થોડું (પેટયું) હોય. અને જ્યાં સુધી તેની પાસે એક ટંક પુરતું હોય ત્યાં સુધી તેના માટે માંગવાનું હલાલ નથી.

મિસ્કીન (નર્યો નાદાર) તે છે જેની પાસે કશું જ ન હોય, તેના માટે માંગવાનું હલાલ છે.

આમિલીન (ઉઘરાવી લાવનાર) તે લોકો છે જેમને ઈમામે (ખલીફાએ) સદકાઓ ઉઘરાવવા માટે નિયુક્ત કર્યા હોય. તેમને ઈમામ (ઝકાતમાંથી) એટલું આપે જેટલું તેમના અને તેમના બાલ બચ્ચાઓ માટે પુરતું થાય.

**મસઅલો** :- ઉઘરાવનાર માલદાર હોય તો પણ તેને (ઝકાતમાંથી) લેવું જાઈઝ છે.

**મસઅલો** :- ઉઘરાવનાર સૈય્યદ અથવા હાશમી હોય તો તે ઝકાતના માલમાંથી ન લે.

બોચીઓની મુકિત (અલ રિકાબ) નો અર્થ એ છે કે જે ગુલામોને તેમના માલિકોએ કહ્યું હોય કે આટલી રકમ અથવા માલ આપો તો તમે સ્વતંત્ર છો, તો તેઓ પણ (ઝકાત) ના હકદાર છે. તેમને સ્વતંત્ર કરાવવા ઝકાતના માલમાંથી આપવામાં આવે.

કરજદાર (ગારિમીન) તે છે જે કોઈ ગુનાહિત કાર્યના સિવાયના કાર્યમાં કરજદાર થયો હોય. અને એટલી માલ દોલત ધરાવતો ન હોય કે કરજ ભરપાઈ કરી શકે. તેને કર્ઝ ભરપાઈ કરવા માટે ઝકાતના માલમાંથી મદદ કરવામાં આવે.

અલ્લાહના માર્ગમાં (ફી સબીલિલ્લાહ) વાપરવાનો અર્થ એ છે કે, સરસામાન વગરના મુજાહિદો અને નાદાર હજ કરનારાઓ માટે વાપરે.

મુસાફિર (ઈબ્ને સબીલ) નો અર્થ તે મુસાફિર છે જેના પાસે પૈસા કે માલ ન હોય.

**મસઅલો** :- ઝકાત આપનારને જાઈઝ છે કે તે આઠ પ્રકારના લોકોને ઝકાત આપે, અથવા આઠમાંથી ગમે તે એક પ્રકારને આપે તો પણ જાઈઝ છે.

**મસઅલો** :- ઝકાત આટલા લોકો માટે જ નક્કી કરી નાખવામાં આવી છે, તો એ સિવાય બીજા સ્થાને વપરાશે નહિ. ન તો મસ્જિદના બાંધકામમાં, ન મય્યતના કફન દફનમાં, અને ન તો મય્યતનું કરજ ભરપાઈ કરવામાં.

**મસઅલો** :- બની હાશિમ અને માલદાર અને તેમના ગુલામોને ઝકાત આપવામાં નહિ આવે તેમજ પુરૂષ પોતાની પત્ની તેમજ ઔલાદ અને પોતાના ગુલામોને પણ આપી શકતો નથી. (મદારિક)

૨૧૩. એટલે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને.

**શાને નુઝૂલ** :- મુનાફિકો પોતાની બેઠકોમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે અશિષ્ટ વાતો કર્યા કરતા હતા. તેમાંથી અમુકે કહ્યું કે; જો હુઝૂરને ખબર પડી જશે તો આપણા માટે સારૂં નહિ થાય. ત્યારે જુલાસ બિન સુવૈદ મુનાફિક બોલ્યો; આપણે (અહિ) ગમે તે બોલીએ હુઝૂર સામે ફરી જઈશું અને સોગંદ લઈ લેશું. તે તો (નર્યા) કાન છે તેમને ગમે તે કહો, સાંભળીને માની લે છે. ત્યારે અલ્લાહે આ આયત ઉતારી કે જો તેઓ માત્ર સાંભળનાર જ છે તો પણ ભલાઈ સાંભળનાર છે, ફિત્નો ફસાદ (ની વાતો) સાંભળનાર

واعلموا ١٠ التوبة ٩

بَعْضٍ يَأْمُرُونَ بِالْمُنكَرِ وَيَنْهَوْنَ عَنِ الْمَعْرُوفِ
وَيَقْبِضُونَ أَيْدِيَهُمْ نَسُوا اللَّهَ فَنَسِيَهُمْ إِنَّ الْمُنَافِقِينَ
هُمُ الْفَاسِقُونَ ﴿٦٧﴾ وَعَدَ اللَّهُ الْمُنَافِقِينَ وَالْمُنَافِقَاتِ
وَالْكُفَّارَ نَارَ جَهَنَّمَ خَالِدِينَ فِيهَا هِيَ حَسْبُهُمْ
وَلَعَنَهُمُ اللَّهُ وَلَهُمْ عَذَابٌ مُقِيمٌ ﴿٦٨﴾ كَالَّذِينَ مِن
قَبْلِكُمْ كَانُوا أَشَدَّ مِنكُمْ قُوَّةً وَأَكْثَرَ أَمْوَالًا وَأَوْلَادًا
فَاسْتَمْتَعُوا بِخَلَاقِهِمْ فَاسْتَمْتَعْتُم بِخَلَاقِكُمْ كَمَا
اسْتَمْتَعَ الَّذِينَ مِن قَبْلِكُم بِخَلَاقِهِمْ وَخُضْتُمْ
كَالَّذِي خَاضُوا أُولَٰئِكَ حَبِطَتْ أَعْمَالُهُمْ فِي الدُّنْيَا
وَالْآخِرَةِ وَأُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ ﴿٦٩﴾ أَلَمْ يَأْتِهِمْ
نَبَأُ الَّذِينَ مِن قَبْلِهِمْ قَوْمِ نُوحٍ وَعَادٍ وَثَمُودَ

મતનાં છે[૨૨૪] હુકમ આપે છે અનિષ્ટનો[૨૨૫] અને સારી વાતથી રોકે છે.[૨૨૬] અને પોતાની મુઠ્ઠી બંધ રાખે.[૨૨૭] તેઓ અલ્લાહને છોડી બેઠા.[૨૨૮] તો અલ્લાહે તેમને ત્યજી દીધા[૨૨૯] બેશક! મુનાફિકો જ પાકા અનાજ્ઞાંકિત છે (૬૭) અલ્લાહે મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ અને કાફિરોને જહન્નમની આગનો વાયદો આપ્યો છે, જેમાં હમેશાં રહેશે. તે એમને પુરતી છે. અને અલ્લાહની એમના પર ફિટકાર છે. અને એમના માટે હમેશાં રહેનાર અઝાબ છે (૬૮) જેમ કે તેઓ જે તમારાથી પહેલા હતા, તાકાતમાં તમારાથી વધીને હતા, અને તેમની ધન દોલત અને ઔલાદ તમારાથી વધારે હતાં. તો તેઓ પોતાનો ભાગ[૨૩૦] વાપરી ગયા. તો તમે (પણ) તમારો ભાગ વાપર્યો, જેવી રીતે આગલા પોતાનો ભાગ વાપરી ગયા. અને તમે ફુઝૂલ વાતોમાં પડયા જેવી રીતે તેઓ પડયા હતા.[૨૩૧] તેમનાં કર્મો બેકાર ગયાં દુનિયા અને આખિરતમાં. અને તે લોકો જ ખોટમાં છે[૨૩૨] (૬૯) શું તેમને[૨૩૩] પોતાનાથી આગલાઓની ખબર થઈ નથી?[૨૩૪] નૂહની કોમ,[૨૩૫] અને

નથી.

૨૧૪. નહિ કે મુનાફિકોની.

૨૧૫. મુનાફિકો એટલા માટે;

૨૧૬. **શાને નુઝૂલ :-** મુનાફિકો પોતાની મહેફિલમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ વિષે અશિષ્ટ વાતો કરતા હતા, અને મુસલમાનો પાસે આવીને ફરી જતા હતા. અને સોગંદો લઈ લઈને પોતાની નિરપેક્ષતા પુરવાર કરતા હતા, ત્યારે આ આયત ઉતરી, અને ફરમાવવામાં આવ્યું કે; મુસલમાનોને ખુશ કરવા માટે સોગંદ લેવા કરતાં વધારે મહત્વનું અલ્લાહ અને રસૂલને રાજી કરવાનું હતું. જો ઈમાન ધરાવતા હોત તો આવી ચળવળ કેમ કરી જે અલ્લાહ અને રસૂલની નારાજીનું કારણ બને.

૨૧૭. મુસલમાનો

૨૧૮. મુનાફિકો.

૨૧૯. દિલોની છુપી વાત તેમનો નિફાક છે, અને તે અદેખાઈ અને અદાવત જે તેઓ મુસલમાનો સાથે રાખે છે. તેને છુપાવી રાખતા હતા. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના મો'જિઝા જોયા પછી, અને આપના મુખે ગૈબની ખબરો સાંભળી અને પ્રત્યક્ષ અનુભવ્યા પછી મુનાફિકોને ભય બેઠો કે ક્યાંક અલ્લાહ તઆલા કોઈ એવી સૂરત ઉતારી દે નહિ જેમાં તેમની છુપી વાતો જાહેર કરી દેવામાં આવે, અને જેથી તેમની બદનામી થાય. આ આયતમાં એવું જ બયાન છે.

૨૨૦. **શાને નુઝૂલ :-** તબૂકની લડાઈમાં જતી વખતે ત્રણ મુનાફિકોમાંથી બે હુઝૂર સલ્લલ્લાહો

وَقَوْمِ إِبْرٰهِيمَ وَأَصْحٰبِ مَدْيَنَ وَالْمُؤْتَفِكٰتِ
أَتَتْهُمْ رُسُلُهُم بِالْبَيِّنٰتِ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ
وَلٰكِن كَانُوٓا أَنفُسَهُمْ يَظْلِمُونَ ﴿٧٠﴾ وَالْمُؤْمِنُونَ
وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ أَوْلِيَآءُ بَعْضٍ يَأْمُرُونَ بِالْمَعْرُوفِ
وَيَنْهَوْنَ عَنِ الْمُنكَرِ وَيُقِيمُونَ الصَّلٰوةَ وَيُؤْتُونَ
الزَّكٰوةَ وَيُطِيعُونَ اللّٰهَ وَرَسُولَهُۥٓ أُولٰٓئِكَ سَيَرْحَمُهُمُ
اللّٰهُ إِنَّ اللّٰهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٧١﴾ وَعَدَ اللّٰهُ الْمُؤْمِنِينَ
وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِى مِن تَحْتِهَا الْأَنْهٰرُ
خٰلِدِينَ فِيهَا وَمَسٰكِنَ طَيِّبَةً فِى جَنّٰتِ عَدْنٍ
وَرِضْوٰنٌ مِّنَ اللّٰهِ أَكْبَرُ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿٧٢﴾
يٰٓأَيُّهَا النَّبِىُّ جٰهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِينَ وَاغْلُظْ

આદ[૨૩૬] અને ષમૂદ[૨૩૭] અને ઈબ્રાહીમની કોમ,[૨૩૮] અને મદયનવાળાઓ,[૨૩૯] અને જે વસ્તીઓને ઊંધી નાખવામાં આવી.[૨૪૦] તેમના રસૂલો સ્પષ્ટ દલીલો તેમની પાસે લાવ્યા હતા.[૨૪૧] તો અલ્લાહને શોભતું ન હતું કે તેમના પર જુલ્મ કરે[૨૪૨] પરંતુ તેઓ પોતે જ પોતાના પ્રાણો પર જુલ્મ ગુજારનાર હતા[૨૪૩] (૭૦) અને મુસલમાન પુરૂષો તેમજ મુસલમાન સ્ત્રીઓ અન્યોન્યના સાથી છે.[A] સારી વાતનો આદેશ આપે[B] અને અનિષ્ટની મનાઈ કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે, અને અલ્લાહ તેમજ રસૂલનો હુકમ માને. આ છે જેઓ પર નજીકમાં જ અલ્લાહ રહેમ કરશે. બેશક! અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૭૧) અલ્લાહે મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓને (એવા) બગીચાઓનો વાયદો કર્યો છે જેમની નીચે નહેરો વહે (છે). તેમાં હમેશાં રહેશે. અને સ્વચ્છ ઘરોનો[૨૪૪] (વાયદો કર્યો છે જે) રહેઠાણના બગીચાઓમાં (છે). અને અલ્લાહની પ્રસન્નતા સહુથી મોટી.[૨૪૫] મહાન મનોકામના પૂર્ણ થવી તે આ જ છે (૭૨) અય ગૈબની ખબરો આપનાર! (નબી) કાફિરો અને મુનાફિકો પર જિહાદ

અલયહિ વસલ્લમ વિષે ઠેકડી ઉડાડતા કહેવા લાગ્યા કે; આ એવું ધારે છે કે તે રોમનો પર વિજયી નિવડશે. કેટલો અવાસ્તવિક વિચાર છે. એક જણ બોલતો તો ન હતો પણ સાંભળીને હસતો હતો. હુઝૂરે તેમને બોલાવીને પૂછ્યું કે; તમે આવું આવું બોલતા હતા? ત્યારે તેમણે જવાબ આપ્યો કે; અમે તો માર્ગ ખુટાડવા હંસી મજાકમાં દિલ્લગી કરતા હતા. ત્યારે આ આયત ઉતરી. અને તેમણે આપેલું કારણ સ્વીકારવામાં આવ્યું નહિ, અને તેમના માટે તે ફરમાવવામાં આવ્યું જે આગળ આવે છે.

૨૨૧. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની શાનમાં ગુસ્તાખી કરવી કુફ્ર છે. ગમે તે રીતે હોય. અને એ બાબત કોઈ બહાનું સ્વીકારશે નહિ.

૨૨૨. તેના તવબહ કરવાના અને નિખાલસપણે ઈમાન લાવવાના કારણે.

મુહમ્મદ બિન ઈસ્હાકનું કહેવું છે કે, આમાં તે માણસ મુરાદ છે જે હસતો હતો, પણ પોતાના જીભથી કોઈ ગુસ્તાખીનું વેણ બોલ્યો ન હતો. જ્યારે આ આયત ઉતરી ત્યારે તે ઈમાન લાવ્યો અને તવબહ કરી. અને દુઆ કરી કે; ''અય રબ! મને તારા માર્ગમાં મરાવી નાખીને એવું મોત દે કે કોઈ એવું કહેનાર ન હોય કે મેં ગુસ્લ દીધું અને મેં કફન પહેરાવ્યું અથવા મેં દફન કર્યું અને થયું પણ એમ જ કે તેઓ યમામાની લડાઈમાં શહીદ થયા અને તેમનો પત્તો જ લાગ્યો નહિ. તેમનું નામ યહયા બિન હુઝૈર અશજઈ હતું. અને તેમણે હુઝૂરની ગુસ્તાખીથી જીભ રોકી લીધી હતી, તેથી તેમને તવબહની સદબુદ્ધિ મળી.

૨૨૩. અને પોતાના ગુનાહ પર જામેલા રહયા. તવબહ કરી નહિ.

૨૨૪. બધાં જ મુનાફિકપણામાં અને કુકર્મોમાં સરખા છે. તેમની હાલત એવી છે કે;

عَلَيْهِمْ ۚ وَمَأْوٰىهُمْ جَهَنَّمُ ۚ وَبِئْسَ الْمَصِيْرُ ﴿٧٣﴾
يَحْلِفُوْنَ بِاللّٰهِ مَا قَالُوْا ۚ وَلَقَدْ قَالُوْا كَلِمَةَ
الْكُفْرِ وَكَفَرُوْا بَعْدَ اِسْلَامِهِمْ وَهَمُّوْا بِمَا
لَمْ يَنَالُوْا ۚ وَمَا نَقَمُوْٓا اِلَّآ اَنْ اَغْنٰىهُمُ اللّٰهُ وَ
رَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ۚ فَاِنْ يَّتُوْبُوْا يَكُ خَيْرًا لَّهُمْ ۚ
وَاِنْ يَّتَوَلَّوْا يُعَذِّبْهُمُ اللّٰهُ عَذَابًا اَلِيْمًا ۙ فِى منزل ٢
الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ وَمَا لَهُمْ فِى الْاَرْضِ مِنْ وَّلِيٍّ وَّلَا
نَصِيْرٍ ﴿٧٤﴾ وَمِنْهُمْ مَّنْ عٰهَدَ اللّٰهَ لَئِنْ اٰتٰىنَا مِنْ
فَضْلِهٖ لَنَصَّدَّقَنَّ وَلَنَكُوْنَنَّ مِنَ الصّٰلِحِيْنَ ﴿٧٥﴾
فَلَمَّآ اٰتٰىهُمْ مِّنْ فَضْلِهٖ بَخِلُوْا بِهٖ وَتَوَلَّوْا وَّهُمْ
مُّعْرِضُوْنَ ﴿٧٦﴾ فَاَعْقَبَهُمْ نِفَاقًا فِىْ قُلُوْبِهِمْ

કરો,[૨૪૬] અને તેમના પર સખ્તાઈ કરો. અને તેમનું ઠેકાણું દોઝખ છે. અને (તે) પરત થવાની કેટલી ખરાબ જગ્યા છે (૭૩) સોગંદ ખાય છે અલ્લાહના કે તે નથી બોલ્યા,[૨૪૭] અને બેશક! અવશ્ય તેઓ કુફ્રની વાત બોલ્યા અને ઈસ્લામમાં આવ્યા બાદ કાફિર થઈ ગયા. અને (તેમણે) એ ઈચ્છયું હતું જે તેમને મળ્યું નહિ.[૨૪૮] અને તેમને શું માઠુ લાગ્યું? એ જ ને કે, આમને અલ્લાહ અને રસૂલે પોતાની કૃપાથી ગની કરી દીધા.[૨૪૯] તો જો તેઓ પશ્ચાતાપ કરે તો તેમનું ભલું છે. અને જો મોઢું ફેરવે[૨૫૦] તો અલ્લાહ તેમને દુનિયા અને આખિરતમાં સખ્ત અઝાબ આપશે. અને ધરતીમાં તેમનો ન તો કોઈ ટેકારૂપ બનશે ન મદદગાર[૨૫૧] (૭૪) અને તેમનામાં કોઈ તે છે જેમણે અલ્લાહને વાયદો કર્યો હતો કે જો (તે) અમને પોતાની કૃપાથી આપશે તો અમે અવશ્ય દાન કરીશું, અને અમે અવશ્ય ભલા માણસો બની જઈશું[૨૫૨] (૭૫) પછી જ્યારે અલ્લાહે તેમને પોતાની કૃપાથી આપ્યું (ત્યારે) તેમાં કંજૂસાઈ કરવા માંડયા, અને મોઢું મચકોડીને ફરી બેઠા (૭૬) તો એનાપછી અલ્લાહે તેમના હૃદયોમાં નિફાક મૂકી દીધો તે

૨૨૫. અર્થાત કુફ્ર, ગુનાહ, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જૂઠાડવાનો (ખાઝિન)

૨૨૬. અર્થાત ઈમાન, આજ્ઞાપાલન અને અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સત્ય સમજવાથી.

૨૨૭. અલ્લાહના માર્ગમાં વાપરવાથી.

૨૨૮. અને તેમણે અલ્લાહના આદેશને માથે ચઢાવ્યો નહિ અને તેની ખુશી પ્રાપ્ત કરી નહિ.

૨૨૯. અને સવાબ તેમજ કૃપાથી વંચિત કરી દીધા.

૨૩૦. પાર્થિવ લિજ્જતો અને મનેચ્છાઓનો.

૨૩૧. અને તમે અસત્યના અનુકરણ તેમજ ખુદા અને રસૂલને જૂઠાડવા બાબત અને મો'મિનોની ઠેકડી ઉડાવવામાં તેમનો માર્ગ ધારણ કર્યો.

૨૩૨. તે કાફિરોની જેમ જ, અય મુનાફિકો! તમે પણ ખોટમાં છો. અને તમારા કર્મો બેકાર છે.

૨૩૩. અર્થાત મુનાફિકોને.

૨૩૪. ગુજરેલી ઉમ્મતોની હાલતની જાણ થઈ નથી? કે અમે તેમનો અમારા હુકમનો વિરોધ કરવા બદલ અને અમારા રસૂલોની નાફરમાની કરવા બદલ કેવી રીતે નાશ કર્યો.

૨૩૫. જે જળપ્રલયમાં નાશ કરવામાં આવી.

૨૩૬. જેમને વંટોળીયા દ્વારા હલાક કરવામાં આવ્યા.

૨૩૭. જેમને ધરતીકંપમાં મારી નંખાયા.

૨૩૮. જેમનો વિનાશ ન્યામતો ખેંચી લઈને કરાયો, અને નમરૂદનો મચ્છર દ્વારા નાશ કરાયો.

૨૩૯. અર્થાત શુઐબ અલયહિસ્સલામની કોમ જે વાદળીના અઝાબથી હલાક કરવામાં આવી.

૨૪૦. અને ઊંધી છતી કરી નાખવામાં આવી. તે લૂતની કોમની વસ્તીઓ હતી. અલ્લાહ તઆલાએ આ છ (કોમો)નો ઉલ્લેખ કર્યો, કારણ કે સિરીયા ઈરાક અને યમન જે અરબની ધરતીથી તદ્દન નજીક છે, તેમાં આ વિનાશ પામેલી કોમોની નિશાનીઓ બાકી છે, અને અરબો એ જગ્યાઓ પર થઈને પસાર થતા રહે છે.

૨૪૧. તે લોકોએ પોતાના રસૂલોને સત્ય સમજવાને બદલે જૂઠાડયા. જેવું કે, અય કાફિર મુનાફિકો! તમે કરી રહયા છો. તેમની જેમ (તમે પણ) અઝાબમાં સપડાવી લેવામાં આવો નહિ તેનાથી ડરો.

૨૪૨. કારણ કે તે હિકમતવાળો છે અને ગુનાહ વગર સજા કરતો નથી.

૨૪૩. કારણ કે કુફ્ર અને પૈગમ્બરોને જૂઠાડીને અઝાબને પાત્ર ઠર્યા.

A. અને આપસમાં દીની મહોબ્બત તથા મેળ મેળાપ રાખે છે અને એકબીજાનાં સહાયક તથા મદદગાર છે.

B. એટલે કે અલ્લાહ વ રસૂલ પર ઇમાન લાવવા તથા શરીઅતની પયરવી કરવાનો.

૨૪૪. હસન રદીયલ્લાહુ અન્હૂએ રિવાયત બયાન કરી છે કે જન્નતમાં મો'મિનોને મોતી યાકૂત સુર્ખ અને ઝબરજદના મહેલો આપવામાં આવશે.

૨૪૫. અને સર્વ ન્યામતોથી શ્રેષ્ઠ, તેમજ અલ્લાહના આશિકોની મોટામાં મોટી તમન્ના અલ્લાહ તેના હબીબના સદકામાં આપણને પણ નસીબ કરે.

૨૪૬. કાફિરો સાથે તો તલવાર અને યુદ્ધ વડે અને મુનાફિકો સાથે દલીલ સ્થાપિત કરીને.

૨૪૭. **નુઝૂલ** :- ઈમામ બગવીએ કલબીના હવાલાથી બયાન કર્યું છે કે આ આયત જલાસ બિન સુવૈદ વિષે ઉતરી. બનાવ એવો બન્યો હતો કે એક દિવસ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તબૂકમાં ખુત્બો આપ્યો, તેમાં મુનાફિકોનું બયાન કર્યું. અને તેમની ખરાબ હાલત અને બદતર પરિણામનું વર્ણન કર્યું. એ સાંભળીને જલાસ બોલ્યો કે; જો મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) સાચા હોય તો અમે ગધેડાઓથી બદતર છીએ. જ્યારે હુઝૂર મદીના પાછા પધાર્યા ત્યારે આમિર બિન કૈસે જલાસનું કથન કહી સંભળાવ્યું. જલાસે ઈન્કાર કર્યું અને કહયું; 'યા રસૂલલ્લાહ! આમિરે મારી બાબત જૂઠ કહયું છે' હુઝૂરે બન્નેને કહ્યું કે મિમ્બર પાસે આવીને કસમ ખાઓ. જલાસે અસ્ર બાદ મિમ્બર પાસે ઉભા રહીને કસમ ખાધી કે તેણે આ વાત કહી નથી અને આમિર એના વિષે જૂઠ બોલ્યો છે. પછી આમિરે ઉભા થઈને કસમ ખાધી કે બેશક! જલાસ એવું બોલ્યો છે અને હું એ વિષે જૂઠ બોલતો નથી. પછી આમિરે હાથ ઉઠાવીને અલ્લાહ પાસે દુઆ કરી કે અય ખુદા! પોતાના નબી પર સાચાની સત્યતાની સાબિતી ઉતાર. તે બન્નેના અલગ થતાં પહેલાં જ હઝરત જિબ્રઈલ આ આયત લઈને આવ્યા. આયતમાં 'જો તેઓ પ્રાયશ્ચિત કરે તો તેમનું ભલું છે' એવું સાંભળીને જલાસ ઉભા થઈ ગયા અને બોલ્યા; 'યા રસૂલલ્લાહ ! સાંભળો! અલ્લાહ તઆલાએ મને તવબહની તક આપી છે. આમિર બિન કૈસે જે કહ્યું તે સાચું કહયું છે હું એવું બોલ્યો હતો, પણ હવે હું તવબહ અને ઈસ્તિગફાર કરૂં છું. હુઝૂરે તેમની તવબહ કબૂલ ફરમાવી. અને તેઓ તવબહ પર અટલ રહયા.

૨૪૮. મુજાહિદે કહયું છે કે; જલાસે ભેદ ખુલી ન જાય તેથી આમિરને મારી નાખવાનો ઈરાદો કર્યો હતો. તે બાબત અલ્લાહ ફરમાવે છે કે, તે પુરો થયો નહિ.

૨૪૯. આવી હાલતમાં તેમની પર શુકર વાજિબ હતો, નહિ કે નાશુકરી.

૨૫૦. તવબહ અને ઈમાનથી. અને કુફ્ર તેમજ નિફાક પર જામેલા રહે.

دિવસ સુધી કે (જ્યારે) તેને મળશે. તેનો બદલો જે તેમણે અલ્લાહ સાથે જૂઠો વાયદો કર્યો. અને (જે) જૂઠ બોલતા હતા તેનો બદલો[૨૫૩] (૭૭) શું તેમને ખબર નથી કે અલ્લાહ તેમના દિલની છુપી (વાત) અને તેમના કાનફુસીયા જાણે છે? અને એ કે અલ્લાહ સમસ્ત ગૈબોને ખૂબ જ જાણનાર છે?[૨૫૪] (૭૮) તો જેઓ ઐબ લગાડે છે તે મુસલમાનોને કે જેઓ દિલપૂર્વક ખૈરાત કરે છે.[૨૫૫] અને તેમને જેઓ પોતાની મહેનત વગર પામતા નથી,[૨૫૬] તો તેમની હાંસી કરે છે. અલ્લાહ તેમની હાંસીની સજા આપશે. અને તેમના માટે અઝાબ છે દુઃખદાયક (૭૯) તમે તેમની માફી ઈચ્છો કે ન ઈચ્છો. જો તમે સિત્તેર વખત (પણ) તેમની માફી ઈચ્છશો તો (પણ) અલ્લાહ કદાપિ તેમને માફ નહિ કરે.[૨૫૭] આ એટલા માટે કે તેઓએ અલ્લાહ અને રસૂલને નકાર્યા. અને અલ્લાહ ફાસિકોને માર્ગ આપતો નથી[૨૫૮] (૮૦) પાછળ રહી જનારાઓ એથી ખુશ થયા કે તેઓ રસૂલની પાછળ (રહી



إِلَىٰ يَوْمِ يَلْقَوْنَهُ بِمَا أَخْلَفُوا اللَّهَ مَا وَعَدُوهُ
وَبِمَا كَانُوا يَكْذِبُونَ ﴿٧٧﴾ أَلَمْ يَعْلَمُوا أَنَّ اللَّهَ يَعْلَمُ
سِرَّهُمْ وَنَجْوَاهُمْ وَأَنَّ اللَّهَ عَلَّامُ الْغُيُوبِ ﴿٧٨﴾ الَّذِينَ
يَلْمِزُونَ الْمُطَّوِّعِينَ مِنَ الْمُؤْمِنِينَ فِي الصَّدَقَاتِ
وَالَّذِينَ لَا يَجِدُونَ إِلَّا جُهْدَهُمْ فَيَسْخَرُونَ
مِنْهُمْ سَخِرَ اللَّهُ مِنْهُمْ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٧٩﴾
اسْتَغْفِرْ لَهُمْ أَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ إِنْ تَسْتَغْفِرْ
لَهُمْ سَبْعِينَ مَرَّةً فَلَنْ يَغْفِرَ اللَّهُ لَهُمْ ذَٰلِكَ
بِأَنَّهُمْ كَفَرُوا بِاللَّهِ وَرَسُولِهِ وَاللَّهُ لَا يَهْدِي
الْقَوْمَ الْفَاسِقِينَ ﴿٨٠﴾ فَرِحَ الْمُخَلَّفُونَ بِمَقْعَدِهِمْ
خِلَافَ رَسُولِ اللَّهِ وَكَرِهُوا أَنْ يُجَاهِدُوا

૨૫૧. જે તેમને અલ્લાહના અઝાબથી બચાવી શકે.

૨૫૨. **શાને નુઝૂલ** :- ષઅલ્બહ બિન હાતિબે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને વિનંતિ કરી કે તેમના માટે માલદાર થવાની દુઆ કરે. હુઝૂરે ફરમાવ્યું કે; 'અય ષઅલ્બહ! થોડી દોલત કે તુ જેનો શુક્ર અદા કરે, તે એવી વધારે દોલતથી ઉત્તમ છે કે જેનો શુક્ર અદા કરી શકે નહિ. ષઅલ્બહએ ફરી હાજર થઈને એ જ વિનંતી કરી, અને કહ્યું; 'તેના સોગંદ! જેણે આપને સાચા નબી બનાવીને મોકલ્યા, કે જો તે મને ધન આપશે તો હું પ્રત્યેક હકદારનો હક અદા કરીશ.' હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે દુઆ ફરમાવી. અલ્લાહ તઆલાએ તેમની બકરીઓમાં બરકત આપી, અને તે એટલી વધી ગઈ કે મદીનામાં તેમના માટે મોકળાશ રહી નહિ. સલબા તેમને લઈને જંગલમાં ચાલ્યો ગયો, અને જુમ્આ તેમજ જમાઅતની હાજરીથી વંચિત બની ગયો. હુઝૂરે ફરમાવ્યું; 'ષઅલ્બહ પર અફસોસ!' પછી જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ઝકાત ઉઘરાવનારને મોકલ્યા ત્યારે બધા લોકોએ તેમને પોતપોતાના સદકાઓ (ઝકાત વિ. આપ્યા. જ્યારે ષઅલ્બહ પાસે જઈને તેમણે ઝકાતની માંગણી કરી ત્યારે તેણે કહ્યું; 'આ તો ટેક્સ થઈ ગયો જાઓ હું વિચારીશ.' જ્યારે તે લોકો હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં પરત આવ્યા ત્યારે તેઓ કંઈ કહે ત્યાર પહેલાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે બે વખત ફરમાવ્યું; 'ષઅલ્બહ પર અફસોસ' ત્યારે આ આયત ઉતરી. પછી ષઅલ્બહ્ ઝકાત લઈને હાજર થયો ત્યારે હુઝૂરે ફરમાવ્યું; 'અલ્લાહ તઆલાએ મને એનો સ્વીકાર કરવાની મનાઈ ફરમાવી છે.' તે પોતાના માથા પર ધૂળ નાખીને પાછો ફર્યો પછી તે ઝકાતને હઝરત સિદ્દીક અકબરની ખિલાફતના સમયે પાછો લાવ્યો. તેમણે પણ એ સ્વીકાર્યું નહિ.

واعلموا ١٠ التوبة ٩

بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ وَقَالُوا
لَا تَنفِرُوا فِي الْحَرِّ قُلْ نَارُ جَهَنَّمَ أَشَدُّ حَرًّا
لَّوْ كَانُوا يَفْقَهُونَ ﴿٨١﴾ فَلْيَضْحَكُوا قَلِيلًا وَلْيَبْكُوا
كَثِيرًا جَزَاءً بِمَا كَانُوا يَكْسِبُونَ ﴿٨٢﴾ فَإِن رَّجَعَكَ
اللَّهُ إِلَىٰ طَائِفَةٍ مِّنْهُمْ فَاسْتَأْذَنُوكَ لِلْخُرُوجِ
فَقُل لَّن تَخْرُجُوا مَعِيَ أَبَدًا وَلَن تُقَاتِلُوا
مَعِيَ عَدُوًّا إِنَّكُمْ رَضِيتُم بِالْقُعُودِ أَوَّلَ مَرَّةٍ
فَاقْعُدُوا مَعَ الْخَالِفِينَ ﴿٨٣﴾ وَلَا تُصَلِّ عَلَىٰ أَحَدٍ
مِّنْهُم مَّاتَ أَبَدًا وَلَا تَقُمْ عَلَىٰ قَبْرِهِ إِنَّهُمْ كَفَرُوا
بِاللَّهِ وَرَسُولِهِ وَمَاتُوا وَهُمْ فَاسِقُونَ ﴿٨٤﴾ وَلَا تُعْجِبْكَ
أَمْوَالُهُمْ وَأَوْلَادُهُمْ إِنَّمَا يُرِيدُ اللَّهُ أَن يُعَذِّبَهُم

**જઈને) બેસી પડયા.[૨૫૯] અને તેમને સારું લાગ્યું નહિ કે પોતાના ધન અને પ્રાણ વડે અલ્લાહના માર્ગમાં લડે. અને બોલ્યા; 'આવી ગરમીમાં નીકળશો નહિ' તમે ફરમાવો; 'જહન્નમની આગ સહુથી વધારે ગરમ છે' કોઈ રીતે તેમને સમજ પડત![૨૬૦] તો તેમને થોડું હસવું જોઈએ અને રડવું વધારે જોઈએ.[૨૬૧] તેઓ જે કમાતા હતા તેનો બદલો[૨૬૨] (૮૨) પછી અય મહબૂબ![૨૬૩] જો અલ્લાહ તમને એમના[૨૬૪]માંથી કોઈ જુથ તરફ પાછા લઈ જાય, અને તેઓ[૨૬૫] તમારી પાસે જિહાદમાં નીકળવાની પરવાનગી માંગે, તો તમે કહેજો કે કદી મારી સાથે ન આવો, અને કદાપિ મારી સાથે કોઈ દુશ્મન સામે ન લડો. તમે પ્રથમ વાર બેસી રહેવાનું પસંદ કર્યુ તો બેસી રહો પાછળ રહી જનારાઓની સાથે[૨૬૬] (૮૩) અને એમનામાંથી કોઈની મય્યત પર કદી નમાઝ પડશો નહિ, અને ન તો તેની કબર પર ઉભા રહેશો. બેશક! (તેઓ) અલ્લાહ અને રસૂલના મુન્કિર બન્યા અને ફિસ્ક (ના ફરમાની) માં જ મરી પરવાર્યા[૨૬૭] (૮૪) અને આશ્ચર્ય કરશો નહિ એમની દોલત અને ઔલાદથી. અલ્લાહ**

ફરી ફારૂકે આઝમની ખિલાફત વખતે લાવ્યો, તેમણે પણ સ્વીકારવાની ના પાડી. અને હઝરત ઉસ્માનના ખિલાફતના સમયમાં એ માણસ નાશ પામ્યો. (મદારિક)

૨૫૩. ઈમામ ફખરૂદ્દીન રાઝીએ ફરમાવ્યું કે, આ આયતથી સાબિત થાય છે કે વચનભંગ અને વાયદા ખિલાફીથી નિફાક જન્મે છે. જેથી મુસલમાનોએ એનાથી વેગળુ રહેવું અનિવાર્ય છે. વચન પુરૂં કરે અને વાયદો પુરો કરવાનો સંપૂર્ણ પ્રયત્ન કરે.

હદીષ શરીફમાં છે કે મુનાફિકના ત્રણ ચિન્હો છે (૧) જ્યારે વાત કરે ત્યારે જૂઠ બોલે (૨) જ્યારે વાયદો કરે ત્યારે ભંગ કરે (૩) જ્યારે તેના પાસે અમાનત મૂકવામાં આવે ત્યારે તેમાં ખયાનત કરે.

૨૫૪. તેનાથી કશું છાનું નથી, મુનાફિકોના દિલોની વાત પણ જાણે છે. અને તેઓ અંદર અંદર એક બીજાને કહે તે પણ જાણે છે.

૨૫૫. **શાને નુઝૂલ :-** જ્યારે સદકાની આયત ઉતરી ત્યારે લોંકો સદકાઓ લાવ્યા. અમુક લોકો ઘણુ વધારે લાવ્યા. તેમને મુનાફિકોએ રિયાકાર (દંભી) કહયા. અને અમુક લોક એક સાઅ (માપ) લાવ્યા. ત્યારે તેમના વિષે કહયુ કે અલ્લાહને આટલાની શુ પરવાહ? ત્યારે આ આયત ઉતરી.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા કહે છે કે, જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે લોકોને સદકાનો શોખ અપાવ્યો ત્યારે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ચાર હજાર દિરહમ લાવ્યા, અને કહ્યું; 'યા રસૂલલ્લાહ! મારો કુલ માલ આઠ હજાર દિરહમ હતો. ચાર હજાર તો આ અલ્લાહના માર્ગમાં હાજર છે. અને ચાર હજાર મેં ઘરના માણસો માટે રાખ્યા છે.' હુઝૂરે ફરમાવ્યું; 'તમે જે આપ્યું અલ્લાહ તેમાં

بها في الدنيا وتزهق انفسهم وهم كفرون ٨٥
واذا انزلت سورة ان امنوا بالله وجاهدوا مع
رسوله استاذنك اولوا الطول منهم وقالوا ذرنا
نكن مع القعدين ٨٦ رضوا بان يكونوا مع
الخوالف وطبع على قلوبهم فهم لا يفقهون ٨٧
لكن الرسول والذين امنوا معه جاهدوا
باموالهم وانفسهم واولئك لهم الخيرت
واولئك هم المفلحون ٨٨ اعد الله لهم جنت
تجري من تحتها الانهر خلدين فيها
ذلك الفوز العظيم ٨٩ وجاء المعذرون
من الاعراب ليؤذن لهم وقعد الذين

એ જ ઈચ્છે છે કે એનાથી દુનિયામાં તેમના પર વબાલ લાવે, અને કુફ્ર પર જ તેમનો શ્વાસ નીકળી જાય (૮૫) અને જ્યારે કોઈ સૂરત ઉતરે કે; અલ્લાહ પર ઈમાન લાવો અને તેના રસૂલની સાથે રહીને જિહાદ કરો. તો તેમના શક્તિશાળી તમારી પાસે રજા માંગે છે. અને કહે છે કે; અમને મૂકી દો કે બેસી રહેનારાઓ સાથે થઈ જઈએ (૮૬) તેમને ગમ્યું કે પાછળ રહેનાર સ્ત્રીઓ સાથે થાય, અને તેમના હૃદયો પર મોહર મારી દેવામાં આવી.[૨૬૮] તો તેઓ કશું સમજતા નથી[૨૬૯] (૮૭) પરંતુ રસૂલ અને જે તેમની સાથે ઈમાન લાવ્યા, તેમણે પોતાની દોલત અને પ્રાણો વડે જિહાદ કર્યું. અને તેમના જ માટે ભલાઈઓ છે[૨૭૦] અને એ લોકો જ ધ્યેયને વર્યા (૮૮) અલ્લાહે તેમના માટે જન્નતો તૈયાર કરી રાખી છે, જેની નીચેથી નહેરો વહે છે. હમેશાં તેમાં રહેશે. મહાન કામના ફળવી તે એ જ છે (૮૯) અને બહાના કાઢનાર ગમારો આવ્યા[૨૭૧] કે તેમને (જિહાદમાં ન જોડાવવાની) પરવાનગી આપવામાં આવે. અને જેઓ અલ્લાહ તેમજ રસૂલ

પણ બરકત આપે, અને જે રહેવા દીધું તેમાં પણ બરકત આપે.' હુઝૂરની દુઆની એવી અસર થઈ કે તેમની દોલત ખૂબ વધી. એટલે સુધી કે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે તેમને બે પત્નીઓ હતી. તેમને તેમની મિલ્કતનો આઠમો ભાગ મળ્યો, જે એક લાખને સાઠ હજાર દિરહમ હતા.

૨૫૬. અબૂ અકીલ અન્સારી એક સાઅ (માપ) ખજૂર લઈને આવ્યા. અને રસૂલના દરબારમાં વિનંતી કરી કે; મેં આજ રાત્રે પાણી ખેંચવાની મજુરી કરી તેનું મહેનતાણું બે સાઅ ખજૂર મળ્યું. એક સાઅ તો હું ઘરવાળાઓ માટે મૂકીને આવ્યો અને એક સાઅ અલ્લાહના માર્ગમાં હાજર છે. હુઝૂરે એ સદકો સ્વીકાર્યો અને એની કદર કરી.

૨૫૭. **શાને નુઝૂલ :-** જ્યારે ઉપરની આયતો ઉતરી અને મુનાફિકોનું દ્વિમુખીપણું જાહેર થયું અને મુસલમાનો જાણી ગયા. ત્યારે તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં ઉપસ્થિત થઈને કહયું; આપ અમારા માટે ખુદાની પાસે માફી માંગો. ત્યારે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલા તેમને કદાપિ માફી નહિ આપે. તમે માફી ઈચ્છવામાં અતિશયોક્તિ કરશો તો પણ.

૨૫૮. જેઓ ઈમાનમાંથી નીકળી ગએલા હોય, જ્યાં સુધી તેઓ કુફ્ર પર રહે. (મદારિક)

૨૫૯. અને તબૂકની લડાઈમાં ગયા નહિ.

૨૬૦. તો થોડીવારની ગરમી વેઠી લેત અને હમેશાંની આગમાં બળવાથી પોતાને બચાવત.

૨૬૧. અર્થાત દુનિયામાં હરખાવું અને હસવું ગમે તેટલી લાંબી મુદ્દત સુધી હોય પણ આખિરતના રડવા કરતાં તો ઘણું થોડું છે. કારણ કે દુનિયા નાશવંત અને આખિરત અનન્ત અને કાયમ રહેનાર છે.

كَذَبُوا اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ سَيُصِيْبُ الَّذِيْنَ كَفَرُوْا
مِنْهُمْ عَذَابٌ اَلِيْمٌ ۝٩٠ لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَلَا
عَلَى الْمَرْضٰى وَلَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ
مَا يُنْفِقُوْنَ حَرَجٌ اِذَا نَصَحُوْا لِلّٰهِ وَرَسُوْلِهٖ ؕ مَا عَلَى
الْمُحْسِنِيْنَ مِنْ سَبِيْلٍ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٩١
وَّلَا عَلَى الَّذِيْنَ اِذَا مَآ اَتَوْكَ لِتَحْمِلَهُمْ قُلْتَ منزل ٢
لَآ اَجِدُ مَآ اَحْمِلُكُمْ عَلَيْهِ ۪ تَوَلَّوْا وَّاَعْيُنُهُمْ تَفِيْضُ
مِنَ الدَّمْعِ حَزَنًا اَلَّا يَجِدُوْا مَا يُنْفِقُوْنَ ۝٩٢ ؕ
اِنَّمَا السَّبِيْلُ عَلَى الَّذِيْنَ يَسْتَاْذِنُوْنَكَ وَهُمْ
اَغْنِيَآءُ ۚ رَضُوْا بِاَنْ يَّكُوْنُوْا مَعَ الْخَوَالِفِ ۙ وَطَبَعَ
اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَعْلَمُوْنَ ۝٩٣

સામે જૂઠ બોલ્યા હતા તે બેસી રહયા.[૨૭૨] એમનામાંના કાફિરોને જલ્દી દુઃખદાયક અઝાબ સાંપડશે,[૨૭૩] (૯૦) અશકતો માટે કશો વાંધો નથી,[૨૭૪] અને ન માંદાઓ માટે,[૨૭૫] અને જેમને ખર્ચ કરવાની તાકાત ન હોય તેમના માટે.[૨૭૬] જ્યારે કે (એ બધા) અલ્લાહ અને રસૂલના શુભેચ્છક રહે.[૨૭૭] નેકીવાળાઓ પર કોઈ માર્ગ નથી.[૨૭૮] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૯૧) અને ન તેમના માટે (વાંધો છે) જે તમારી સમક્ષ હાજર થાય કે; તમે તેમને સવારી આપો.[૨૭૯] તમારા પાસેથી જવાબ પામે કે; મારી પાસે કોઈ વસ્તુ નથી જેના પર હું તમને અસ્વાર કરૂં. ત્યારે એવી રીતે પાછા જાય કે તેમની આંખોમાંથી અશ્રુ ઉભરાતાં હોય, એવા દુઃખના કારણે કે (તેમને) ખર્ચવાની શક્તિ નથી (૯૨) પકડ તો તેમની છે જેઓ માલદાર હોવા છતાં તમારી પાસે (બેસી રહેવાની) પરવાનગી માંગે છે.[૨૮૦] તેમને સ્ત્રીઓ સાથે પાછળ બેસી રહેવાનું ગમ્યું. અને અલ્લાહે તેમના દિલો પર મોહર મારી દીધી, તો તેઓ કશું જાણતા નથી[૨૮૧] (૯૩)

૨૬૨. અર્થાત આખિરતનું રૂદન દુનિયાના હાસ્ય અને કુકૃત્યોનો બદલો છે. હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; 'જે હું જાણું છું તે જો તમે જાણત તો થોડું હસત અને વધુ રડત'

૨૬૩. ગઝવએ તબૂક પછી.

૨૬૪. બેસી રહનારાઓ;

૨૬૫. મુનાફિકોનું જુથ જે ગઝવએ તબૂકમાં જવાથી બેસી રહયું હતું.

૨૬૬. સ્ત્રીઓ, બાળકો, માંદાઓ, અને લુલાઓ સાથે.

**મસઅલો** :- આથી સાબિત થયું કે જે માણસ દગો અને મકર કરે તેની સાથેના સંબંધો કાપી નાખવા જોઈએ. અને તે ઈસ્લામી હોવાનો દાવેદાર છે એટલા માત્રથી તેની સાથે નિકટતા રાખવી અને સંબંધો બાંધવા જાઈઝ નથી. એટલા માટે જ અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે જિહાદમાં જવાની મુનાફિકોને પરવાનગી આપી નહિ. 'આજ કાલ અમુક લોકો જે એવું કહે છે કે જે કોઈ કલેમો પઢતું હોય તેને પોતાનામાં લઈ લો અને ઈત્તેફાક અને એકતા રાખો, એ વાત આ આયતની વિરુદ્ધ છે.'

૨૬૭. આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને મુનાફિકોના જનાઝાની નમાઝમાં અને તેમની દફનવિધિમાં ભાગ લેવાની મનાઈ ફરમાવી.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે કાફિરોના જનાઝાની નમાઝ કોઈ પણ પરિસ્થિતિમાં જાઈઝ નથી. અને કાફિરની કબર પર દફન તથા ઝિયારતના માટે ઉભું પણ રહેવું જોઈએ નહિ.

અને આયતમાં જે ફરમાવ્યું છે કે; 'ફિસ્કમાં જ મરી પરવાર્યા તો એમાં ફિસ્કનો અર્થ કુફ્ર છે. કુરઆન મજીદમાં બીજી જગ્યાઓમાં પણ ફિસ્ક કુફ્રના અર્થમાં ઉલ્લેખાયું છે. જેમકે આ આયત અફમન કાન મુઅમિનન કમન કાન ફાસિકા (શું મુઅમિન અને કાફિર સરખા છે?)

**મસઅલો** :- ફાસિક (ગુનેહગાર મુસલમાન) ના જનાઝાની નમાઝ જાઈઝ છે, એ વિષે સહાબા અને તાબઈનની એકમતી છે. ઉલમા એવું કરતા આવ્યા છે. અને એ જ અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે.

**મસઅલો** :- આ આયતથી મુસલમાનોના જનાઝાની નમાઝ જાઈઝ હોવાનું પણ જણાય છે. અને એનું ફર્ઝે કિફાયહ હોવું મશહુર હદીષથી સાબિત છે.

**મસઅલો** :- જે માણસના મુસલમાન કે કાફિર હોવામાં શંકા હોય તેના જનાઝાની નમાઝ પઢવામાં ન આવે.

**મસઅલો** :- જ્યારે કોઈ કાફિર મરી જાય અને તેનો વલી (નજીકનો સગો) મુસલમાન હોય તો તેને સુન્નત મુજબ ગુસલ આપે નહિ, નજાસતની જેમ તેના પર પાણી રેડી આપે, અને સુન્નત મુજબ કફન પણ ન પહેરાવે, સતર છુપાઈ જાય તેટલાં કપડામાં વીંટાવી દે. અને ન સુન્નત તરીકા મુજબ દફન કરે, અને ન તો સુન્નત તરીકા મુજબ કબર બનાવે, ફકત ખાડો ખોદીને દબાવી આપે.

**શાને નુઝૂલ** :- અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ મુનાફિકોનો સરદાર હતો. જ્યારે તે મરી ગયો ત્યારે તેના પુત્ર અબ્દુલ્લાહે જે મુસલમાન નેક અને નિખાલસ સહાબી તેમજ ખૂબ ઈબાદત ગુજાર હતા, તેમણે વિનંતી કરી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પોતાનું પહેરણ મુબારક તેમના બાપના કફન માટે આપે. અને તેની જનાઝાની નમાઝ પણ પઢાવી આપે. હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂનો અભિપ્રાય એથી વિરુદ્ધ હતો. પણ હજુ તે સમય સુધી મનાઈ થઈ ન હતી, અને હુઝૂરને ખબર હતી કે તેમનું એ કાર્ય એક હજાર માણસોના ઈમાન સ્વીકારવાનું કારણ બનશે. જેથી હુઝૂરે પોતાનું પહેરણ મુબારક પણ આપ્યું અને જનાઝામાં પણ ભાગ લીધો. પહેરણ મુબારક આપવાનું એક કારણ એ પણ હતું કે બદ્રની લડાઈમાંથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના કાકા હઝરત અબ્બાસ કેદ પકડાઈને આવ્યા હતા ત્યારે અબ્દુલાલહ બિન ઉબૈએ તેમને પોતાનું પહેરણ પહેરાવ્યું હતું. હુઝૂરને તેનો બદલો પણ વાળી આપવો હતો. ત્યારે આ આયત ઉતરી. અને ત્યાર પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે કોઈપણ મુનાફિકના જનાઝામાં ભાગ લીધો નથી. અને હુઝૂરની દ્રષ્ટિ સમક્ષ જે રહસ્ય હતું તે પણ જાહેર થયું કે જ્યારે કાફિરોએ જોયું કે આવો સખ્ત દુશ્મન માણસ પણ હુઝૂરના પહેરણ મુબારકથી બરકત મેળવવા માંગે છે, તો એની માન્યતામાં પણ આપ અલ્લાહના હબીબ અને તેના સાચા રસૂલ છે. એવું વિચારીને એક હજાર કાફિર મુસલમાન બની ગયા.

૨૬૮. તેમના કુફ્ર અને નિફાક ધારણ કરવાના કારણે.

૨૬૯. કે જિહાદમાં કેવી સફળતા અને નેકબખ્તી તેમજ બેસી રહેવામાં કેવો વિનાશ અને બદ-બખ્તી છે.

૨૭૦. બન્ને જહાનની.

૨૭૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં, જિહાદમાં જોડાયા નહિ તેનું બહાનું કાઢવા. ઝહાકનું કથન છે કે એ આમિર બિન તુફૈલની ટોળી હતી. તેણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને વિનંતી કરી; 'યા રસૂલલ્લાહ! જો અમે આપની સાથે જિહાદમાં આવીએ તો તય કબીલાના અરબો અમારી સ્ત્રીઓ, બાળકો અને જાનવરો લૂંટી લેશે' હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું;

અલ્લાહે મને તમારી બાબત ખબર આપી દીધી છે, અને તે મને તમારાથી બેનિયાઝ કરશે.

ઉમર બિન અલાઅએ કહ્યું છે કે, તેમણે ખોટું બહાનું રજુ કર્યું હતું.

૨૭૨. આ બીજા જુથનો હેવાલ છે, જેઓ કોઈ પણ કારણ વગર બેસી રહયા, તેઓ મુનાફિક હતા, તેમને બનાવટથી ઈમાનનો દાવો કર્યો હતો.

૨૭૩. દુનિયામાં કત્લ થવાનો અને આખિરતમાં જહન્નમનો.

૨૭૪. જૂઠાઓના હેવાલ પછી હવે સત્ય કારણવાળાઓ માટે ફરમાવ્યું કે તેમના માથેથી જિહાદનું ફરજિયાતપણું ઉતરી ગએલું છે, તેઓ કોણ છે? તેના અમુક વર્ગો વર્ણવ્યા. પ્રથમ અશક્ત જેમ કે વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ, અને એમાં એવા માણસનો સમાવેશ પણ થાય છે જે જન્મથી જ અશક્ત, દુબળો અને બિન ઉપયોગી હોય.

૨૭૫. આ બીજો વર્ગ છે જેમાં આંધળા, લંગડા અને લુલા પણ શામેલ છે.

૨૭૬. અને જિહાદનો સરસામાન મેળવી શકે નહિ, એવા લોકો રહી જાય તો એમના પર કશો ગુનોહ નથી.

૨૭૭. એમની આજ્ઞા માને અને મુજાહિદોના ઘરવાળાઓની દેખભાળ રાખે.

૨૭૮. પકડ કરવાનો.

૨૭૯. **શાને નુઝૂલ** :- હુઝૂરના સહાબામાંથી અમુક માણસો જિહાદમાં જવા માટે આવ્યા. તેમણે હુઝૂરને સવારી આપવાની વિનંતી કરી. હુઝૂરે ફરમાવ્યું, મારી પાસે તમને સવાર કરાવું એવું કશું નથી. ત્યારે તેઓ રડતા રડતા પાછા ગયા. તેમના વિષે આ આયત ઉતરી.

૨૮૦. જિહાદમાં જવાની શક્તિ ધરાવે છે છતાં;

૨૮૧. કે જિહાદમાં શું ફાયદો અને સવાબ છે.